અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

02 MAY-2026 SATURDAY | Vol. : 17 | Issue : 299 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રી: પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3  ઈરાન પર હાઈપરસોનિક મિસાઈલોથી હુમલો કરવાની તૈયારીમાં US : ઈરાનના મોટા નેતાઓ ટાર્ગેટ પર, અમેરિકી સેનાએ ટ્રમ્પને પ્લાન જણાવ્યો

4  સતી વિધાન મુજબ સંસારનાં ત્રણ રત્ન વિદ્યા, શ્રી, અને દુર્ગા! અને રીતે માં રત્નાવલી સતી છે

6  પ્રિયંકાએ જાહેરમાં પહેલીવાર પર્સનો પટારો ખોલ્યો! : નજરથી બચવા માટે કાળો દોરો-હનુમાન ચાલીસા

7  એર ઈન્ડિયા હવે દરરોજ 100 ફ્લાઈટ્સ ઘટાડશે : કારણ-ઈંધણના વધતા ભાવ અને સ્પેરપાર્ટ્સની અછત; ઓસ્ટ્રેલિયા, યુરોપ અને અમેરિકાના રૂટને અસર થશે

## સુવેન્દુ અધિકારી કોલકાતાના સ્ટ્રોંગ રૂમમાં પહોંચ્યા

# બંગાળમાં 15 બૂથ પર કાલે ફરી મતદાન

# મમતા ગઈકાલે અહીં 4 કલાક રોકાયા હતા

### સ્ટ્રોંગ રૂમમાંથી બહાર આવીને સુવેન્દુ બોલ્યા- બંગાળ 15 વર્ષમાં બરબાદ થયું

### ભાજપના નેતા સુવેન્દુ અધિકારી સખાવત મેમોરિયલ સ્કૂલના સ્ટ્રોંગ રૂમમાં પહોંચ્યા

**નવી દિલ્હી તા.01**

મમતા બેનર્જી રાત્રે 8 વાગ્યાની આસપાસ કોલકાતાની સખાવત મેમોરિયલ સ્કૂલ પહોંચ્યા. આ ભવાનીપુર વિધાનસભા મતવિસ્તારનું મતગણતરી કેન્દ્ર છે. ભાજપના નેતા અને ભવાનીપુરના ઉમેદવાર સુવેન્દુ અધિકારી તેમના એજન્ટ સાથે કોલકાતાની સખાવત મેમોરિયલ સ્કૂલના સ્ટ્રોંગ રૂમમાં પહોંચ્યા છે. તેઓ અહીં લગભગ 10 મિનિટ રોકાયા. આ જ સ્ટ્રોંગ રૂમમાં ગુરુવારે રાત્રે સીએમ અને ભવાનીપુરના TMC ઉમેદવાર મમતા બેનર્જી 4 કલાક બેઠા હતા. બીજી તરફ, ચૂંટણી પંચે પશ્ચિમ બંગાળના 15 બૂથ પર શનિવારે ફરીથી મતદાન કરાવવાનો નિર્ણય કર્યો છે. વાસ્તવમાં, 29 એપ્રિલે બીજા તબક્કાના મતદાન દરમિયાન ડાયમંડ હાર્બરના 4 અને મગરાહટ પશ્ચિમના 11 બૂથ પર હિંસા, EVM સાથે ચેડા અને અથડામણ થઈ હતી. આ ઉપરાંત, કોલકાતાના સાત EVM સ્ટ્રોંગરૂમમાં સુરક્ષા સઘન કરવામાં આવી છે. પોલીસે 200 મીટરના દાયરામાં 5 કે તેથી વધુ લોકોના એકઠા થવા પર પ્રતિબંધ મૂક્યો છે. સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સિસ (CAPF)ની લગભગ 700 કંપનીઓ તૈનાત કરવામાં આવી છે. પ્રશાસને આ નિર્ણય ખુદીરામ અનુશીલન કેન્દ્રના સ્ટ્રોંગ રૂમની બહાર ગુરુવારે રાત્રે TMC અને BJP કાર્યકર્તાઓના 5 કલાકના વિરોધ પ્રદર્શન પછી લીધો છે.

TMC એ X પર વીડિયો શેર કરતા લખ્યું- આ ધોળા દિવસે લોકશાહીની હત્યા છે. CCTV ફૂટેજ પરથી આ સામે આવ્યું છે કે ભાજપ ચૂંટણી પંચ સાથે મળીને અધિકૃત



પક્ષના પ્રતિનિધિઓની ગેરહાજરીમાં બેલેટ બોક્સ ખોલી રહી છે. આ ખુલ્લો ચૂંટણી કૌભાંડ છે, જે ચૂંટણી પંચની જાણકારી અને સંરક્ષણમાં કરવામાં આવી રહ્યું છે. TMC એ આ ફૂટેજ કોલકાતાના નેતાજી ઈન્ડોર સ્ટેડિયમ પાસે ખુદીરામ અનુશીલન કેન્દ્રમાં બનેલા EVM સ્ટ્રોંગ રૂમનો હોવાનો દાવો કર્યો. પાર્ટીએ કહ્યું કે ભાજપ ચૂંટણી જીતવા માટે EVM સાથે ચેડાં કરી રહી છે. પરંતુ આ બંગાળ છે. મહારાષ્ટ્ર, દિલ્હી કે બિહાર નથી.

હલ્દિયાના DCRC સેન્ટરમાં એક મહિલા નકલી ID કાર્ડથી પ્રવેશી

હલ્દિયામાં શનિવારે એક અજાણી મહિલા ડિસ્ટ્રિબ્યુશન રિસેપ્શન સેન્ટર (DCRC)માં પ્રવેશી. સુરક્ષાકર્મીઓએ જ્યારે પૂછપરછ કરી ત્યારે તેણે પોતાને પશ્ચિમ બંગાળ IT ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડિપાર્ટમેન્ટની કર્મચારી તરીકે ઓળખાવી. અંતે તેને તૃણમૂલ કોંગ્રેસના લોકોએ રોકી, ત્યારબાદ ચૂંટણી પંચના અધિકારીઓ આવ્યા અને કહ્યું કે આ એક ભૂલ હતી અને તે અજાણતા ત્યાં આવી ગઈ હતી. જોકે, બાદમાં જાણવા મળ્યું કે મહિલાનું ID કાર્ડ નકલી હતું અને તે અંદરના જ કોઈ વ્યક્તિ દ્વારા બનાવવામાં આવ્યું હતું. હલ્દિયાના આ સ્ટ્રોંગ રૂમમાં નંદીગ્રામની સાથે પૂર્વ મેદિનીપુરના ઘણા વિધાનસભા ક્ષેત્રોની EVM રાખવામાં આવી છે.

ECનો નિર્દેશ- મતગણતરી દરમિયાન ઓબ્ઝર્વર્સને પોતે હાજર રહેવું પડશે

ચૂંટણી પંચે મતગણતરીના દિવસે ઓબ્ઝર્વર્સ માટે વિશેષ નિર્દેશો જારી કર્યા છે. દરેક રાઉન્ડની મતગણતરી દરમિયાન સંબંધિત ઓબ્ઝર્વર્સને સ્થળ પર પોતે હાજર રહેવું પડશે. માત્ર હાજર રહેવું જ નહીં, દરેક તબક્કાની તપાસ પણ તેમને પોતે જ કરવી પડશે. મતગણતરીના આંકડાઓમાં કોઈપણ પ્રકારની ગડબડ કે તફાવત જોવા મળે તો તેની જવાબદારી પણ સંબંધિત ઓબ્ઝર્વર્સની રહેશે.

જે બૂથો પર થોડા સમય માટે સીસીટીવી કે કેમેરા બંધ થઈ ગયા હતા, તેમાંથી ઓછામાં ઓછા એક બૂથ પર ફૂટેજ અટકતા પહેલા મતદાન ટકાવારી લગભગ 56થી 58 ટકા હતી. પછી જ્યારે કેમેરા ફરીથી ચાલુ થયા, ત્યારે મતદાન ટકાવારીમાં અચાનક ઘણો વધારો નોંધાયો.

## રાજનાથે કહ્યું - ઓપરેશન સિંદૂર અમારી મરજીથી રોક્યું

### ન્યુક્લિયર હુમલાથી ડર્યા નથી; ભારત ITનું હબ જ્યારે પાકિસ્તાન ઈન્ટરનેશનલ ટેરરિઝમનું



**નવી દિલ્હી, તા.01**

રક્ષા મંત્રી રાજનાથ સિંહે ગુરુવારે કહ્યું કે ભારતે ઓપરેશન સિંદૂરને પોતાની મરજી અને પોતાની શરતો પર રોક્યું હતું. તેમણે એમ પણ કહ્યું કે જો જરૂર પડી તો દેશ પાકિસ્તાન વિરુદ્ધ લાંબી લડાઈ માટે સંપૂર્ણપણે તૈયાર છે.

રાજનાથ સિંહે કહ્યું કે પાકિસ્તાન તરફથી પરમાણુ હુમલાની ધમકી આપવામાં આવી હતી, પરંતુ ભારત તેનાથી ડર્યું નહીં. તેમણે કહ્યું કે ભારતીય સેનાની સર્જ કેપેસિટી (અચાનક તાકાત વધારવાની ક્ષમતા) પહેલા કરતા વધુ મજબૂત છે.

રાજનાથે કહ્યું- ભારત આજે ઈન્ફોર્મેશન ટેકનોલોજી (IT) માટે જાણીતું છે જ્યારે પાકિસ્તાનને 'IT એટલે કે ઈન્ટરનેશનલ ટેરરિઝમ'નું કેન્દ્ર માનવામાં આવે છે.

રાજનાથે કહ્યું- આતંકવાદનું મૂળ તેની વિચારધારા

સિંહે કહ્યું કે ઓપરેશન સિંદૂર એક ટર્નિંગ પોઈન્ટ હતું, જેણે દુનિયાને બતાવ્યું કે ભારત હવે માત્ર નિવેદનો આપનારો દેશ નથી, પરંતુ સીધી કાર્યવાહી કરે છે. રક્ષા મંત્રીએ કહ્યું કે વડાપ્રધાનના નેતૃત્વમાં સરકારની નીતિ સ્પષ્ટ છે. દેશમાં કોઈપણ આતંકી હુમલાને સહન કરવામાં આવશે નહીં. જરૂર પડ્યે કડક અને સીધી કાર્યવાહી કરવામાં આવશે. આતંકવાદનું મૂળ તેની વિચારધારા અને રાજકીય સમર્થનમાં હોય છે. તેને ખતમ કર્યા વિના આતંકવાદ સંપૂર્ણપણે ખતમ કરી શકાતો નથી.

ઓપરેશન સિંદૂરમાં 9 આતંકી ઠેકાણાં ઉડાવી દીધા હતા

રક્ષા મંત્રીએ જણાવ્યું કે ગયા વર્ષે પહેલગામમાં થયેલા આતંકી હુમલાના જવાબમાં ભારતે ઓપરેશન સિંદૂર ચલાવ્યું હતું. ઓપરેશન 7 મે 2025 ના રોજ શરૂ થયું હતું.

# આગ્રામાં મહિલાઓએ સ્માર્ટ મીટર કાઢીને ફેંકી દીધા

### સેંકડો મહિલાઓ મીટર લઈને વીજળી ઓફિસ પહોંચી, અખિલેશે કહ્યું- જનતા હાલ સ્માર્ટ મીટર તોડી રહી છે

**આગ્રા, તા.01**

આગ્રામાં લોકોએ સ્માર્ટ મીટર મામલે હોબાળો મચાવ્યો હતો. આગ્રામાં વીજળી વિભાગના સ્માર્ટ મીટર મામલે વિરોધ વધી રહ્યો છે. શુક્રવારે શહેરથી 20 કિમી દૂર અકોલામાં સેંકડો મહિલાઓએ ઘરોમાંથી સ્માર્ટ મીટર કાઢી નાંખ્યા હતા. મહિલાઓ માથા પર મીટર લઈને ગામની વીજળી ઓફિસે પહોંચી ગઈ અને ત્યાં મીટર ફેંકી દીધા હતા. સ્માર્ટ મીટરને લઈને લોકોમાં એટલો ગુસ્સો હતો કે ઘણા લોકો કોથળામાં ભરીને પણ સ્માર્ટ મીટર લઈને પહોંચ્યા અને તેમને ફેંકીને વિરોધ નોંધાવ્યો. આ પછી મહિલાઓ અને ગ્રામજનો ધરણા પર બેસી ગયા. વીજળી વિભાગ વિરુદ્ધ ઉગ્ર નારેબાજી કરી.



મહિલાઓએ કહ્યું- સ્માર્ટ મીટર સહન નથી થાય. સ્માર્ટ મીટરોની વ્યવસ્થાને તાત્કાલિક અસરથી રોકવામાં આવે અને વીજળી બિલમાં થઈ રહેલી ગોટાળાઓની તપાસ કરાવવામાં આવે.

અખિલેશ યાદવે કહ્યું- જનતા હાલ સ્માર્ટ મીટર તોડી રહી છે, આગળની વખતે EVM

સપાના વડા અખિલેશ યાદવે X પર કહ્યું: 'ભાજપ સરકારે જનતાને લૂંટવા માટે ટેકનોલોજીનો દુરુપયોગ કર્યો છે. તેમણે પ્રીપેડ મીટરના નામે વીજળીમાં ભ્રષ્ટાચાર ફેલાવ્યો છે. હવે જનતાએ તેમની ચોરી પકડી લીધી છે. આ વખતે તેઓ સ્માર્ટ મીટર તોડી રહ્યા છે, આગલી વખતે EVM તોડશે.

સ્માર્ટ મીટરનો વિરોધ કેમ થઈ રહ્યો છે.

ગ્રામજનો કહે છે કે સ્માર્ટ મીટર ખૂબ ઝડપથી ચાલે છે. ઓછા ઉપયોગ છતાં પણ તેના કારણે બિલ વધારે આવે છે. ક્યારેક, ઉપયોગ કર્યા વિના પણ બેલેન્સ પુરુ થઈ જાય છે. લોકો કહે છે કે બેલેન્સ માઈનસમાં જતાની સાથે જ વીજ પુરવઠો કાપી નાખવામાં આવે છે. રિચાર્જ કર્યા પછી પણ, ઘણીવાર સપ્લાય તાત્કાલિક ફરી શરુ થતો નથી. સ્માર્ટ મીટરના વિરોધના મહિનાઓ પછી રાજ્ય સરકારે એક નવો આદેશ જારી કર્યો. આ આદેશ મુજબ, 1 કિલોવોટ સુધીના કનેક્શનો પર 30 દિવસ સુધી અને 2 કિલોવોટ પર 200 માઈનસ હોવા પર પણ વીજળી કાપવામાં આવશે નહીં. આગ્રાના અકોલા શહેરના ગ્રામજનો કહે છે કે સ્માર્ટ મીટર લગાવવાથી તેમના વીજળીના બિલમાં વધારો થઈ રહ્યો છે અને તેમના નાણાકીય ખર્ચ પર ભારણ પડી રહ્યું છે. તેમણે માંગ કરી છે કે જૂના મીટર જાળવી રાખવામાં આવે અને વીજળી વિભાગ તેમની સમસ્યાઓનું નિરાકરણ લાવે.

## MP-જબલપુરમાં ક્રુઝ ડૂબ્યું, 9 મૃતદેહ મળ્યા : લાઈફ જેકેટમાં 4 વર્ષના દીકરાને છાતીએ લગાવેલો માતાનો મૃતદેહ મળ્યો; PMએ દુઃખ વ્યક્ત કર્યું

**જબલપુર, તા.01**

જબલપુરના બરગી ડેમ ખાતે ગુરુવારે ભારે વાવાઝોડાને કારણે ક્રૂઝ ડૂબી ગયું હતું. મધ્ય પ્રદેશના જબલપુર ખાતે બરગી ડેમમાં ગુરુવારે સાંજે પર્યટન વિભાગનું એક ક્રુઝ અચાનક આવેલા ભારે વાવાઝોડાને કારણે ડૂબી ગયું. અત્યાર સુધીમાં 9 મૃતદેહો મળી આવ્યા છે. 28 લોકોને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા છે. તંત્ર મુજબ, 4 લોકો હજુ પણ ગુમ છે. જણાવવામાં આવી રહ્યું છે કે દુર્ઘટના સમયે ક્રુઝમાં લગભગ 43 થી 47 પ્રવાસીઓ સવાર હતા, અને ફક્ત 29 લોકોને જ ટિકિટ અપાઈ હતી.

દુર્ઘટના કિનારાથી લગભગ 300 મીટર દૂર થઈ. બરગી સિટી સી. એસ.પી. અંજુમ મિશ્રાએ જણાવ્યું કે શરૂઆતી બચાવ કાર્યમાં SDRF એ ઘણા લોકોને બચાવ્યા, પરંતુ અંધારા અને ખરાબ હવામાનને કારણે રાહત કાર્યને અસર થઈ હતી. શુક્રવારે સવારે ફરીથી રેસ્ક્યૂ ચાલુ છે. આ દરમિયાન, રાજ્યના પ્રવાસન મંત્રી ધર્મેન્દ્ર લોધી



જબલપુર પહોંચ્યા છે, પરંતુ તેમનું આશ્ચર્યજનક નિવેદન સામે આવ્યું છે. એક સવાલના જવાબમાં તેમણે કહ્યું, નર્મદામાં પેટ્રોલ અને ડીઝલ બોટ પર પ્રતિબંધ છે. તેમને આ વાતની ખબર નથી.

દુર્ઘટના મામલે PM મોદીએ દુઃખ વ્યક્ત કર્યું

PM નરેન્દ્ર મોદીએ આ દુર્ઘટના પર દુઃખ વ્યક્ત કર્યું. તેમણે પ્રધાનમંત્રી રાહત ભંડોળમાંથી મૃતકોના પરિવારજનોને 2 લાખ અને ઘાયલોને 50,000 ની સહાયની જાહેરાત કરી છે.

લાઈફ જેકેટમાં લપેટાયેલો 4 વર્ષના પુત્ર સાથે માતાનો મૃતદેહ મળ્યો.

આ અકસ્માતમાં મરીના મેસી અને તેના ચાર વર્ષના પુત્ર ત્રિશાનનું પણ મૃત્યુ થયું હતું. આજે સવારે તેમના મૃતદેહ મળ્યા. પોતાના લાઈફ જેકેટમાં માતાએ બાળકને છાતીએ લગાવી દીધું હતું. જ્યારે બચાવ ટીમે તેમને બહાર કાઢ્યા ત્યારે તેમના મૃતદેહ એકબીજાના હાથમાં લપેટાયેલા હતા. પરિવાર દિલ્હીથી મુલાકાત માટે આવ્યો હતો. પિતા પ્રદીપ મેસી અને પુત્રી સિયા બચવામાં સફળ રહ્યા.

સેના અને સ્પેશિયલ ટીમોએ મોરચો સંભાળ્યો

દુર્ઘટનાની ગંભીરતાને જોતા સ્થાનિક પ્રશાસન સાથે હવે રાષ્ટ્રીય સ્તરની ટીમો પણ તહેનાત કરવામાં આવી છે.



# પ્રેમ, દેહ વેપાર ને ભૂતની મર્ડર મિસ્ટ્રી 34 વર્ષે ખૂલી : રાત્રે બાજુમાં સુઈને પત્નીને પતાવી દઈ કૂવામાં લાશ નાખી ચણતરકામ કર્યું

## શમસુદ્દીન નામના શખ્સે પત્નીના દેહ વેપારથી કંટાળી હત્યા કરી દીધી હતી



અમદાવાદ, તા.01

અમદાવાદના વટવામાં આવેલા કુતુબનગરમાં 1992માં પતિએ જ પત્નીની હત્યા કરીને લાશ દાટી હતી. જેનો ભેદ 29 એપ્રિલ, 2026ના રોજ ખુલ્યો હતો. આ મર્ડર મિસ્ટ્રી એક નજરે જોનાર સાક્ષીના કારણે ઉકેલાઈ છે. પતિએ તેના ભાઈ અને મિત્રો સાથે મળીને પત્નીને પતાવી દઈને ઘરમાં જ દાટી દીધી હતી. આ કેસમાં હવે એક નવો ખુલાસો થયો છે. પત્ની દેહ વેપાર સાથે સંકળાયેલી હોવાથી પતિએ તેનાથી છૂટકારો મેળવવા હત્યા કરી હોવાનો પોલીસ તપાસમાં ઘટસ્ફોટ થયો છે. આ હત્યા કેસના ચાર આરોપી પૈકી બે આરોપીના મોત થયા છે. જ્યારે બે આરોપીની અટકાયત કરવામાં આવી છે.

એક વ્યક્તિએ માહિતી આપી ને 10-12 દિવસ તપાસના અંતે ક્લૂ મળ્યો

ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ એ.પી જેબલિયાની ટીમને થોડા સમય અગાઉ માત્ર એટલી માહિતી મળી હતી કે વટવાના કુતુબનગરમાં 34 વર્ષ અગાઉ યુવતીની હત્યા કરી લાશ દાટી દીધી હતી. માત્ર એટલી જ માહિતી હતી અને આટલી જ માહિતીના આધારે ક્રાઈમ બ્રાન્ચ કામે લાગી. ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ અને તેમની ટીમ કુતુબનગરમાં સતત તપાસ કરી રહ્યા હતા.10 થી 12 દિવસ સુધી તપાસ કર્યા બાદ એક મકાન ઘણા વર્ષોથી બંધ હોવાનું ધ્યાને આવ્યું.

આરોપીના પરિવારજનોને મૃતકનો વારંવાર આભાસ થવા લાગ્યો હતો. આ ડરમાંથી મુક્તિ મેળવવા પરિવાર તાંત્રિક વિધિઓનો સહારો લઈ રહ્યો હતો.

અચાનક જ પોલીસ કાફલો જેસીબી લઈને પહોંચ્યો ને ઘરમાં ખોદકામ શરૂ કર્યું

આ બંધ મકાન અંગે આસપાસના લોકોની પૂછપરછ કરી તો જાણવા મળ્યું કે છેલ્લા 8-10 વર્ષથી મકાન બંધ છે અને લોકોને તેમાં ભૂત હોવાનો ડર છે. જેથી અહીં કોઈ રહી શકતું નથી. આ ઘર બંધ બેસતું હોવાની શંકા પડી એટલે ક્રાઈમ બ્રાન્ચના પીઆઈએ ઉચ્ચ અધિકારીઓની પરવાનગી લઈને એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટની હાજરીમાં JCBથી મકાન ખોદવાનું શરૂ કર્યું. 29 એપ્રિલના સવારના 8 વાગ્યાથી ખોદવાની કામગીરી શરૂ કરી જે રાતના 10 વાગ્યા સુધી ચાલી.

જો કે બપોર સુધીમાં તો માત્ર મૃતદેહના નાના અવશેષો મળતા હતા. બપોર બાદ મૃતદેહના મોટા હાડકાં મળવા લાગ્યા. રાત સુધીમાં શરીરના મોટા ભાગના હાડકા મળી ગયા. ક્રાઈમ બ્રાન્ચનું ટીમ સાથે FSLની ટીમ પણ હાજર હતી. આ તમામ અવશેષો ભેગા કરીને અસારવા સિવિલમાં FSL અને DNA માટે મોકલવામાં આવ્યા હતા.

પતિ સાથેનો સંબંધ તોડી પિયર આવી ને દેહ વેપાર શરૂ કર્યો

મૃતદેહ મળવાની કામગીરી પૂરી થતા ક્રાઈમ બ્રાન્ચે શંકાસ્પદ આરોપીઓની પૂછપરછ શરૂ કરી. જેમાં સામે આવ્યું કે વર્ષ 1992માં ધોળકામાં રહેતી 17 વર્ષીય સમીરા(નામ બદલ્યું છે)ના લગ્ન સુરત ખાતે કરાવ્યા હતા. પરંતુ સમીરા લગ્ન સંબંધ તોડી પિયરમાં પરત આવી હતી. તેણીએ પિતાના ઘરે પરત આવીને દેહ વેપાર શરૂ કરી દીધો હતો.

શમસુદ્દીન પૈસા દઈને સંબંધ બાંધતો પ્રેમ થઈ ગયો

જો કે પરિવારને પુત્રીની આ પ્રવૃત્તિ ના ગમતા વિરોધ કરતા હતા. જેથી થોડા સમયમાં જ સમીરા પિતાનું ઘર છોડીને અમદાવાદમાં આવી ગઈ હતી. અમદાવાદમાં આવીને પણ દેહ વેપારની પ્રવૃત્તિ કરતી હતી. આ દરમિયાન સમીરાની મુલાકાત શમસુદ્દીન નામના યુવક સાથે થઈ હતી. શમસુદ્દીન પણ સમીરાને પૈસા આપીને શારીરિક સંબંધ બાંધતો હતો. શરૂઆતમાં બંને વચ્ચે આ રીતે જ સંબંધ થયો હતો. બાદમાં બંને વચ્ચે પ્રેમ થતા બંને લગ્ન કરવાનું નક્કી કર્યું હતું.

લગ્ન બાદ પણ દેહ વેપાર ચાલુ રાખતા પતિ પસ્તાવા લાગ્યો

શમસુદ્દીને સમીરા સાથે દેહ વેપારની પ્રવૃત્તિ ના કરવાની શરતે લગ્ન કરી લીધા હતા. લગ્નના થોડા સમય સુધી બધું બરોબર ચાલી રહ્યું હતું. પરંતુ છ-સાત મહિના બાદ શમસુદ્દીનને જાણ થઈ હતી કે સમીરા હજુ પણ દેહ વેપારની પ્રવૃત્તિઓ કરી રહી છે. શમસુદ્દીને સમીરાને સમજાવી હતી. પરંતુ સમીરા દેહ વેપાર છોડવા તૈયાર નહોતી. જેથી શમસુદ્દીન સમીરાને છૂટા થવાનું કહ્યું હતું ત્યારે પણ સમીરા છૂટા થવાની ના પાડી રહી હતી. શમસુદ્દીનને આ લગ્નનો ભયંકર પસ્તાવો થઈ રહ્યો હતો.

કંટાળીને અંતે પત્નીનો કાંટો કાઢવાનો નિર્ણય કર્યો

શમસુદ્દીન એટલો કંટાળી ગયો કે તેણે પોતાના ભાઈ ઈકબાલ અને મિત્ર અબ્દુલ કરીમને જાણ કરી હતી. આ ત્રણેય શખ્સોએ ભેગા મળીને સમીરાનો કાંટો કાઢી નાંખવાનો નિર્ણય કર્યો હતો. આ ત્રણેય જણાએ હત્યા કરીને જ સમીરાથી છુટકારો મળશે તેવું નક્કી કર્યું હતું.

ત્યાર બાદ ત્રિપુટીએ હત્યા કરવાનો પ્લાન તો બનાવ્યો પરંતુ હત્યા ક્યાં અને કેવી રીતે કરવી તે નક્કી નહોતું.જેથી અબ્દુલ કરીમે જણાવ્યું હતું કે, કુતુબનગરના 10 નંબરના પ્લોટમાં આવેલા મકાનમાં પરિચિત સાલીયાબીબી છે.

# કુખ્યાતના 1 કરોડના ગેરકાયદે બંગલા પર બુલડોઝર ફર્યું : રાજકોટના ભાયાવદરમાં આલિશાન મકાન જમીનદોસ્ત

## 13 ગુનાનો આરોપી અલીમામદ શેઠા હત્યાના પ્રયાસના કેસમાં ફરાર




રાજકોટ, તા.01

રાજકોટ જિલ્લાના ભાયાવદરમાં આજે સવારે તંત્ર દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી હતી. લાંબા સમયથી ગુનાખોરી સાથે સંકળાયેલા એક કુખ્યાત આરોપીના ગેરકાયદે બાંધકામને જમીનદોસ્ત કરી દેવામાં આવ્યું હતું. શરીર સંબંધી 13 જેટલા ગુનામાં સંડોવાયેલ કુખ્યાત આરોપી અલીમામદ તૈયબ શેઠાનું આલીશાન મકાન તોડી પાડવામાં આવ્યું હતું. આરોપી દ્વારા 300 ચોરસ વાર જગ્યામાં આ ગેરકાયદે બંગલો બનાવવામાં આવ્યો હતો. જેની અંદાજિત કિંમત રૂપિયા 1 કરોડ આંકવામાં આવી રહી છે.

આરોપીઓએ દીપેનભાઈ પર હુમલો કર્યો હતો

ગત તા. 30 માર્ચ, 2026ના રોજ પડવલા ગામના રહેવાસી દીપેનભાઈ વિનોદભાઈ માકડીયા પોતાનું વાહન લઈને ઘરે જઈ રહ્યા હતા. આ દરમિયાન ગામની પ્રાથમિક શાળા પાસે આરોપી અલીમામદ શેઠા, તેનો પુત્ર નોમાન અને અન્ય ત્રણ શખ્સોએ 'થાર' ગાડી વડે દીપેનભાઈને પાછળથી ટક્કર મારી પછાડી દીધા હતા. ત્યારબાદ, પૂર્વ આયોજિત કાવતરાના ભાગરૂપે બેઝબોલના ધોકા અને પાઈપ વડે આડેધડ માર મારી ગંભીર ઈજાઓ પહોંચાડી આરોપીઓ ફરાર થઈ ગયા હતા.

અલીમામદ શેઠા સિવાયના આરોપીઓ ઝડપાયા

ભાયાવદર પોલીસે આ મામલે હત્યાની કોશિશનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. જેમાં અત્યાર સુધીમાં પોલીસે નોમાન શેઠા, અલ્તાફ ઉર્ફે અફલો જેડા, અયાન ઉર્ફે સર્વિસ ગણોદવાલા, શાહરૂખ ઉર્ફે મસ્તાન નોઈડા, સોયમ ઉર્ફે સોહિલ ધાવડા સહિત એક સગીર વયના આરોપીની પણ ધરપકડ કરવામાં આવી હતી.

ફરાર આરોપીની ગેરકાયદે મિલકત પર સકંજો

જ્યારે મુખ્ય આરોપી અલીમામદ તૈયબભાઈ શેઠા ધરપકડથી બચવા માટે નાસતો ફરતો હતો. જેથી ગુન્હાની ગંભીરતાને ધ્યાને લઈ રાજકોટ રેન્જ IG નિર્લપ્તિ રાય, જિલ્લા પોલીસ વડા વિજય સિંહ ગુર્જર દ્વારા આરોપીઓનો ગુનાહીત ઈતિહાસ તપાસીને તાત્કાલિક પકડી પાડવા અને તેમની ગેરકાયદે મિલકત બાબતે તપાસ કરવા સૂચના આપી હતી.

# ભીડભંજન ટ્રસ્ટની નિ:શુલ્ક ટિફિન સેવાના 26 વર્ષ પૂર્ણ : 50 લાખથી વધુ ટિફિન દ્વારા જરૂરિયાતમંદોને અન્નદાન કરાયું



વલસાડ, તા.01

શ્રી ભીડભંજન સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ચલાવવામાં આવતી નિ:શુલ્ક ટિફિન સેવાએ 26 વર્ષ પૂર્ણ કર્યા છે. આ સેવા અંતર્ગત અત્યાર સુધીમાં ૫૦ લાખથી વધુ ટિફિન દ્વારા જરૂરિયાતમંદોને અન્નદાન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે ભીડભંજન મહાદેવ મંદિર ખાતે 'અન્નપૂર્ણા યજ્ઞ'નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સેવાનો પ્રારંભ 1 મે, ૨૦૦૦ના રોજ થયો હતો, જે 1 મે, 2026ના રોજ 26 વર્ષ પૂર્ણ કરી રહી છે. ટ્રસ્ટ દ્વારા હોસ્પિટલોમાંથી સવારે ૮ વાગ્યાથી આવતા ફોન કોલ્સના આધારે દર્દીઓ અને તેમના પરિજનોને ટિફિન પહોંચાડવામાં આવે છે. આ ઉપરાંત, નિરાધાર વ્યક્તિઓને પણ તેમના ઘરે બેઠા ટિફિન સેવા પૂરી પાડવામાં આવે છે.

ટ્રસ્ટના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે, શાસ્ત્રોમાં અન્નદાનને સૌથી મોટું અને શ્રેષ્ઠ પુણ્ય માનવામાં આવે છે. ભૂખ્યા વ્યક્તિને અન્ન આપવું એ નવજીવન આપવા સમાન છે, જેનાથી પુણ્ય વધે છે અને પાપનો નાશ થાય છે. છેલ્લા 26 વર્ષથી અમે આ મફત ટિફિન સેવા આપી રહ્યા છીએ.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, 'ભગવાન કરે લોકો બીમાર ન પડે, એવી હું પ્રાર્થના કરું છું.' ટ્રસ્ટ દ્વારા કોઈપણ ગરીબ કે નિરાધાર વ્યક્તિ માટે આ સેવા ઉપલબ્ધ છે. આ સેવામાં જોડાયેલા તમામ અનામી દાતાઓને પણ તેમણે આભાર વ્યક્ત કર્યો હતો.

# નારોલમાં સામાન્ય અકસ્માત બાબતે લાકડીઓ અને ડંડા વડે મારામારી : ત્રણ મહિલા ઈજાગ્રસ્ત થતા હોસ્પિટલ ખસેડાયા



અમદાવાદ, તા.01

અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાં મારામારીના બનાવો દિન પ્રતિદિન વધી રહ્યા છે. જાહેરમાં લાકડી, ડંડા અને છરી વડે માર મારવો સામાન્ય બાબત બની ગઈ છે. નારોલ વિસ્તારમાં બાગે શિફા રો-હાઉસ ખાતે સામાન્ય અકસ્માતની ઘટનામાં વચ્ચે પડતા મારામારી થઈ હતી. મહિલા અને તેના પતિ અન્ય સાગરીતો સાથે આવી સ્થાનિક મહિલા તેમજ તેના પાડોશી સાથે મારામારી કરી હતી. પોલીસને જાણ કરવામાં આવતા નારોલ પોલીસની ગાડી ઘટનાસ્થળ પર પહોંચી હતી. પોલીસની હાજરીમાં જ અસામાજિક તત્વો લાકડી અને દંડા લઈને વધુ માર મારવા જતા હતા. જોકે પોલીસે તેમને અટકાવ્યા હતા અને ત્યારબાદ સમગ્ર મામલે નારોલ પોલીસે બંને પક્ષો અંગેની ફરિયાદ લઈ વધુ તપાસ શરૂ કરી છે.

અકસ્માતની ઘટનામાં ઝઘડો થયો

મળતી માહિતી મુજબ નારોલ વિસ્તારમાં બાગે શિફા રો-હાઉસ ખાતે હુસેનાબાનુ પઠાણ તેની બહેન શબનમ સાથે રહે છે. 29 એપ્રિલના રોજ રાત્રે 10 વાગ્યે સોસાયટી પાસે બે અજાણ્યા વ્યક્તિ વચ્ચે સામાન્ય અકસ્માત થયો હતો. જેમાં આયેશાબાનુનો ભત્રીજો ઓસામા વચ્ચે પડ્યો હતો ત્યારે ત્યાં શબનમબાનુએ વચ્ચે પડવાની ના પાડતા ઓસામા ઉશ્કેરાઈ ગયો હતો અને શબનમને ગાળાગાળી કરવા લાગ્યો હતો. બાદમાં આયેશાબાનુએ ફોન કરીને બોલાવતા થોડીવારમાં તેનો દીકરો રેહાન અને પતિ સાજીદ સહિત અલગ અલગ માણસોને બોલાવીને લાવ્યા હતા અને લાકડીઓ તેમજ દંડા વડે મારામારી કરી હતી. ઝઘડો થતા પાડોશી મુવીનાબાનુ ત્યાં આવી ગયા હતા અને રેહાન નામના વ્યક્તિએ તેના હાથમાં રહેલો ડંડો મારી દીધો હતો. મારામારીમાં ત્રણ મહિલાઓને ઈજા થઈ હતી.

પોલીસ કર્મીએ દંડા લઈને આવેલા શખસોને ભગાડ્યા

10થી 15 લોકો હાથમાં લાકડીઓના ડંડા લઈ સામસામે મારામારી કરવા માટે પહોંચ્યા હતા. ત્યારે 112 નંબર પર ફોન કરવામાં આવ્યો હતો. જેથી તાત્કાલિક ધોરણે નારોલ પોલીસની ગાડી સ્થળ ઉપર પહોંચી હતી. પોલીસ જ્યારે સ્થળ ઉપર પહોંચી ત્યારે પોલીસ કર્મચારી દ્વારા બનાવને અટકાવવા માટે હાથમાં જેટલા પણ લોકો લાકડીઓ અને ડંડા લઈને જઈ રહ્યા હતા તેને રોકવામાં આવ્યા હતા.

# ICSE અને ISC ધો.10 અને 12નું પરિણામ જાહેર કરાયું : ધો. 10નું 99.30 ટકા અને ધો. 12નું 98.95 ટકા પરિણામ જાહેર, સેવન્થ ડે સ્કૂલના વિદ્યાર્થીઓનું પરિણામ જાહેર ન થયું

અમદાવાદ, તા.01

ICSE અને ISC બોર્ડની ધોરણ 10 અને ધોરણ 12ની પરીક્ષાનુ પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. ધોરણ 10નું 99.30 ટકા અને ધોરણ 12નું 98.95 ટકા પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. ફેબ્રુઆરી અને માર્ચ મહિનામાં પરીક્ષાની આયોજન લેવામાં આવી હતી. જો કે આ વખતે વિદ્યાર્થીઓ કરતા વિદ્યાર્થિનીઓનું પરિણામ વધુ આવ્યું છે. જો કે વિવાદિત સેવન્થ ડે સ્કૂલનું પરિણામ જાહેર કરવામાં ન આવ્યું હોવાનું સામે આવ્યું છે. ટેક્નિકલ કારણના કારણે પરિણામ જાહેર ન થયું હોવાનો સેવન્થ ડે સ્કૂલ દ્વારા દાવો કરવામાં આવ્યો છે.

વિદ્યાર્થીઓ કરતાં વિદ્યાર્થિનીઓએ બાજી મારી

ICSE બોર્ડની ધોરણ 10ની 67 વિષયોની પરીક્ષા 20 ભારતીય ભાષાઓ, 14 વિદેશી ભાષાઓ અને એક ક્લાસિકલ ભાષામાં યોજવામાં આવી હતી. બીજી તરફ ISCની ધોરણ 12ની 45 વિષયોની પરીક્ષા 13 ભારતીય ભાષાઓ, બે વિદેશી ભાષા અને 2 ક્લાસિકલ ભાષામાં યોજવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થિનીઓનું પરિણામ 99.46 ટકા જ્યારે વિદ્યાર્થીઓનું પરિણામ 98.93 ટકા જાહેર કરવામાં આવ્યું છે.

સેવન્થ ડેના સંચાલકોની બેદરકારીના કારણે રિઝલ્ટ જાહેર ન કરાયું

જોકે, મહત્વનું છે કે વિદ્યાર્થીની હત્યા બાદ વિવાદમાં આવેલી સેવન્થ ડે સ્કૂલના વિદ્યાર્થીઓનું પરિણામ જાહેર કરવામાં આવ્યું નથી. સેવન્થ ડે શાળા સંચાલકોની બેદરકારીના કારણે હજારો વિદ્યાર્થીઓનું પરિણામ અટવાયું છે. જો કે પરિણામ જાહેર ન થતા વાલીઓ અને વિદ્યાર્થીઓ ચિંતામાં મુકાયા છે. જ્યારે બીજી તરફ શાળા દ્વારા વાલીઓને આવતીકાલે પરિણામ આવી જશે તેવો મેસેજ કરીને આશ્વાસન આપવામાં આવ્યું છે. ટેક્નિકલ કારણથી પરિણામ અટવાયું હોવાનો શાળા દ્વારા દાવો કરવામાં આવ્યો છે.

ICSE બોર્ડના કાઉન્સિલનો સંપર્ક કર્યો: પ્રિન્સિપાલ

સેવન્થ ડે સ્કૂલના પ્રિન્સિપાલ રોબિનસને જણાવ્યું હતું કે, કેટલાક ટેક્નિકલ પ્રોબ્લેમના કારણે રિઝલ્ટ જાહેર કરવામાં આવ્યું નથી. અમે લોકોએ ICSE બોર્ડના કાઉન્સિલનો સંપર્ક કર્યો છે. આજે પરિણામ આવી જશે તેવો અમને વિશ્વાસ આપવામાં આવ્યો છે. ICSE અને ISC બોર્ડમાં 1200 જેટલા વિદ્યાર્થીઓ છે. પરિણામ ન આવતા વાલીઓ ચિંતામાં છે, જેથી તેમને મેસેજ કરીને કોપરેટ કરવા માટે કહેવામાં આવ્યું છે. જો કે આજે પરિણામ આવી જશે તેવી આશા છે. બીજી કેટલીક શાળાઓનું પરિણામ પણ જાહેર થયું નથી. બોર્ડની સંપર્ક કરવામાં આવ્યો તો તેમણે ટેક્નિકલ કારણ હોવાનું જણાવ્યું છે.

# ફલધરા જલારામધામ રોડનું કામ 4 મહિનાથી અટક્યું : સામાજિક કાર્યકરે રોણવેલ DGVCL કચેરી સામે ભૂખ હડતાળ પર બેસવાની ચીમકી ઉચ્ચારી



વડોદરા, તા.01

વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકામાં આવેલા પ્રખ્યાત યાત્રાધામ ફલધરા જલારામધામને જોડતા રસ્તાના પહોળીકરણનું કામ છેલ્લા ચાર મહિનાથી અટકી પડ્યું છે. આ મામલે તંત્રની બેદરકારી સામે આવી છે. સ્થાનિક સામાજિક કાર્યકર અને પૂર્વ સરપંચ ફુલસિંગ પટેલે જો 4 મે સુધીમાં કામગીરી શરૂ નહીં થાય તો રોણવેલ DGVCL કચેરી સામે ઉપવાસ પર બેસવાની લેખિત ચીમકી ઉચ્ચારી છે.

સરકારે ફલધરા જલારામધામ તરફ જતા રસ્તાને પહોળો કરવા માટે અઢી કરોડ રૂપિયાનું બજેટ મંજૂર કર્યું છે. જોકે, રસ્તા વચ્ચે આવતા વીજળીના થાંભલા અને ટ્રાન્સફોર્મર (DP) ખસેડવાની કામગીરી ન થતાં રોડનું કામ શરૂ થઈ શક્યું નથી. સામાજિક કાર્યકર ફુલસિંગ પટેલના મતે, આ કામ માત્ર 15 દિવસમાં પૂર્ણ થઈ શકે તેમ હતું, પરંતુ તે છેલ્લા ચાર મહિનાથી ખોરંભે પડ્યું છે.

આ મામલે DGVCLના અધિકારીઓને વારંવાર રજૂઆતો કરવામાં આવી છે. અધિકારીઓ દ્વારા 'એક અઠવાડિયામાં કામ થઈ જશે' તેવા વાયદાઓ આપવામાં આવ્યા હતા, જે પોકળ સાબિત થયા છે. તાજેતરમાં, નાયબ કાર્યપાલક ઈજનેરે 26 એપ્રિલ 2024 સુધીમાં કામ પૂર્ણ કરવાની લેખિત ખાતરી આપી હતી, પરંતુ તે મુદત વીતી ગયા પછી પણ પરિસ્થિતિમાં કોઈ સુધારો થયો નથી.

આ રસ્તાના કામમાં વિલંબ થવાથી 6 થી 7 ફળિયાના સ્થાનિક રહીશો, પશુપાલકો અને જલારામધામ આવતા હજારો યાત્રાળુઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ચોમાસા પહેલા કામ પૂર્ણ ન થવાથી મુશ્કેલીઓ વધવાની ભીતિ સેવાઈ રહી છે.

સામાજિક કાર્યકર અને પૂર્વ સરપંચ ફુલસિંગ પટેલે જણાવ્યું હતું કે, 'હું પોતે હૃદય રોગનો દર્દી હોવા છતાં લોકહિત માટે આ લડત લડી રહ્યો છું.

# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પરિણામો અંગે કોંગ્રેસ મંથન કરશે : 2થી 6 મે સુધી ઝોનવાઈઝ પ્રદેશ પ્રમુખ અને પ્રભારીઓની અધ્યક્ષતામાં રિવ્યૂ બેઠક, નેતાઓ રિઝલ્ટનું એનાલિસિસ કરશે

અમદાવાદ, તા.01

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પરિણામોને લઈને ગુજરાત કોંગ્રેસ દ્વારા મંથન કરવામાં આવશે. આવતીકાલથી 5 દિવસ સુધી ગુજરાત કોંગ્રેસ દ્વારા પરિણામોનું એનાલીસિસ કરવામાં આવશે. કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા, વિપક્ષ નેતા તુષાર ચૌધરી અને ઝોનના પ્રભારીઓની અધ્યક્ષતામાં રિવ્યૂ બેઠક યોજવામાં આવશે. 2થી 6 મે સુધી અલગ-અલગ દિવસે ઝોનવાઈઝ બેઠક કરી પરિણામોનું એનાલિસિસ કરવામાં આવશે. જિલ્લા, તાલુકા અને શહેર પ્રમુખો અને પ્રભારીઓ પણ રિવ્યુ બેઠકમાં ઉપસ્થિત રાખવામાં આવશે.

કોંગ્રેસ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ધાર્યું પરિણામ મેળવી શક્યું નથી

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનું પરિણામ જાહેર થઈ ગયું છે. 2021 કરતા પણ વધુ બેઠકો સાથે ભાજપનો વિજય થયો છે. જોકે, મતગણતરી પહેલા જ 732 જેટલી બેઠકો તો બિનહરીફ થઈ ગઈ હતી. તમામ 15 મહાનગરપાલિકામાં ભાજપનો વિજય થયો છે. 84 નગરપાલિકામાંથી 78 પર ભાજપ અને 6 કોંગ્રેસને મળી છે. 34માંથી 33 જિલ્લા પંચાયત પણ ભાજપ જીતી ગયું છે તો 260 તાલુકા પંચાયતમાંથી ભાજપને ફાળે 253 અને 7 કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીને ફાળે ગઈ છે ત્યારે કોંગ્રેસ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ધાર્યું પરિણામ મેળવી શક્યું નથી.

સ્થાનિક ચૂંટણીના પરિણામોને લઈને કોંગ્રેસ મંથન કરશે

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી 2027ની વિધાનસભાની ચૂંટણીને લઈને મહત્વની હતી કારણ કે, રાહુલ ગાંધીએ 2027માં ભાજપને ગુજરાતમાં હરાવી કોંગ્રેસની સરકાર બનશે એવું અનેક વખત જાહેર મંચ પરથી નિવેદન આપ્યું હતું. જેથી, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી કોંગ્રેસ માટે સંગઠનને મજબૂત કરવાની હતી પરંતુ, અનેક પ્રયાસ કરવા છતાં કોંગ્રેસને જોઈએ એવા પરિણામ મળ્યા નથી. જેથી, સ્થાનિક સ્વરાજની ચૂંટણીના પરિણામોને લઈને કોંગ્રેસ દ્વારા મંથન કરવામાં આવશે.

5 દિવસની બેઠકમાં પ્રભારીઓને પણ હાજર રહેવા સૂચના

રાજીવ ગાંધી ભવન ખાતે આવતીકાલથી ગુજરાત કોંગ્રેસના બે સહ પ્રભારી ગુજરાત કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા, વિધાનસભા વિપક્ષ નેતા તુષાર ચૌધરી સહિત પ્રદેશના નેતાઓ અને તાલુકા, જિલ્લા અને શહેરના નેતાઓ સાથે બેઠક કરવાના છે. 5 દિવસ સુધી રાજીવ ગાંધી ભવન ખાતે પ્રદેશ સહ પ્રભારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પરિણામોને લઈને બેઠક કરશે. તેમજ આ બેઠકોમાં ખાસ ઝોન પ્રભારીઓને પણ હાજર રહેવા માટે સૂચના આપવામાં આવી છે.

# વસ્ત્રાલની પરણિતાના ફોટા સાથે ઈન્સ્ટાગ્રામમાં ફેક આઈડી બનાવ્યું : ફોટોઝમાં એડિટિંગ કરી બિભત્સ લખાણ લખ્યું, અજાણ્યા શખસ સામે ફરિયાદ નોંધાઈ




અમદાવાદ, તા.01

અમદાવાદના વસ્ત્રાલ વિસ્તારમાં રહેતી પરણિતાના ફોટા સાથેનું ફેક આઈડી બનાવી અને ખરાબ લખાણ સાથે ઈન્સ્ટાગ્રામ આઈડી પર પ્રોફાઈલમાં મૂકવામાં આવ્યો હતો. પરણિતાની મિત્રના બાબતે ધ્યાન આવી હતી જેથી તેને ધ્યાન દોર્યું હતું. ત્યારે તપાસ કરતા ખોટું ઈન્સ્ટાગ્રામ આઈડી બનાવીને બદનામ કરવાની કોશિશ કરી હતી આ સમગ્ર મામલે પરણિતાએ રામોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

પરણિતાના ફોટા સાથે ઈન્સ્ટાગ્રામમાં ફેક આઈડી બનાવ્યું

મળતી માહિતી મુજબ, રામોલ વિસ્તારમાં 20 વર્ષીય પરણિતા તેના પરિવાર સાથે રહે છે પોતે એક વર્ષથી instagramમાં પોતાના નામનું એકાઉન્ટ ધરાવે છે. વર્ષ 2025ના ઓક્ટોબર મહિનામાં જ્યારે પોતે ઘરે પતિ સાથે હાજર હતી. ત્યારે ઓરીજનલ instagram એકાઉન્ટમાં તેની મિત્રએ સ્ક્રીનશોટ મોકલી અને મેસેજ કર્યો હતો કે આ જુઓ જેથી તેમાં લખાણ લખવામાં આવ્યું હતું, કોઈ અજાણ્યા નામથી instagram આઈડીની લીંક મોકલી હતી. જેમાં પરણિતાનો ફોટો લગાવેલો હતો.

ફોટાઓમાં એડિટિંગ કરી ખરાબ લખાણ લખ્યું હતું

કોઈ વ્યક્તિએ ખોટું આઈડી બનાવી અને તેમાં પરણિતાનો ફોટો મુક્યો હતો અને તેમાં એડિટિંગ કરીને ખરાબ લખાણ લખવામાં આવ્યું હતું, ઈન્સ્ટાગ્રામ આઈડીમાં ફોટા પણ અપલોડ કરવામાં આવ્યા હતા. કોઈ અજાણી વ્યક્તિએ ઓરિજનલ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટમાંથી ફોટા લઈ અને ફોટાઓમાં એડિટિંગ કરી ખરાબ લખાણ લખ્યું હતું.

અજાણ્યા શખસ વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ

જે સમગ્ર મામલે મહિલાએ રામોલ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા વ્યક્તિ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. શહેરના વાસણા વિસ્તારમાં પણ એક યુવતીનું ફેક ઈન્સ્ટાગ્રામ આઈડી બનાવવામાં આવ્યું હતું. જે આઈડી બનાવવામાં આવ્યું હતું જેને લઈને યુવતીએ વાસણા પોલીસ સ્ટેશનમાં પણ ફરિયાદ નોંધાવી છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮

# હાથમાં બંદૂક અને સિક્રેટ સર્વિસ પર ફાયરિંગ...: ટ્રમ્પની હત્યા કરવા માટે આવેલાં હુમલાખોરે એક દિવસ અગાઉ હોટલની રેકી કરી હતી

**વોશિંગ્ટન, તા.01**

અમેરિકા ન્યાય વિભાગે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની હત્યાની કોશિશ કરનાર હુમલાખોરના નવા અને ચોંકાવનારા વીડિયો ફુટેજ જાહેર કર્યા છે. આ ફુટેજ ગયા અઠવાડિયે વોશિંગ્ટન હિલ્ટન હોટલમાં થયેલાં તે હુમલાની આખી કહાની જણાવી રહ્યા છે. વીડિયોમાં આરોપી કોલ એલન સુરક્ષા ઘેરો તોડીને ભાગતો જોવા મળી રહ્યો છે. પછી તેણે એક સીક્રેટ સર્વિસ ઓફિસર પર ફાયરિંગ પણ કર્યું.

ડિસ્ટ્રિક્ટ ઓફ કોલંબિયાની અમેરિકી અટોર્ની જીનિન પિરોએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર જાણકારી આપી છે કે આ વીડિયો પુરાવા તરીકે ખૂબ જ મુખ્ય છે. તેમણે જણાવ્યું કે ફુટેજમાં 31 વર્ષીય શંકાસ્પદ કોલ એલન હુમલાના એક દિવસ પહેલાં હોટલની રેકી કરતો જોવા મળ્યો છે. તે 'વ્હાઈટ હાઉસ કોરેસ્પોન્ડેન્ટ્સ ડિનર' દરમિયાન ટ્રમ્પને પોતાનો ટાર્ગેટ બનાવવા ઈચ્છતો હતો.

**હોટલની સુરક્ષામાં આ રીતે ખામી આવી**



ન્યાય વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલો આ વીડિયો લગભગ છ મિનિટનો છે. તેમાં ઘણી અલગ-અલગ ક્લિપ્સને જોડવામાં આવી છે. શરૂઆતના ફૂટેજમાં શંકાસ્પદ વ્યક્તિને હોટલના કોરિડોર અને ફિટનેસ સેન્ટર પાસે લાંબા સમય સુધી ફરતો જોઈ શકાય છે. એવું લાગી રહ્યું હતું કે તે હુમલા માટે યોગ્ય તક અને રસ્તાની શોધમાં હતો.

**ફ્રેન્ડલી ફાયરના સમાચારો પર વિરામ અને અદાલતમાં પુરાવા**

એટર્ની જીનિન પિરોએ સ્પષ્ટ કર્યું કે આ વાતનો કોઈ પુરાવો નથી કે આ ગોળીબાર 'ફ્રેન્ડલી ફાયર' (સુરક્ષાકર્મીઓની પરસ્પર ગોળીબાર)નું પરિણામ હતું. તેમણે ભારપૂર્વક કહ્યું કે વીડિયોમાં સ્પષ્ટ દેખાઈ રહ્યું છે કે કોલ એલને જ સિક્રેટ સર્વિસ અધિકારી પર હુમલો કર્યો.

ફુટેજના એક ભાગમાં એ પણ દેખાઈ રહ્યું છે કે એક સિક્રેટ સર્વિસ એજન્ટે હુમલાખોરને રોકવા માટે પોતાની બંદૂકમાંથી ત્રણ રાઉન્ડ ફાયર કર્યા. પોલીસે સ્પષ્ટ કર્યું છે કે જવાબી ફાયરિંગ છતાં શંકાસ્પદને કોઈ ગોળી વાગી ન હતી. ન્યાય વિભાગે આ ભાગને સ્લો-મોશનમાં પણ જાહેર કર્યો છે.

અમેરિકાની રાજધાની વોશિંગ્ટન ડીસીમાં વાર્ષિક વ્હાઈટ હાઉસ કોરસપોન્ડન્ટ ડિનર દરમિયાન ફાયરિંગ થયું. 26 એપ્રિલનાં રોજ સાંજ કાર્યક્રમમાં અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ, પત્ની મેલાનિયા અને ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સ સહિત અનેક મોટા અધિકારીઓ હાજર હતા. ન્યૂઝ એજન્સી એપી અનુસાર, હુમલાખોરે હોટલના બોલરૂમની બહાર ફાયરિંગ કર્યું. ટ્રમ્પ અને મહેમાનો બોલરૂમની અંદર હતા. ટ્રમ્પે જણાવ્યું કે હુમલાખોરને પકડી લેવામાં આવ્યો છે. જોકે, પહેલા સમાચાર આવ્યા હતા કે હુમલાખોરને ઠાર કરવામાં આવ્યો છે.

હુમલાના લગભગ દોઢ કલાક પછી ટ્રમ્પે મીડિયાને સંબોધિત કર્યું. તેમણે કહ્યું- અમેરિકાના બંધારણ પર હુમલો થયો. સિક્રેટ સર્વિસે મારો જીવ બચાવ્યો. સુરક્ષાકર્મીઓએ બહાદુરીથી કામ કર્યું. જે અધિકારીને ગોળી વાગી હતી, તે સુરક્ષિત છે. તેણે બુલેટપ્રૂફ જેકેટ પહેર્યું હતું. હુમલાખોર પાસે શક્તિશાળી બંદૂક હતી.

અમેરિકાની રાજધાની વોશિંગ્ટન ડીસીમાં વાર્ષિક વ્હાઈટ હાઉસ કોરસપોન્ડન્ટ ડિનર દરમિયાન ફાયરિંગ થયું. 26 એપ્રિલનાં રોજ સાંજ કાર્યક્રમમાં અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ, પત્ની મેલાનિયા અને ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સ સહિત અનેક મોટા અધિકારીઓ હાજર હતા. ન્યૂઝ એજન્સી એપી અનુસાર, હુમલાખોરે હોટલના બોલરૂમની બહાર ફાયરિંગ કર્યું. ટ્રમ્પ અને મહેમાનો બોલરૂમની અંદર હતા. ટ્રમ્પે જણાવ્યું કે હુમલાખોરને પકડી લેવામાં આવ્યો છે. જોકે, પહેલા સમાચાર આવ્યા હતા કે હુમલાખોરને ઠાર કરવામાં આવ્યો છે. હુમલાના લગભગ દોઢ કલાક પછી ટ્રમ્પે મીડિયાને સંબોધિત કર્યું. તેમણે કહ્યું- અમેરિકાના બંધારણ પર હુમલો થયો. સિક્રેટ સર્વિસે મારો જીવ બચાવ્યો. સુરક્ષાકર્મીઓએ બહાદુરીથી કામ કર્યું. જે અધિકારીને ગોળી વાગી હતી, તે સુરક્ષિત છે. તેણે બુલેટપ્રૂફ જેકેટ પહેર્યું હતું. હુમલાખોર પાસે શક્તિશાળી બંદૂક હતી.

# એપસ્ટીન સાઉદી ક્રાઉન પ્રિન્સનો સલાહકાર બનવા માંગતો હતો : આઈલેન્ડ પર 'મસ્જિદ' બનાવી, ઉઝબેકિસ્તાનની ટાઈલ્સ લગાવી

**તેહરાન/વોશિંગ્ટન ડીસી, તા.01**

યૌન ગુનેગાર જેફ્રી એપસ્ટીન સાઉદી ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાનનો સલાહકાર બનવા માંગતો હતો. તેણે મિડલ ઈસ્ટ (પશ્ચિમ એશિયા) માં ઘણા વર્ષો સુધી પોતાના સંબંધો બનાવ્યા. તે એક તરફ બિઝનેસની તકો શોધી રહ્યો હતો, અને બીજી તરફ ઈસ્લામ સાથે સંબંધિત દુર્લભ અને ધાર્મિક વસ્તુઓ પણ ભેગી કરી રહ્યો હતો.

તેણે આ વસ્તુઓનો પોતાના કેરેબિયન ટાપુ પર બનેલી એક વિવાદાસ્પદ ઈમારતને સજાવવામાં ઉપયોગ કર્યો, જેને તે 'મસ્જિદ' કહેતો હતો. તેણે મક્કાની કાબામાંથી કિસ્વા મંગાવી. કિસ્વા તે કપડું હોય છે જેના પર સોનાથી કુરાનની આયતો લખેલી હોય છે અને તેને કાબા પર ચઢાવવામાં આવે છે.

આ ઉપરાંત ઉઝબેકિસ્તાનની એક મસ્જિદમાંથી હાથથી બનેલી ટાઈલ્સ લાવવામાં આવી. સોનાનો ગુંબજ પણ બનાવવામાં આવ્યો, જેની ડિઝાઈન જૂના સીરિયાની ઈમારતો જેવી હતી.

**નોર્વેના રાજદૂત દ્વારા ખાસ લોકો સાથે સંપર્ક બનાવ્યો**

એપસ્ટીનનો હેતુ માત્ર ઈસ્લામિક વસ્તુઓ ભેગી કરવાનો ન હતો, પરંતુ શક્તિશાળી અને ધનિક લોકો સાથેના તેના સંબંધોને પણ મજબૂત કરવાનો હતો. નોર્વેના



રાજદ્વારી ટેરજે રોડ-લાર્સન દ્વારા એપસ્ટીનને સાઉદી અરેબિયાના ખાસ લોકો સુધી પહોંચ મળી. આમાં ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન, સલાહકાર રાફત અલ સબ્બાગ અને શાહી સહયોગી અઝીઝા અલ અહમદીનો સમાવેશ થતો હતો.

આ જ નેટવર્કની મદદથી તેને કાબા સાથે સંકળાયેલા ખાસ કપડાં પણ મળ્યા હતા. 2014ના એક ફોટોમાં એપસ્ટીન ન્યૂયોર્કમાં તેના ઘરની અંદર ફ્લોર પર પાથરેલા આવા જ એક કપડાને જોઈ રહ્યો છે.

તેની સાથે અમીરાતના મોટા ઉદ્યોગપતિ સુલતાન અહેમદ બિન સુલયેમ પણ હાજર હતા. પાછળથી એપસ્ટીન સાથે સંકળાયેલા હોવાને કારણે તેમને નુકસાન ભોગવવું પડ્યું અને તેમને દુબઈની બંદર કંપની ડીપી વર્લ્ડના પ્રમુખ પદ પરથી રાજીનામું આપવું પડ્યું.

**એપસ્ટીનને ઈસ્લામિક ડિઝાઈનમાં ખૂબ રસ હતો**

દસ્તાવેજોમાંથી તેના પ્રાઈવેટ આઈલેન્ડ લિટલ સેન્ટ જેમ્સ પર બનેલી એક રહસ્યમય ઈમારતનું સત્ય પણ સામે આવ્યું. પહેલાં તેને મ્યુઝિક રૂમ, મંડપ, ચેપલ અથવા કોઈ રહસ્યમય મંદિર કહેવામાં આવતું હતું, પરંતુ તેના ઈમેલ અને તેની સાથે કામ કરનાર કલાકારની વાતો પરથી જાણવા મળ્યું કે તે તેને 'મસ્જિદ' કહેતો હતો, જોકે, તેનો ઉપયોગ ક્યારેય ધાર્મિક ઈબાદત માટે થયો હોય તેવા કોઈ પુરાવા નથી.

આ પ્રોજેક્ટ પર કામ કરનાર રોમાનિયન કલાકાર આયન નિકોલાએ પણ જણાવ્યું કે એપસ્ટીન તેને મસ્જિદ જ કહેતો હતો. એ પણ જાણવા મળ્યું કે આ મસ્જિદની દિવાલો અથવા ભાગો પર અરબી લખાણ લખવાનો પ્લાન હતો.

# કેન્દ્ર સરકારે નાગરિકતાના નિયમોમાં ફેરફાર કર્યા : હવે ઓનલાઈન અરજી થશે, સરકારે કહ્યું- આ અધિકાર નહીં, વિશેષાધિકાર

**નવી દિલ્હી, તા.01**

ગૃહ મંત્રાલયે શુક્રવારે સિટિઝનશિપ (સુધારા) નિયમો, 2026 લાગુ કર્યા છે. નવા નિયમો હેઠળ હવે ઓવરસીઝ સિટિઝન ઓફ ઈન્ડિયા (OCI) માટે અરજી સંપૂર્ણપણે ઓનલાઈન કરવી પડશે.

સાથે જ ફિઝિકલ કાર્ડ સાથે e-OCI દસ્તાવેજની પણ સુવિધા આપવામાં આવી છે, જેનાથી પ્રક્રિયા વધુ સરળ અને ડિજિટલ બનશે. નવા નિયમોમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે કોઈ સગીર એકસાથે ભારતીય અને વિદેશી પાસપોર્ટ રાખી શકશે નહીં.

આ જોગવાઈ બેવડી નાગરિકતા સંબંધિત મામલાઓમાં સ્પષ્ટતા લાવવા માટે ઉમેરવામાં આવી છે. સરકારે સ્પષ્ટ કર્યું છે કે OCI સ્ટેટસ એક વિશેષાધિકાર છે, અધિકાર નથી. જો કોઈ ધારક ભારતીય કાયદાઓનું ઉલ્લંઘન કરે છે, તો તેનું OCI રજીસ્ટ્રેશન રદ કરી શકાય છે.




**OCIથી મળે છે આ સુવિધાઓ**

OCI કાર્ડ ધારકોને ભારતમાં આજીવન મલ્ટીપલ એન્ટ્રી વિઝા, આર્થિક અને શૈક્ષણિક સુવિધાઓ મળે છે. જોકે સરકારે પુનરાવર્તન કર્યું છે કે OCI ધારકોને વોટિંગ કે બંધારણીય પદો જેવા રાજકીય અધિકારો મળતા નથી.

**રદ કરવાના નિયમો કડક કરવામાં આવ્યા છે**

સરકારે અગાઉથી જ નિયમો કડક કરતા કહ્યું હતું કે જો કોઈ OCI ધારકને 2 વર્ષ કે તેથી વધુની સજા થાય છે અથવા 7 વર્ષ કે તેથી વધુ સજાવાળા ગુનામાં ચાર્જશીટ થાય છે, તો તેનું રજીસ્ટ્રેશન રદ કરી શકાય છે.

**2005માં શરૂ થઈ હતી OCI યોજના**

OCI યોજના 2005માં નાગરિકતા અધિનિયમ, 1955માં સુધારા દ્વારા શરૂ કરવામાં આવી હતી. આ અંતર્ગત ભારતીય મૂળના લોકોને OCI તરીકે રજીસ્ટ્રેશનની સુવિધા આપવામાં આવે છે. જોકે પાકિસ્તાન કે બાંગ્લાદેશ સાથે સંકળાયેલા લોકોને તેમાં સામેલ કરવામાં આવતા નથી.

# ઈરાન પર હાઈપરસોનિક મિસાઈલોથી હુમલો કરવાની તૈયારીમાં US : ઈરાનના મોટા નેતાઓ ટાર્ગેટ પર, અમેરિકી સેનાએ ટ્રમ્પને પ્લાન જણાવ્યો

**અમેરિકા, તા.01**

અમેરિકા પહેલીવાર ઈરાન વિરુદ્ધ હાઈપરસોનિક મિસાઈલોનો ઉપયોગ કરી શકે છે. અમેરિકાની સેન્ટ્રલ કમાન્ડ (CENTCOM)ના કમાન્ડરે રાષ્ટ્રપતિ ટ્રમ્પને ઈરાન વિરુદ્ધ સંભવિત હુમલો કરવાના વિકલ્પોની જાણકારી આપી છે.

ફોક્સ ન્યૂઝ અનુસાર, એડમિરલ બ્રેડ કૂપરે વ્હાઈટ હાઉસના સિચ્યુએશન રૂમમાં ટ્રમ્પ સાથેની બેઠકમાં આ વિકલ્પો રજૂ કર્યા. તેમાં જણાવાયું હતું કે જો ટ્રમ્પ ફરીથી હુમલો કરવાનો નિર્ણય લે છે, તો એક 'નાનો પણ ખૂબ શક્તિશાળી હુમલો' કરી શકાય છે. રિપોર્ટ અનુસાર, આ હુમલામાં ઈરાનની બાકી રહેલી સૈન્ય તાકાત, તેના નેતાઓ અને મહત્વપૂર્ણ માળખાકીય સુવિધાઓ (ઈન્ફ્રાસ્ટ્રક્ચર)ને નિશાન બનાવી શકાય છે.



રક્ષા મંત્રાલય કેટલાક નવા અને એડવાન્સ હથિયારોનો ઉપયોગ કરવા પર પણ વિચાર કરી રહ્યું છે. આમાં 'ડાર્ક ઈગલ' નામની હાઈપરસોનિક મિસાઈલ પણ સામેલ છે. આ મિસાઈલ લગભગ 2,000 માઈલ (લગભગ 3,200 કિલોમીટર) દૂર સુધી નિશાન સાધી શકે છે અને ઈરાનના બાકી રહેલા બેલિસ્ટિક મિસાઈલ લોન્ચરોને ટાર્ગેટ કરી શકે છે.

આ ઉપરાંત, B-1B લાન્સર બોમ્બર વિમાનોની હાજરી પણ વિસ્તારમાં વધારવામાં આવી રહી છે. આ વિમાનો મોટી માત્રામાં હથિયારો લઈ જવામાં સક્ષમ છે અને હાઈપરસોનિક હથિયારો પણ લઈ જઈ શકે છે.

1. ટ્રમ્પની ધમકી: ટ્રમ્પે ટ્રુથ સોશિયલ એકાઉન્ટ પર પોતાનો ફોટો શેર કરીને કહ્યું, તોફાન આગળ વધી રહ્યું છે. તેને કોઈ રોકી શકશે નહીં.

2. ઈરાનનો જવાબ: સુપ્રીમ લીડર મુજતબા ખામેનેઈએ કહ્યું, અમે હુમલાખોરોને સમુદ્રમાં ડુબાડી દઈશું. ફારસની ખાડીમાં તેમના માટે કોઈ જગ્યા નથી.

3. તેલની કિંમત વધી: ગુરુવારે ક્રૂડ ઓઈલની કિંમત ઝડપથી વધીને લગભગ 126 ડોલર પ્રતિ બેરલને પાર કરી ગઈ. આ 4 વર્ષમાં સૌથી વધુ હતી. બાદમાં તે ઘટીને 115ની આસપાસ પહોંચી.

4. મુજતબાના સ્વાસ્થ્ય પર સસ્પેન્સ: મુજતબા ખામેનેઈના સ્વાસ્થ્ય અંગે હજુ પણ સ્પષ્ટ માહિતી સામે આવી નથી. તેઓ અત્યાર સુધી ક્યારેય જાહેરમાં જોવા મળ્યા નથી.

5. અમેરિકી એરક્રાફ્ટ પાછું ફર્યું: દુનિયાનું સૌથી મોટું એરક્રાફ્ટ કેરિયર યુએસએસ જેરાલ્ડ આર ફોર્ડ હવે 300 દિવસથી વધુની રેકોર્ડ તૈનાતી પછી અમેરિકા પાછું ફરી રહ્યું છે.

ઈરાન યુદ્ધ સંબંધિત અપડેટ્સ માટે નીચેના બ્લોગ પર જાઓ

**58 દિવસ પછી તેહરાન એરપોર્ટથી ફ્લાઈટ્સ ફરી શરૂ થઈ**

ઈરાનની રાજધાની તેહરાનના મુખ્ય એરપોર્ટ ઈમામ ખામેની આંતરરાષ્ટ્રીય એરપોર્ટથી ફ્લાઈટ્સ ફરી શરૂ થઈ છે.

એરપોર્ટ લગભગ 58 દિવસ માટે બંધ હતું. 25 એપ્રિલે ફ્લાઈટ્સ ફરી શરૂ થઈ.

# ઈરાને કહ્યું- હોર્મુઝમાંથી ભારતીય જહાજોને પસાર થવા પર રોક નથી : 10 હજાર ભારતીયોની સુરક્ષા પ્રાથમિકતા, ચાબહાર રેલવે લાઈનનું 90% કામ પૂરું

## યુદ્ધમાં અમેરિકાનો $25 અબજનો ખર્ચ: અમેરિકા ઈરાન યુદ્ધ પર છેલ્લા 2 મહિનામાં અત્યાર સુધીમાં 25 અબજ ડોલર ખર્ચ કરી ચૂક્યું છે

**ઈરાન, તા.01**

ભારતમાં ઈરાનના રાજદૂત ડૉ. મોહમ્મદ ફતાલીએ જણાવ્યું છે કે સંઘર્ષ છતાં, ઈરાન હોર્મુઝ સ્ટ્રેટમાંથી જહાજોના સુરક્ષિત માર્ગની ખાતરી કરી રહ્યું છે. તેમણે જણાવ્યું હતું કે ભારત સહિત મિત્ર દેશોના જહાજો પર કોઈ પ્રતિબંધ નથી.

એક મુલાકાતમાં, ફતાલીએ જણાવ્યું હતું કે ઈરાન વિરુદ્ધ યુએસ-ઈઝરાયલી કાર્યવાહીમાં સામેલ ન હોય તેવા દેશોના જહાજો સામાન્ય રીતે હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થઈ શકે છે. ઘણા ભારતીય જહાજો આ માર્ગ પરથી પસાર થઈ ચૂક્યા છે.

ચાબહાર બંદરને પ્રાદેશિક જોડાણ માટે મહત્વપૂર્ણ ગણાવતા તેમણે કહ્યું કે આ પ્રોજેક્ટ સતત આગળ વધી રહ્યો છે અને ક્યારેય અટક્યો નથી. ફતાલીના મતે, ચાબહાર-ઝોહેદાન રેલ્વે લાઈન પર લગભગ 90% કામ પૂર્ણ થઈ ગયું છે, અને રેલ્વે લાઈન ટૂંક સમયમાં પૂર્ણ થશે. ફતાલીએ એમ પણ કહ્યું હતું કે ઈરાનમાં રહેતા આશરે 10,000 ભારતીય નાગરિકોની સલામતી સુનિશ્ચિત કરવી એ સરકારની



પ્રાથમિકતા છે. ઈરાન ભારતીયો અને તેના પોતાના નાગરિકો વચ્ચે ભેદભાવ રાખતો નથી. તેહરાનના રસ્તાઓ પર સરકારના સમર્થનમાં સેંકડો લોકો ઉતરી આવ્યા. એક મહિલા અલી અને મુજતબા ખામેનીની તસવીર બતાવી રહી છે.

**છેલ્લા 24 કલાકના 5 મોટા અપડેટ્સ**

1. યુદ્ધમાં અમેરિકાનો $25 અબજનો ખર્ચ: અમેરિકા ઈરાન યુદ્ધ પર છેલ્લા 2 મહિનામાં અત્યાર સુધીમાં 25 અબજ ડોલર ખર્ચ કરી ચૂક્યું છે. અમેરિકાએ પ્રથમ વખત યુદ્ધમાં થયેલા ખર્ચની માહિતી આપી છે.

2. ટ્રમ્પે રાઈફલ સાથે ફોટો શેર કર્યો: અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે રાઈફલ સાથે ફોટો પોસ્ટ કરીને ઈરાનને ચેતવણી આપી છે. ફોટો પર લખ્યું હતું- 'નો મોર મિસ્ટર નાઈસ ગાય' (હવે હું નરમાશ નહીં રાખું).

3. ઈરાને UNમાં અમેરિકાની ફરિયાદ કરી: ઈરાને સંયુક્ત રાષ્ટ્રમાં ફરિયાદ કરીને અમેરિકા પર જહાજ જપ્ત કરવાનો અને 38 લાખ બેરલ ઓઈલ પચાવી પાડવાનો આરોપ લગાવ્યો છે.

4. લેબનોનમાં 12 લાખ લોકો પર ભૂખમરો તોળાયો: UN સાથે જોડાયેલા રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે યુદ્ધ, વિસ્થાપન અને આર્થિક દબાણને કારણે લેબનોનમાં 12 લાખથી વધુ લોકો ખાદ્ય સંકટનો સામનો કરી શકે છે.

# અટારી બોર્ડર પર રીટ્રીટ સેરેમનીનો સમય બદલાયો : હવે સાંજે 6 થી 6:30 વાગ્યા સુધી થશે, આજથી નવી ટાઈમિંગ લાગુ; હજારો લોકો પહોંચે છે

**અમૃતસર, તા.01**

અમૃતસર સ્થિત ભારત-પાકિસ્તાન અટારી બોર્ડર પર યોજાતી પ્રસિદ્ધ રિટ્રીટ સેરેમનીના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. નવા નિર્ણય મુજબ, હવે રિટ્રીટ સેરેમની સાંજે 6 વાગ્યાથી શરૂ થઈને 6:30 વાગ્યા સુધી ચાલશે. આ પહેલા રિટ્રીટ 5:30 વાગ્યે શરૂ થઈને 6 વાગ્યે પુરી થતી હતી.

હવામાન અને દિવસના ઘટતા-વધતા પ્રકાશને ધ્યાનમાં રાખીને પ્રશાસને આ નિર્ણય લીધો છે. અધિકારીઓનું કહેવું છે કે દર્શકોને સારો અનુભવ આપવા અને સુરક્ષા વ્યવસ્થાને સુચારુ રાખવા માટે સમયમાં આ ફેરફાર જરૂરી હતો. અટારી-વાઘા બોર્ડર પર દરરોજ યોજાતી આ દેશભક્તિથી ભરપૂર સેરેમની જોવા માટે મોટી સંખ્યામાં લોકો પહોંચે છે.

**દેશભક્તિની ઝલક જોવા મળે છે**

આ નવો સમય આજથી એટલે કે 1 મેથી લાગુ કરી દેવામાં આવ્યો છે. એટલે કે હવે જે પણ પ્રવાસીઓ કે સ્થાનિક લોકો આ સેરેમની જોવા માટે યોજના બનાવી રહ્યા છે, તેમને નવા સમય અનુસાર જ પહોંચવું પડશે. બીટિંગ રિટ્રીટ સેરેમની ભારત અને પાકિસ્તાનના સૈનિકો દ્વારા કરવામાં આવતી એક વિશેષ પરંપરા છે, જેમાં જોશ, અનુશાસન અને દેશભક્તિની ઝલક જોવા મળે છે.

**હજારો લોકો બને છે આયોજનનો હિસ્સો**

દરરોજ હજારો લોકો આ આયોજનનો હિસ્સો બને છે અને ભારત માતા કી જય તથા વંદે માતરમ જેવા નારાઓથી માહોલ દેશભક્તિથી ગુંજી ઉઠે છે. આ બદલાવ પછી આશા છે કે લોકો સમયસર પહોંચીને આ અદ્દભુત દ્રશ્યનો આનંદ માણી શકશે. પ્રશાસને લોકોને અપીલ કરી છે કે તેઓ સમયનું વિશેષ ધ્યાન રાખે અને નિર્ધારિત સમય પહેલાં જ પહોંચીને પોતાની સીટ સુનિશ્ચિત કરે, જેથી કોઈ પણ પ્રકારની તકલીફ ન થાય.

# સાંવલિયાજીને 34 વર્ષમાં પહેલીવાર 337 કરોડનું દાન

**ચિત્તોડગઢ, તા.01**

ચિત્તોડગઢના મંડફિયા સ્થિત શ્રી સાંવલિયાજી મંદિરમાં આ વર્ષે (2025-26) લગભગ 337 કરોડનું દાન આવ્યું છે. આ 34 વર્ષમાં સૌથી વધુ છે. છેલ્લા લગભગ ચાર દાયકામાં એવું કોઈ વર્ષ નથી જ્યારે મંદિરમાં આવતા દાનમાં ઘટાડો થયો હોય.

દર વર્ષે અહીં દાનની રકમ વધી રહી છે. ટ્રસ્ટ બન્યા પછી દર મહિને થતી મેરેથોન ગણતરી માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવે છે.

આ દાનની ગણતરી માટે લગભગ 200 લોકોનો સ્ટાફ લાગે છે, જેમાં બેંક કર્મચારીઓ અને મંદિર પ્રશાસનના લોકો શામેલ હોય છે. ગણતરી પ્રક્રિયામાં પહેલા હાથથી રૂપિયા ગણવામાં આવે છે.



ત્યારબાદ મશીનોનો ઉપયોગ થાય છે. માન્યતા છે કે ઠાકુરજી અહીં શેઠજીના રૂપમાં બિરાજમાન છે, એકવાર જો તેમને ભાગીદાર બનાવી લેવામાં આવે તો બિઝનેસ વધતો જ જાય છે.

તેથી ભક્તો અહીં કાયદેસર સ્ટેમ્પ પર રકમ લખાવીને લાવે છે. માનતા પૂરી થવા પર લાખોની રકમ લેખિતમાં પોતાની કંપનીના લેટરહેડ પર લખીને આપી જાય છે.

ત્યારબાદ તેમની મશીનો દ્વારા ગણતરી કરવામાં આવે છે. ગણતરી એકદમ સાચી થાય તેનું ધ્યાન રાખવામાં આવે છે.

ગણતરી માટે 200 લોકોનો સ્ટાફ: મંદિર પ્રશાસન અનુસાર મંદિરમાં દર મહિને ચૌદશનાં દિવસે દાનપાત્રો ખોલવામાં આવે છે. રાજભોગ આરતી પછી 11:45 વાગ્યે બેંક કર્મચારીઓ અને મંદિર પ્રશાસનના લોકો આ ગણતરીમાં સામેલ થાય છે. આમાં લગભગ 200 લોકો સામેલ હોય છે. આ ગણતરીમાં 5 થી 10 દિવસનો સમય લાગી જાય છે. સૌથી પહેલા નોટ અને સિક્કાઓને અલગ કરવામાં આવે છે.

# પોવેલની વિદાય, કહ્યું હતું-પ્રામાણિકતાની કોઈ કિંમત હોતી નથી: ગોડાઉનમાં સામાન પર લેબલ ચોંટાડનાર યુવાનથી લઈને વૈશ્વિક અર્થતંત્રનો સૌથી મહત્વનો ચહેરો બનવા સુધીની કહાની

**ન્યૂયોર્ક, તા.01**

15 મેના રોજ ચેરમેન તરીકેનો કાર્યકાળ પૂરો થયા પછી પણ પોવેલ ફેડ ગવર્નર અને રેટ-સેટિંગ કમિટીના સભ્ય બની રહેશે.

આઠ વર્ષ...ત્રણ અમેરિકી રાષ્ટ્રપતિ... 66 રેટ સેટિંગ મીટિંગ...મહામારી, મોંઘવારી, રાજકીય હુમલા, ગુનાહિત તપાસ. આ બધાની વચ્ચે જેરોમ પોવેલે અમેરિકી કેન્દ્રીય બેંક ફેડરલ રિઝર્વની કમાન સંભાળી. 29 એપ્રિલે તેમણે ફેડ ચેર તરીકે છેલ્લી પોલિસી મીટિંગ લીધી. તેમની કહાની વિશ્વાસ, દબાણ અને ઈમાનદારીનું ઉદાહરણ બની ગઈ.

15 મેના રોજ ચેરમેન તરીકેનો કાર્યકાળ પૂરો થયા પછી પણ પોવેલ ફેડના ગવર્નર અને રેટ-સેટિંગ કમિટીના સભ્ય બની રહેશે. તેમણે કહ્યું કે ન્યાય વિભાગની તપાસ સંપૂર્ણ પારદર્શિતા અને અંતિમ પરિણામ પર પહોંચે ત્યાં સુધી તેમનું પદ પર રહેવું જરૂરી છે. આ નિર્ણય અસામાન્ય ચોક્કસ છે, પરંતુ કદાચ પોવેલ હંમેશા આવા જ રહ્યા છે - નિયમો કરતાં સંસ્થાની પ્રતિષ્ઠાને વધુ મહત્વ આપનારા.

કોરોના મહામારીના શરૂઆતના દિવસોમાં દુનિયાની અર્થવ્યવસ્થા જાણે અચાનક થંભી ગઈ હતી. બજારો તૂટી રહ્યા હતા, સપ્લાય ચેઈન વિખેરાઈ રહી હતી અને કરોડો લોકો ભવિષ્યને લઈને ડરી ગયા હતા. માર્ચ 2020માં પોવેલે ઈમરજન્સી બેઠક બોલાવીને વ્યાજ દરોમાં ઘટાડો કર્યો. થોડા દિવસો પછી રવિવારે બીજી ઈમરજન્સી બેઠક બોલાવી અને દરો લગભગ શૂન્ય કરી દેવામાં આવ્યા. મહામારી પછી જ્યારે મોંઘવારી 40 વર્ષના હાઈ સ્તરે પહોંચી, ત્યારે પણ પોવેલ ટીકાઓના ઘેરામાં રહ્યા. ફેડે આક્રમક રીતે વ્યાજ દરો વધાર્યા. પોવેલે ચેતવણી આપી હતી કે લોકોને અને કોર્પોરેટ્સને થોડું દુઃખ સહન કરવું પડશે, પરંતુ કિંમતોને કાબૂમાં લાવવી જરૂરી છે. પરંતુ કદાચ તેમની સૌથી મોટી લડાઈ રાજકારણ સાથે રહી.

ડોનાલ્ડ ટ્રમ્પે ક્યારેક તેમને 'સ્માર્ટ' અને મજબૂત કહ્યા હતા, પરંતુ પછીથી તે જ ટ્રમ્પ તેમને 'સ્માર્ટ', 'નમ્બસ્કલ' અને 'મેજર લૂઝર' જેવા શબ્દોથી નિશાન બનાવવા લાગ્યા. આ છતાં પોવેલે કદાચ જ ક્યારેય જાહેરમાં જવાબ આપ્યો. જ્યારે ફેડની સ્વતંત્રતા પર સવાલો ઉઠ્યા, ત્યારે તેમણે ખુલ્લેઆમ કહ્યું કે આ લડાઈ ફક્ત તેમની નથી, પરંતુ આ વાતની છે કે અમેરિકામાં વ્યાજ દરો આંકડાઓથી નક્કી થશે કે રાજકીય દબાણથી.

પોવેલની અંગત કહાની પણ એટલી જ માનવીય છે. તેઓ શરૂઆતમાં ગોડાઉનમાં સામાન પર લેબલ લગાવવાનું કામ કરતા હતા. તેમણે ક્યારેક અર્થશાસ્ત્રને કંટાળાજનક સમજીને છોડી દીધું હતું, પરંતુ તે જ વ્યક્તિ વૈશ્વિક અર્થતંત્રનો સૌથી મહત્વપૂર્ણ ચહેરો બની ગયો.

## તંત્રી લેખ

# શિલ્પા પટેલ કે કામિની પટેલ? યુવતી 1, પાસપોર્ટ 2

થોડા દિવસ પહેલાં અમદાવાદ પોલીસે એક એવી મહિલાને પકડી હતી જેણે ભારતીય વિઝા મેળવવા માટે ફોર્મમાં નકલી દસ્તાવેજો અને ખોટી માહિતી આપી હતી. હકીકતમાં ઘણા એજન્ટ્સ પણ વિદેશ કે અમેરિકા જવા માગતા ગુજરાતીઓને નકલી ડોક્યુમેન્ટ્સના આધારે અસલી પાસપોર્ટ બનાવી આપતા હોય છે. એક પાસપોર્ટ હોવા છતાં એ જ વ્યક્તિના ફોટોવાળો બીજો પાસપોર્ટ પણ નીકળે છે. જેમાં નામ, એડ્રેસ, જન્મ તારીખ જુદા હોય છે. આજના રિપોર્ટમાં વાંચો કે વિદેશ જવા માટે કેવી રીતે નકલી દસ્તાવેજોના આધારે બીજો પાસપોર્ટ મેળવી લેવાય છે અને આ માટે એજન્ટ કેવી મોડસ ઓપરેન્ડી અપનાવે છે.

માહિતી નકલી, પાસપોર્ટ અસલી

આવા પાસપોર્ટનો ઉપયોગ વિદેશ કે અમેરિકા જવા અથવા સેટલ થવા માટે મથતા લોકો ઉપરાંત ગુનેગાર અને ફ્રોડ કરનારા બિઝનેસમેન પણ કરતાં હોય છે. કુખ્યાત ભૂમાફિયા જયેશ રાણપરિયા પણ આવી જ ખોટી માહિતી સાથેના અસલી પાસપોર્ટ પર ભાગી ગયો હતો. જ્યારે બિઝનેસમેન અહીંથી લોન લઈને ફ્રોડ કરે છે. કેસ થાય ત્યારે પાસપોર્ટ કોર્ટમાં જમા કરાવે છે પરંતુ ખોટી માહિતી સાથેના બીજા પાસપોર્ટ પર વિદેશ પહોંચી જાય છે.

ડોક્યુમેન્ટ બનાવવા માટે 20થી 25 લાખ રૂપિયાનો ખર્ચ

સામાન્ય રીતે એજન્ટ્સ અમેરિકા મોકલવા માટે ડોક્યુમેન્ટ બનાવવાના ચાર્જ સહિત 70 લાખ રૂપિયાથી લઈને એક કરોડ કે સવા કરોડ રૂપિયા સુધી લેતા હોય છે. ડોક્યુમેન્ટ બનાવવા માટે એજન્ટ્સ એક વ્યક્તિ પાછળ 20થી 25 લાખ રૂપિયા ખર્ચ કરતાં હોય છે.અમેરિકા જવાનું નક્કી થાય ત્યારે સૌથી પહેલા એજન્ટ્સ લોકોના ખોટા ડોક્યુમેન્ટ બનાવે છે. વિદેશ જવા માટે સૌથી પહેલા પાસપોર્ટ જોઈએ. જેના માટે 2 ફોટો આઈડી હોવા જરૂરી છે. સામાન્ય રીતે લોકો પાન કાર્ડ અને આધાર કાર્ડ આપતા હોય છે. એજન્ટ્સ પાસે ઘણા એવા લોકો હોય છે જે ખોટી માહિતી પરથી ખોટા ડોક્યુમેન્ટ બનાવતા હોય છે.

ખોટા સરનામે ભાડા કરાર કરે

ખોટા ડોક્યુમેન્ટ માટે સૌથી પહેલા આધાર કાર્ડ બનાવાય છે. જેને વિદેશ જવાનું હોય તેનું નામ, પિતાનું નામ, અટક, જન્મ તારીખ, ખોટા સરનામાની માહિતી પરથી આધાર કાર્ડ બનાવાય છે. આ આધારકાર્ડ પરથી પાન કાર્ડ માટે અરજી કરાય છે. આ દરમિયાન એજન્ટ જેને વિદેશ જવાનું હોય તેના નામે ખોટા સરનામે ભાડા કરાર કરી નાખે છે. પાસપોર્ટ માટે પોલીસ વેરિફિકેશન ઓનલાઈન થઈ ગયું હોવાથી પોલીસ પણ અરજદારનો ક્રિમિનલ રેકોર્ડ જ ચેક કરે છે.

ધો. 7 સુધીનું ભણતર બતાવાય

વધારે પુરાવાની જરૂર હોય તો સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટ (LC) મૂકવામાં આવે છે. સામાન્ય રીતે ધોરણ 7 સુધીનું ભણતર બતાવવામાં આવે છે. જો તેનાથી વધુ ભણતર બતાવાયું હોય તો ચેકિંગ થાય છે પણ ધો.7 સુધીનું ભણતર હોય તો સ્કૂલમાં ચેકિંગ નથી થતું. આધાર અને પાન કાર્ડ આવી ગયા બાદ પાસપોર્ટ માટે અરજી કરાય છે.

# સતી વિધાન મુજબ સંસારનાં ત્રણ રત્ન વિદ્યા, શ્રી, અને દુર્ગા! અને રીતે માં રત્નાવલી સતી છે



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)



માનસ રત્નાવલીના પાંચમા દિવસની કથામાં પ્રવેશ કરી પૂજ્ય બાપુએ કેટલાક પ્રશ્નોનાં જવાબ આપ્યા! પ્રશ્ન છે કે શું તુલસીજી રત્નાવલીને મળવાં ગયાં, ત્યારે રાત્રિનાં સમયે જમુના પાર કરી હતી? શું એ સાચે જ શબ પર તરીને ગયાં હતાં, અને ઘરનાં મુખ્ય દ્વાર પરથી ગયાં નહીં, અને લટકતાં સર્પને દોરડું સમજી એનાથી ઉપર પહોંચ્યા હતાં? મેં પહેલે દિવસથી જ કહ્યું છે કે ઈતિહાસ શું કહે છે? એની સાથે મને મતલબ નથી. પણ અધ્યાત્મમાં શબ એટલે મૂઢતા અને સર્પ એટલેકે કામ! એ રીતે જોઈએ તો કંઈક સમજાય! તુલસી અને રત્નાવલીનું દામ્પત્ય સુંદર હતું, અને એમને તારક નામે એક પુત્ર પણ હતો, જેનું નાનપણમાં સર્પદંશથી મૃત્યુ થયું હતું! તુલસીએ આજીવિકા રુપે કર્મકાંડ સ્વીકાર્યું હતું અને કોઈ પૂજાપાઠ વગેરે કરાવી દક્ષિણા આપે! આમ તેની ગૃહસ્થી ચાલતી હતી. એકવખત એવું બન્યું કે ઘરમાં કંઈ જ ખાવાનું નથી હોતું, અને તુલસી કંઈક પૂજાપાઠનું કામ મેળવવાં બહાર જાય છે, અને ત્યાં રત્નાવલીનો ભાઈ આવે છે. બહેનને દુઃખી જોઈ પોતાની સાથે પિયર આવવાં કહે છે, રત્નાવલી એની સાથે પોતાને પિયર જાય છે, જે જમુનાને પેલે પાર હતું. તુલસી આવે છે, અને જુવે છે, રત્નાવલી નથી! એમને બહુ ખરાબ લાગે છે કે, પોતે તેની માટે જમવાનો પ્રબંધ કરવાં ગયાં, અને એટલી વાર પણ એ ખમી શકી નહીં! અને ખૂબ વરસાદને કારણે જમુનામાં પૂર આવ્યું હતું! રાતનું અંધારું હતું, અને તુલસી પર કામુકતા સવાર થઈ હતી, એટલે કે પ્રિયા સિવાય એને કંઈ જ દેખાતું નહોતું! આવી અજ્ઞાનની મૂઢતા તેની પર સવાર હતી! અને એ રીતે એ શબ એની પર સવાર થયું! હું તુલસી આસક્ત હતાં એવું નહીં કહું, પણ પતિ પત્નીના સંબંધમા અમુક ભાવ સહજ અને સ્વીકાર્ય હોય છે, અને એ રીતે તુલસી પણ તૃપ્તિ માટે કામ રુપે સર્પ પકડી ઉપર ગયાં! અધ્યાત્મિક રીતે આમ સમજી શકાય. તુલસી રત્નાવલીને બહું જ પ્રેમ કરતાં હતાં! પ્રેમ વિના રામ પ્રગટ થતાં નથી, અને પ્રેમ વિના રામચરિત માનસ પણ પ્રગટ થતું નથી. રામની જેમ જ રામચરિત માનસ પણ વિશ્વ વ્યાપક અને વ્યાપ્ત છે! જે આજે આખાં જગતને તરવાનું શીખવી રહ્યુ છે! આમ તુલસી જગતના તારક બન્યા! અને એ રામ તારક મંત્ર આપનાર તુલસી કંઈ રીતે મૂઢ હોય શકે! એને તરતાં આવડતુ ન્હોય! આ મારી સમજમાં નથી આવતું! પણ અતિ કામાસક્તિનું પરિણામ આવું હોય શકે ! એવો એક બોધ ચોક્કસ છે. તુલસી મૂઢતા કે બેહોશી પર સવાર થયાં, અને કામ રુપે ભૂજંગને પકડ્યો આમ આધ્યાત્મિક અર્થથી કંઈક પ્રેરણા મળે.

સંસ્કૃતમાં કહેવાયું છે કે સંસારનાં ત્રણ રત્ન છે, એક વિદ્યા, બીજી શ્રી, અને ત્રીજી દુર્ગા. વિદ્યા એટલે સરસ્વતી અને શ્રી એટલે લક્ષ્મી, દુર્ગા એટલે ભગવતી ચંડી પાર્વતી! અને હું મારી જવાબદારી સાથે કહું છું કે, મા રત્નાવલી આ ત્રણેયનું સમન્વિત રુપ હતી, એનામાં વિદ્યા હતી, શ્રી હતી અને એનામાં દુર્ગા પણું પણ હતું! અને આ હું નથી કહેતો એણે સ્વયંને જાગૃત કરવા માટે પોતે લખ્યું હતું.

તૂ ગૃહ શ્રી હી ધી રતન તૂ તિય સકતિ મહાન,

તું અબલા સબલા બને ધરી ઉર સતી વિધાન.

રત્નાવલી સ્વયંને કહે છે, તું દુર્ગા છે, તું લક્ષ્મી છે, તું સરસ્વતી છે, તું અબળા નથી સબળા છે, સતી વિધાનથી જાણી શકાશે. રત્નાવલી મહાન સતી છે, રત્ન છે. મારી બેન દીકરીઓ ક્યારે પણ તમારું મૂલ્યાંકન ઓછું ન કરો. સતી વિધાનનાં કેટલાક લક્ષણો, પહેલો અર્થ જેનાં જીવનમાં નકશિખ સત હોય એ સતી. બીજું જે માતૃ શરીરમાં તપ હોય એ સતી. ત્રીજું વિધાન છે ક્ષમા, ગીતાનો શબ્દ છે શાંતિ, શાંતિ એટલે ક્ષમા કરનારી, સતીએ છે જે ક્ષમા કરે છે. મારી દ્રષ્ટિએ અહલ્યા સતી છે, એ ઈન્દ્રને સાપ આપીને ભસ્મ કરી શકી હોત, પરંતુ ક્ષમાનું વિધાન એણે નિભાવ્યું. આગળનું લક્ષણ છે સોરી રત્નામલીમાં શૌર્ય છે એણે તુલસીને ચેતવ્યા! ત્યારબાદ ધૈર્ય. આગળનું સત્યવિધાન પતિપ્રિયતા અને ત્યાર પછીનું ત્યાગ અને સમર્પણ! રત્નાવલીમાં આ બધા જ સતિવિધાનના લક્ષણો દેખાય છે એ લક્ષ્મી છે વિદ્યા છે એ સરસ્વતી છે અને દુર્ગા પણ છે એવી માં રત્નાવલી નું આપણે દર્શન કરી રહ્યા છે આપણે એની પરિક્રમા કરી રહ્યા છીએ.

બીજો એક પ્રશ્ન બાપુ શિવ સતી ના પ્રસંગમાં જ્યારે સતીને સંદેશ થાય છે અને બીજા જન્મમાં પાર્વતી બનીને ફરી એ જ પ્રશ્ન કરે છે ત્યારે સંદેશ મન રામ તત્વ શું છે! એ વિશે હજી સંદેહ ગ્રસ્ત છે? તો શું સંદેશના મૂળ એટલા બધા ઊંડા હોય છે કે બીજા જન્મમાં પણ એ જ સ્થિતિ? આ વાતને ઘણીવાર કહી છે કે આપણે સાવધાન રહેવું જોઈએ આપણા મનમાં સન્ડે પ્રગટ થાય એનાથી બચવું ગીતા તો બહુ આકરો નિર્ણય આપે છે સંશયાત્મા વિનશ્યતિ. વંદે માણસનો નાશ કરી દે છે એના મૂળ ખૂબ જ ઊંડા હોય છે અને એનું નિવારણ કેવી રીતે થાય ભાગવત કથાનું શ્રવણ કરવાથી અને સ્મરણ કે સત્સંગથી સંદેશ થાય છે. પ્રમાણ રામચરિત માનસમાં ગરુડના મનમાં બહુ મોટો સંદેશ હતો કાગભુષંડી પાસે જઈને એને કથા સાંભળી અને અંતે એનો સંદેહ ગયો.

ગયઉ મોર સંદેહ સુનેઉં સકલ રઘુપતિ ચરિત,

ભયઉ રામ પદ નેહ તવ પ્રસાદ બાયસ તિલક.

તો કથા સાંભળતા રહો સંદેહ નો નાશ થઈ જશે. ગૌતમ બુદ્ધનું એક ઉદાહરણ આપતા કહ્યું કે ભગવાન બુદ્ધનું શરીર અતિવૃદ્ધ થયું અને થાકીને એક ઝાડ ના છાયામાં બેઠા આનંદને જળ લાવવા કહ્યું! આનંદ જળ લેવા જાય છે પણ થોડા સમય પછી જળ લીધા વિના પાછા આવે છે ભગવાન બુદ્ધના પૂછવાથી જણાવે છે કે બળદ ગાડું નીકળ્યું અને પાણી ગંદુ થઈ ગયું. બુદ્ધિ ફરી મોકલ્યા ફરી આનંદ એમ જ પાછા આવ્યા અને કહ્યું પાણી ગંદુ છે બુદ્ધિ ત્રીજીવાર જવાનું કહ્યું અને સાથે એ પણ કહ્યું કે પાણી સ્વચ્છ ન થાય ત્યાં સુધી ત્યાં જ બેઠો રહેજે! આનંદ ભગવાનના કહ્યા પ્રમાણે ત્યાં જ બેઠા રહ્યા અને વહેતું પાણી થોડી જ વારમાં સ્વચ્છ થઈ જાય છે અને એ નિર્મલ પાણી લઈને આવે છે ભગવાન બુદ્ધ એ જળ પીવે છે. તો કથા સાંભળતા રહો સંદેહ નો નાશ થઈ જશે. ગૌતમ બુદ્ધનું એક ઉદાહરણ આપતા કહ્યું કે ભગવાન બુદ્ધનું શરીર અતિવૃદ્ધ થયું અને થાકીને એક ઝાડ ના છાયામાં બેઠા આનંદને જળ લાવવા કહ્યું! આનંદ જળ લેવા જાય છે પણ થોડા સમય પછી જળ લીધા વિના પાછા આવે છે ભગવાન બુદ્ધના પૂછવાથી જણાવે છે કે બળદ ગાડું નીકળ્યું અને પાણી ગંદુ થઈ ગયું. બુદ્ધિ ફરી મોકલ્યા ફરી આનંદ એમ જ પાછા આવ્યા અને કહ્યું પાણી ગંદુ છે બુદ્ધિ ત્રીજીવાર જવાનું કહ્યું અને સાથે એ પણ કહ્યું કે પાણી સ્વચ્છ ન થાય ત્યાં સુધી ત્યાં જ બેઠો રહેજે! આનંદ ભગવાનના કહ્યા પ્રમાણે ત્યાં જ બેઠા રહ્યા અને વહેતું પાણી થોડી જ વારમાં સ્વચ્છ થઈ જાય છે અને એ નિર્મલ પાણી લઈને આવે છે ભગવાન બુદ્ધ એ જળ પીવે છે. ત્યારબાદ કહે છે કે તું મને ઘણીવાર પૂછતો રહે છે કે આ વાત મારી સમજમાં નથી આવતી મારું મન સદેહ કરે છે તો આનંદ એનો જવાબ આ જ છે મને ઘણા સંદેશો ને લઈને વહેતું રહે છે ત્યારે તું એનામાં હસ્તક્ષેપ ન કર તું તટ પર બેસી જા અને વહેતું મન નિર્મલ થાય એની પ્રતીક્ષા કર! અને એટલે જ કહેવાયું છે.

ગુરુ બીન જ્ઞાન ન ઉપજે ગુરુ બીન મીટે ન ભેદ ગુરુ બિન સંસય ન મીટે, કહ ગયે ચારો વેદ.

કથાના ક્રમમાં ચારેય ભાઈઓનાં નામકરણ સંસ્કાર કરવામાં આવ્યા, ત્યાંથી રામ લક્ષ્મણને ઋષિ વિશ્વામિત્ર લઈ જાય છે, અને યજ્ઞ સફલ થતાં અલ્યાનો ઉધાર કરી ગંગાવતરણની કથા સાંભળી જનકપુર પહોંચે છે, ત્યાં સુધીની કથા કરી પાંચમા દિવસની કથાને વિરામ આપ્યો.

## અમદાવાદ મંડળ પર આંતરરાષ્ટ્રીય મજૂર દિવસનું આયોજન, WRWWO-અમદાવાદ દ્વારા 30 રેલવે કર્મચારી સન્માનિત





**અમદાવાદ, તા. 01**

તારીખ 1 મે 2026 આંતરરાષ્ટ્રીય મજૂર દિવસના અવસર પર પશ્ચિમ રેલવે મહિલા કલ્યાણ સંગઠન (WRWWO), અમદાવાદ મંડળ દ્વારા મંડળ રેલવે મેનેજર ઓફિસમાં ગરિમાપૂર્ણ સમારંભનું આયોજન કરવામાં આવ્યું. આ અવસર પર મંડળના વિવિધ વિભાગોના 30 રેલવે કર્મચારીઓને પ્રશંસા પત્ર અને સ્મૃતિ ચિન્હ આપી સન્માનિત કરવામાં આવ્યા અને તેમના કઠોર પરિશ્રમ, લગન અને નિષ્ઠા પૂર્ણ કામોની પ્રશંસા કરવામાં આવી.

કાર્યક્રમના મુખ્ય મહેમાન મંડળ રેલવે મેનેજર શ્રી વેદ પ્રકાશ હતા. કાર્યક્રમનો શુભારંભ અતિથિઓ દ્વારા દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવ્યો. આ અવસર પર WRWWO અમદાવાદ મંડળની અધ્યક્ષા શ્રીમતી શેફાલી ગુપ્તાએ તમામ રેલવે કર્મચારીઓને મજૂર દિવસની શુભેચ્છાઓ આપતાં કહ્યું કે ભારતીય રેલવે, જે દેશની જીવન રેખા છે, તેની મજબૂતી અને સફળતા પાછળ લાખો કર્મચારીઓનો અથાગ પરિશ્રમ સમાયેલો છે. તેમણે કહ્યું કે ટ્રેકમેન, ગાર્ડ, લોકો પાયલોટ, ટેકનિકલ કર્મચારી અથવા સ્ટેશન સ્ટાફ-દરેક કર્મચારી પોતાની જવાબદારી પૂર્ણ નિષ્ઠાથી નિભાવે છે. મજૂર દિવસ અમને આ સંદેશ આપે છે કે દરેક શ્રમિકનું યોગદાન અમૂલ્ય છે અને તેમનું સન્માન કરવું આપણું કર્તવ્ય છે.

મંડળ રેલવે મેનેજર શ્રી વેદ પ્રકાશ એ પોતાના સંભાષણમાં રેલવે કર્મચારીઓની લગન અને સમર્પણની પ્રશંસા કરતાં કહ્યું કે લાઈન પર કામ કરનારા કર્મચારી દરેક ઋતુમાં થાક્ય વગર પોતાની જવાબદારી નિભાવે છે જે અત્યંત પ્રશંસનીય છે. તેમણે કહ્યું કે ભારતીય રેલવે ફક્ત પાટાઓ અને ટ્રેનોનું નેટવર્ક નથી, પરંતુ આ કર્મચારીઓની મહેનત, શિસ્ત અને કર્તવ્યનિષ્ઠાનું પ્રતીક છે. દિવસ-રાત, ગરમી-વરસાદ દરેક પરિસ્થિતિમાં રેલવે કર્મચારીઓ પોતાની સેવાઓ આપીને દેશની ગતિ જાળવી રાખે છે. આ અવસર પર અપર મંડળ રેલવે મેનેજર શ્રીમતી મંજૂ મીણા, અપર મંડળ રેલવે મેનેજર શ્રી વિકાસ ગઢવાલ, વરિષ્ઠ મંડળ કાર્મિક અધિકારી શ્રી સિદ્ધાર્થ સહિત અન્ય અધિકારીઓ, મહિલા કલ્યાણ સંગઠનની સભ્યો, રેલવે યૂનિયન અને એસોસિએશનના પદાધિકારી તથા કર્મચારી ઉપસ્થિત હતા.

# લાગણીવાળા લોકો પાણીના દરેક ટીપાની કદર કરે..પછીએ આકાશમાંથી હોય કે કોઈની આંખમાંથી વિવેક વિનાની મોજ કેવી રીતે એક નિર્દોષ જીવનો ભોગ લે છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)



માણસ હસી શકે છે, એ જ તેને બીજા પ્રાણીઓથી અલગ પાડે છે. મજાક જીવનમાં રંગ પૂરે છે. પણ જ્યારે એ જ મજાક કોઈની લાચારીને નિશાન બનાવે ત્યારે તે હાસ્ય મટીને હિંસા બની જાય છે. આપણે ઘણીવાર 'જસ્ટ ફન' કહીને બીજાના દુઃખને હળવું લઈ લઈએ છીએ. પણ પેલી વ્યક્તિ માટે એ 'ફન' જીવન-મરણનો સવાલ હોઈ શકે છે.આ લેખ એક એવી સત્ય ઘટના આધારિત કથા છે જ્યાં દારૂના નશામાં કરેલી એક 'નિર્દોષ' મજાકે એક અબળ વૃદ્ધાનો જીવ લીધો, અને બે યુવાનોની આખી જિંદગી બદલી નાખી. આ કથા આપણને અરીસો બતાવે છે - આપણી મજાક ક્યાં અટકવી જોઈએ, અને માણસાઈ ક્યાંથી શરૂ થાય છે.એક નાના શહેરમાં એક વૃદ્ધા રહેતી. ઉંમરે આંખો ધૂંધળી થઈ ગઈ હતી. ભીખ માંગીને પેટ ભરતી. લોકોની દયા પર તેનો દિવસ પસાર થતો. એક દિવસ તેને સખત તાવ ચઢ્યો. શરીર તૂટતું હતું, ચાલવું પણ મુશ્કેલ હતું. એ જ સમયે એક દયાળુ માણસ ત્યાંથી પસાર થયો. વૃદ્ધાની હાલત જોઈને તેનું હ્રદય દ્રવી ઉઠ્યું. ખિસ્સામાંથી ૫૦૦ રૂપિયાની નોટ કાઢીને તેણે કહ્યું, 'માડી, આ રાખો. દવા લઈને જલ્દી સાજા થઈ જજો.'

વૃદ્ધાની આંખમાં કૃતજ્ઞતાના આંસુ આવી ગયા. આશીર્વાદ દેતી તે ધીમે ધીમે ઘર તરફ ચાલી સાંજ ઢળી રહી હતી. રસ્તામાં એક ઉજ્જડ જગ્યાએ બે યુવાનો દારૂ પીને ધમાલ મચાવતા હતા. વૃદ્ધા ત્યાંથી પસાર થઈ. એક દારૂડિયાની નજર તેના વાટકામાં પડેલી ૫૦૦ની નોટ પર પડી.નશામાં તોફાન સૂઝ્યું. હસતાં હસતાં બોલ્યો, 'જોઈએ ડોશીને ખબર પડે છે કે નહીં?' અને ચપળતાથી નોટ ઉપાડી ખિસ્સામાં મૂકી દીધી.

વૃદ્ધાને ખ્યાલ આવી ગયો કે કંઈક લેવાયું છે, પણ તે લાચાર હતી. શાંતિથી ઘરે પહોંચી. રાત પડી. તાવ વધતો ગયો. દવાના પૈસા નહોતા. આખી રાત તે વેદનામાં તડપતી રહી અને પરોઢ થતાં પહેલાં જ તેનો જીવ નીકળી ગયો.

બીજા દિવસે સવારે નશો ઉતર્યો. બંને યુવાનોને રાતની કરતૂત યાદ આવી. હાસ્ય ગાયબ થઈ ગયું. ચહેરા પર પસ્તાવો ઉભરાયો. એક બોલ્યો, 'આપણે ખોટું કર્યું. ચાલ, આજે સાંજે ડોશીને પૈસા પાછા આપી દઈએ.' નક્કી કર્યું કે આજે દારૂ નહીં પીએ અને એ જ જગ્યાએ રાહ જોશે. પણ સાંજે ડોશી દેખાઈ નહીં. ચિંતા થઈ.આસપાસ પૂછપરછ કરી. ઘર શોધ્યું. બહાર ટોળું હતું. ગમગીન વાતાવરણ હતું. પૂછ્યું, 'અહીં રહેતી ડોશી ક્યાં છે?'

જવાબ મળ્યો, 'ગઈકાલે રાત્રે દવાના અભાવે તે ગુજરી ગયા.'

એક ક્ષણમાં બંનેના પગ નીચેથી ધરતી સરકી ગઈ. તેમની એક મજાકે એક જીવ લઈ લીધો હતો. આંખમાંથી આંસુ વહેવા લાગ્યા. અપરાધભાવે અંતરાત્મા હચમચી ગયો. તે જ ક્ષણે પ્રતિજ્ઞા લીધી - 'હવે ક્યારેય દારૂને અડશું નહીં, અને ક્યારેય એવી મજાક નહીં કરીએ જેનાથી કોઈને નુકસાન થાય.'

માતા-પિતાને જ્યારે ખબર પડી ત્યારે તેઓ પણ દુઃખી થયા. તેમણે દીકરાઓને કહ્યું, 'ભૂલ મોટી છે, પણ હવે બાકીનું જીવન સાચા માર્ગે ચાલવામાં જ તેનું પ્રાયશ્ચિત છે. જ્યારે પણ કોઈ નિરાધાર મળે, મદદનો હાથ લંબાવજો.' તે દિવસથી બંને યુવાનો બદલાઈ ગયા. દરેક વૃદ્ધામાં તેમને પેલી ડોશી દેખાતી, અને તેમની ભૂલ યાદ આવી જતી.

જીવનનું પાસું કથામાંથી મળતો બોધ વ્યસનનો ભોગ દારૂ માણસની વિવેકબુદ્ધિ હરી લે છે. નશામાં આપણે 'માણસ' મટીને 'જીવ' બની જઈએ છીએ. કોઈની ગરીબી, બીમારી કે લાચારી ક્યારેય મજાકનો વિષય ન બને. તમારી એક ક્ષણની મોજ કોઈના જીવનની છેલ્લી ક્ષણ બની શકે છે. ' ૫ છી કરી લઈશું 'એવું વિચારવું જીવલેણ બની શકે છે. મદદ હંમેશા સમયસર જ કામ આવે છે. પસ્તાવાના આંસુ સારા છે, પણ બસ નથી. સાચું પ્રાયશ્ચિત જીવન બદલવામાં છે.

વાચક મિત્રો, આપણે સૌ ક્યારેક ને ક્યારેક અજાણતાં એવી મજાક કરી બેસીએ છીએ જે બીજાને વાગી જાય છે. આ કથા એટલે જ કહે છે. વિચારો,વિવેક વાપરો. જરૂરિયાતમંદને મદદ કરવાની એક પણ તક ગુમાવશો નહીં.

આ કથા અહીં પૂરી નથી થતી. અંતે એક આર્તનાદ છે, જે ગોપીઓએ શ્રીકૃષ્ણને કર્યો હતો, અને આજે એ આર્તનાદ આપણા સૌનો છે:

'તમારાં લક્ષણ પરથી અમે જાણી ગયાં છીએ કે, તમે ગોપીકાનંદન નથી, યશોદાનો લાલ નથી! એ તો બધાં કેવાં ભલાં ને ભોળાં છે! અને તમે! તમે તો કેવળ નિષ્ઠુર છો? અમે તને ઓળખી ગયાં છીએ.તું વિશ્વંભર વિષ્ણુ છે!તું પ્રાણીમાત્ર ના અંતરમાં રહેવાવાળો, અંતરાત્માનો દ્રષ્ટા, સાક્ષી છે! છટ, હું અંતર્યામી શાનો? તું અંતર્યામી હોય તો અમારા અંતરની વેદનાને જાણે નહી? તું વિશ્વંભર વિશ્વાધાર વિષ્ણુયે નથી. અમ ઘરનાનું તું રક્ષણ નથી કરી શકતો, તો તું વિશ્વનું રક્ષણ શું કરવાનો હતો?

હે કાંત, તમે તો અતિ ઉદાર છો, કૃપાનિધાન છો. સંસારના ભયથી બાંધેલ જીવ તમારે શરણે આવે તો તમે એને ભયમુક્ત કરો છો, તેમ અમે પણ તમારે શરણે છીએ. અમને ભયમુક્ત કરો! અમે નિઃસાધન છીએ. અમારું એકમાત્ર સાધન દૈન્ય છે. અમારો આધાર તમે છો. અમે તમારું શરણું લીધું છે. અમારો સ્વીકાર કરો અને કમળસરખો વરદ શ્રીહસ્ત અમારાં મસ્તક ઉપર મૂકો! એથી અમારી મનોકામના પૂર્ણ થશે. અમારું જીવ્યું સાર્થક થશે!'તમારાં લક્ષણ પરથી અમે જાણી ગયાં છીએ કે, તમે ગોપીકાનંદન નથી, યશોદાનો લાલ નથી! એ તો બધાં કેવાં ભલાં ને ભોળાં છે! અને તમે! તમે તો કેવળ નિષ્ઠુર છો? અમે તને ઓળખી ગયાં છીએ.તું વિશ્વંભર વિષ્ણુ છે!તું પ્રાણીમાત્ર ના અંતરમાં રહેવાવાળો, અંતરાત્માનો દ્રષ્ટા, સાક્ષી છે! છટ, હું અંતર્યામી શાનો? તું અંતર્યામી હોય તો અમારા અંતરની વેદનાને જાણે નહી? તું વિશ્વંભર વિશ્વાધાર વિષ્ણુયે નથી. અમ ઘરનાનું તું રક્ષણ નથી કરી શકતો, તો તું વિશ્વનું રક્ષણ શું કરવાનો હતો?

હે કાંત, તમે તો અતિ ઉદાર છો, કૃપાનિધાન છો. સંસારના ભયથી બાંધેલ જીવ તમારે શરણે આવે તો તમે એને ભયમુક્ત કરો છો, તેમ અમે પણ તમારે શરણે છીએ. અમને ભયમુક્ત કરો! અમે નિઃસાધન છીએ. અમારું એકમાત્ર સાધન દૈન્ય છે. અમારો આધાર તમે છો. અમે તમારું શરણું લીધું છે. અમારો સ્વીકાર કરો અને કમળસરખો વરદ શ્રીહસ્ત અમારાં મસ્તક ઉપર મૂકો! એથી અમારી મનોકામના પૂર્ણ થશે. અમારું જીવ્યું સાર્થક થશે!

હે વ્રજજનાર્તિહન્,તમે વ્રજવાસીઓની પીડાનો નાશ કરનાર છો! હે ગોપીજનવલ્લભ, સ્ત્રીઓ વચ્ચે રહેવા છતાં તમે કામ વિજેતા વીર છો! તમે યોગેશ્વર છો, સંપૂર્ણ નિર્વિકારી છો. અમારા મનમાં વિકાર છે એમ સમજી તમે અમારાથી અંતર્ધ્યાન થયા હો તો તે બરાબર નથી, કારણ કે એક સ્મિતથી તમે નિજજનના વિકારનો નાશ કરવા સમર્થ છો. અમે તમારી કિંકરી છીએ. અમારો તમારા પર હક્ક છે. હે સખે, તારું સુંદર કમળવદન અમને દેખાડ!'

યાદ રાખો,આપણે સૌ વિશ્વંભર' ના સંતાન છીએ. બીજાની પીડા સમજવાની સંવેદના અને મદદ કરવાનો હાથ જો ન હોય,તો આપણી માણસાઈ અધૂરી છે. આજે તમારી કોઈ વાત, કોઈ ટકોર, કોઈ મજાક કોઈના હ્રદયને ચીરી તો નથી રહી ને?

### મહિલાઓની રહી પહેલી પસંદ ₹722 કરોડથી વધુ આવક પ્રાપ્ત કરી

# ગુજરાતમાંથી 73 લાખથી વધુ મુસાફરોએ વંદે ભારત ટ્રેનોમાં કરી પ્રીમિયમ મુસાફરી

## ભારતીય રેલવે ભવિષ્યમાં પણ યાત્રીઓને સુરક્ષિત, આરામદાયક અને વિશ્વ સ્તરનો યાત્રા અનુભવ ઉપલબ્ધ કરાવવા માટે પ્રતિબદ્ધ છે

**રેલવે, તા.01**

ભારતીય રેલવેની પ્રીમિયમ સેમી-હાઈસ્પીડ સેવા વંદે ભારત એક્સપ્રેસે દેશમાં આધુનિક રેલવે યાત્રાની નવી ઓળખ સ્થાપિત કરી છે. ફેબ્રુઆરી 2019 માં એક સેવાથી શરૂ થઈને આજે આ નેટવર્ક દેશભરમાં 162 થી વધુ ટ્રેનો સુધી વિસ્તરી ચુક્યું છે, જે મુખ્ય શહેરોને ઝડપી, સુરક્ષિત અને આરામદાયક યાત્રાથી જોડી રહ્યું છે.

ગુજરાતથી સંચાલિત વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનોએ યાત્રીઓ વચ્ચે વિશેષ લોકપ્રિયતા પ્રાપ્ત કરી છે. 1 ઓક્ટોબર 2022 થી 31 માર્ચ 2026 સુધીના સમયગાળામાં રાજ્યથી સંચાલિત 6 જોડી વંદે ભારત ટ્રેનોમાં લગભગ 73 લાખ યાત્રીઓએ યાત્રા કરી, જ્યારે એનાથી કુલ રૂ. 722 કરોડની આવક પ્રાપ્ત થઈ છે.

ગુજરાતથી સંચાલિત 6 વંદે ભારત ટ્રેનોની વિગતો (આરંભની તારીખ સહિત)

મુંબઈ સેન્ટ્રલ - ગાંધીનગર વંદે ભારત એક્સપ્રેસ : સેવા આરંભ 01 ઓક્ટોબર 2022

સાબરમતી - જોધપુર વંદે ભારત એક્સપ્રેસ : સેવા આરંભ 09 જુલાઈ 2023

અમદાવાદ - ઓખા વંદે ભારત એક્સપ્રેસ : સેવા આરંભ 25 સપ્ટેમ્બર 2023

મુંબઈ સેન્ટ્રલ - અમદાવાદ વંદે ભારત એક્સપ્રેસ : સેવા આરંભ 13 માર્ચ 2024

સાબરમતી - વેરાવળ વંદે ભારત એક્સપ્રેસ : સેવા આરંભ 27 મે 2025

અસારવા - ઉદયપુર વંદે ભારત એક્સપ્રેસ : સેવા આરંભ 18 ફેબ્રુઆરી 2026

અમદાવાદ-મુંબઈ માર્ગ પર બંને વંદે ભારત યાત્રીઓની પહેલી પસંદ બની ગઈ છે. ધંધાદારીઓ, વ્યવસાયિકો તથા નિયમિત યાત્રી આ સેવાનો વ્યાપકરૂપે ઉપયોગ કરી રહ્યા છે. આ સેવાઓમાં ફક્ત યાત્રીઓની સંખ્યામાં સતત વૃદ્ધિ જ નોંધવામાં નથી આવી, પરંતુ કેટલાક માર્ગો પર માંગ ક્ષમતાથી કેટલીય વધારે, 140% સુધીની ઓક્યુપેન્સી નોંધવામાં આવી છે, આ લોકપ્રિયતાને દર્શાવે છે. કેટલાક માર્ગો પર ઓક્યુપેન્સી 100% થી વધુ રહી છે, જ્યારે કેટલીક ટ્રેનોની ઓક્યુપેન્સી 90% થી વધુ રહી છે.

આધુનિક સુવિધાઓથી સુસજ્જિત ટ્રેનો

'મેક ઈન ઈન્ડિયા' પહેલ હેઠળ નિર્મિત વંદે ભારત ટ્રેનો અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ છે, જેમાં સામેલ છે :

ઓટોમેટિક દરવાજાઓ અને જીપીએસ આધારિત યાત્રી સૂચના સિસ્ટમ

આરામદાયક રિક્લાઈનીંગ સીટો અને પૂરતો લેગરૂમ

મોબાઈલ ચાર્જિંગ પોઈન્ટ અને ઓનબોર્ડ ઈન્ફોટેનમેન્ટ

સંપૂર્ણ સીસીટીવી કવરેજ અને બાયો-વેક્યુમ ટોઈલેટ

દિવ્યાંગો માટે અલગથી શૌચાલય

ટ્રેનમાં અગ્નિશામક યંત્ર અને ફાયર એલાર્મની વ્યવસ્થા

ઉત્કૃષ્ટ ખાણી-પીણી અને સેવાઓ

યાત્રીઓને ઉચ્ચ ગુણવત્તાની ઓનબોર્ડ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે, જેમાં :

સ્વચ્છ અને તાજું ભોજન

ક્ષેત્રીય સ્વાદ પર આધારિત વિવિધ મેનૂ

પ્રી-પેક્ડ હાઈજિનિક સેવા

પ્રશિક્ષિત સ્ટાફ દ્વારા સમયબદ્ધ સેવા

ઉચ્ચ સમયપાલન, ઉત્તમ સુરક્ષા માનક અને ઉત્કૃષ્ટ સ્વચ્છતાને કારણે યાત્રીઓને વિશ્વાસ સતત મજબૂત થયો છે. ઝડપી ગતિ અને ઓછા યાત્રા સમયને કારણે આ ટ્રેનો વ્યવસાયિક અને નિયમિત યાત્રીઓ માટે અત્યંત ઉપયોગી સિદ્ધ થઈ રહી છે.

ગુજરાતમાં વંદે ભારત એક્સપ્રેસની આ નોંધપાત્ર સફળતા ભારતીય રેલવેના યાત્રી-કેન્દ્રીત દ્રષ્ટીકોણનું સશક્ત પ્રમાણ છે. ભારતીય રેલવે ભવિષ્યમાં પણ યાત્રીઓને સુરક્ષિત, આરામદાયક અને વિશ્વ સ્તરનો યાત્રા અનુભવ ઉપલબ્ધ કરાવવા માટે પ્રતિબદ્ધ છે.

# પશ્ચિમ રેલવે ચલાવશે પશ્ચિમ બંગાળ માટે ચાર વન-વે સ્પેશિયલ ટ્રેનો

**રેલવે, તા.01**

પશ્ચિમ રેલવે દ્વારા યાત્રીઓની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખતાં ભુજ-કોલકાતા, રાજકોટ-કોલકાતા, સાબરમતી-હાવડા અને વટવા-હાવડા વચ્ચે વન વે સ્પેશિયલ ટ્રેનો વિશેષ ભાડા પર ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેની વિગતો નીચે પ્રમાણે છે :

1. ટ્રેન નંબર 09401 ભુજ - કોલકાતા વન-વે સ્પેશિયલ

ટ્રેન નંબર 09401 ભુજ - કોલકાતા વન-વે સ્પેશિયલ તારીખ 30 એપ્રિલ 2026 (ગુરૂવાર) ના રોજ ભુજથી 15:30 કલાકે પ્રસ્થાન કરશે અને ત્રીજા દિવસે 15.10 કલાકે કોલકાતા પહોંચશે.

આ ટ્રેન માર્ગમાં ગાંધીધામ, ભચાઊ, પાલનપુર, આબૂ રોડ, અજમેર, જયપુર, બાંદીકુઈ, ભરતપુર, ઈદગાહ આગરા, ટૂંડલા, ઈટાવા, ગોવિંદપુરી, સૂબેદારગંજ, મિર્જાપુર, પંડિત દીન દયાળ ઉપાધ્યાય, બક્સર, આરા, દાનાપુર, પટના, બખ્તિયારપુર, મોકામા, કિઉલ, અભયપુર જમાલપુર, સુલ્તાનગંજ, ભાગલપુર, કહલગાંવ, સાહિબગંજ, બડહરવા, રામપુર હાટ, બોલપુર, વર્ધમાન અને બૈંડેલ સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં સ્લીપર અને સામાન્ય શ્રેણીના કોચ રહેશે.

2. ટ્રેન નંબર 09501 રાજકોટ - કોલકાતા વન-વે સ્પેશિયલ

ટ્રેન નંબર 09501 રાજકોટ - કોલકાતા વન-વે સ્પેશિયલ તારીખ 30 એપ્રિલ 2026 (ગુરૂવાર) ના રોજ રાજકોટથી 17:00 કલાકે પ્રસ્થાન કરશે તથા ત્રીજા દિવસે 17:10 કલાકે કોલકાતા પહોંચશે.

આ ટ્રેન માર્ગમાં વાંકાનેર, સુરેન્દ્રનગર, મહેસાણા, પાલનપુર, આબૂ રોડ, અજમેર, જયપુર, બાંદીકુઈ, ભરતપુર, ઈદગાહ આગરા, ટૂંડલા, ઈટાવા, ગોવિંદપુરી, સૂબેદારગંજ, મિર્જાપુર, પંડિત દીન દયાળ ઉપાધ્યાય, બક્સર, આરા, દાનાપુર, પટના, બખ્તિયારપુર, મોકામા, કિઉલ, અભયપુર જમાલપુર, સુલ્તાનગંજ, ભાગલપુર, કહલગાંવ, સાહિબગંજ, બડહરવા, રામપુર હાટ, બોલપુર, વર્ધમાન અને બૈંડેલ સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં સ્લીપર અને સામાન્ય શ્રેણીના કોચ રહેશે.

3. ટ્રેન નંબર 09403 સાબરમતી - હાવડા વન-વે સ્પેશિયલ

ટ્રેન નંબર 09403 સાબરમતી - હાવડા જંકશન વન-વે સ્પેશિયલ તારીખ 01 મે 2026 (શુક્રવાર) ના રોજ સાબરમતીથી 18:00 કલાકે પ્રસ્થાન કરશે તથા ત્રીજા દિવસે 15:30 કલાકે હાવડા જંકશન પહોંચશે.

આ ટ્રેન માર્ગમાં મહેસાણા, પાલનપુર, આબૂ રોડ, અજમેર, જયપુર, બાંદીકુઈ, ભરતપુર, ઈદગાહ આગરા, ટૂંડલા, ઈટાવા, ગોવિંદપુરી, સૂબેદારગંજ, મિર્જાપુર, પંડિત દીન દયાળ ઉપાધ્યાય, બક્સર, આરા, દાનાપુર, પટના, બખ્તિયારપુર, મોકામા, કિઉલ, અભયપુર જમાલપુર, સુલ્તાનગંજ, ભાગલપુર, કહલગાંવ, સાહિબગંજ, બડહરવા, રામપુર હાટ, બોલપુર, વર્ધમાન અને બૈંડેલ સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં સ્લીપર અને સામાન્ય શ્રેણીના કોચ રહેશે.

4. ટ્રેન નંબર 09481 વટવા - હાવડા વન-વે સ્પેશિયલ

ટ્રેન નંબર 09481 વટવા-હાવડા વન-વે સ્પેશિયલ તારીખ 01 મે 2026 (શુક્રવાર) ના રોજ વટવાથી 16:45 કલાકે પ્રસ્થાન કરશે તથા ત્રીજા દિવસે 10:00 કલાકે હાવડા પહોંચશે.

# પ્રવાસી-મજૂરો પર મોંઘવારીનો તગડો પ્રહાર, ૫ કિગ્રા સિલિન્ડર પણ ₹૨૬૧ મોંઘો..!



**અમદાવાદ, તા.01**

કમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં ભારે વધારો, મોંઘવારીથી પીડિત જનતા પર વધુ એક આંચકો સાથો સાથ પ્રવાસી-મજૂરો પર મોંઘવારીનો તગડો પ્રહાર, ૫ કિગ્રા સિલિન્ડર પણ ૨૬૧ મોંઘો થયો જે ચૂંટણી પછી ગેસ સીલીન્ડરમાં ભાવ વધારો ઝીંકવાની ભાજપ સરકારની નીતિનો પર્દાફાશ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનીષ દોશીએ જણાવ્યું હતું કે દેશભરમાં પાંચ રાજ્યોની ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થતા જ કેન્દ્રની ભાજપ સરકારે સામાન્ય જનતા અને નાના વેપારીઓ પર મોંઘવારીનો વધુ એક મોટો પ્રહાર કર્યો છે. ૧મે થી ૧૯ કિલો ગ્રામના કમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં ૯૯૩નો અભૂતપૂર્વ વધારો કરવામાં આવ્યો છે, જેના કારણે તેનો ભાવ ૨૦૭૮.૫૦થી વધીને ૩૦૭૧.૫૦ થયો છે. એક જ દિવસે આશરે ૫૦%નો વધારો છેલ્લા કેટલાક વર્ષોમાં સૌથી મોટો વધારો છે. એટલું જ નહીં, ૫ કિલો ગ્રામના "ફ્રી ટ્રેડ એલપીજી (એફટીએલ)" સિલિન્ડરના ભાવમાં પણ ૨૬૧નો વધારો ઝીંકવામાં આવ્યો છે, જેનો સીધો પ્રભાવ નાના દુકાનદારો, રેંકડી-લારી વાળા અને સ્વરોજગાર સાથે જોડાયેલા લાખો લોકો પર પડશે. છેલ્લા ચાર મહિનામાં કમર્શિયલ સિલિન્ડરના ભાવમાં કુલ ૧૫૧૮નો વધારો થયો છે. આથી સ્પષ્ટ થાય છે કે ભાજપ સરકારે ચૂંટણી દરમિયાન મોંઘવારીને દબાવી રાખી અને હવે "ચૂંટણી બિલ" તરીકે જનતાથી વસૂલી શરૂ કરી છે.

મજૂર દિવસના દિવસે જ પ્રવાસી અને મજૂર વર્ગ પર મોંઘવારીનો ભારે આંચકો પડ્યો છે. ૫ કિલોના સિલિન્ડરના ભાવમાં જબરદસ્ત વધારો થયો છે, જે ૨૬૧ જેટલો મોંઘો બન્યો છે. ૫ કિલોનું સિલિન્ડર ખાસ કરીને શ્રમિક-મજૂર વર્ગ, પ્રવાસીઓ અને ઘરથી દૂર રહેતા વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવ્યું હતું. હવે આ વર્ગ પર મોંઘવારીનો ભારે પ્રહાર થયો છે. આ વધારાથી ૫ કિલોનું સિલિન્ડર ૫૪૯ થી વધીને ૮૧૦ થઈ ગયું છે. ગયા મહિને એટલે કે એપ્રિલ ૨૦૨૬માં પણ આ સિલિન્ડરના ભાવમાં ૫૧ નો વધારો કરવામાં આવ્યો હતો.

# ખાવડામાં ૫૦,૦૦૦ કામદારો માટે અદાણી એર-કન્ડિશન્ડ રહેઠાણનું નિર્માણ કરશે

## ગૌતમ અદાણીની સ્થાનિક નોકરીઓ, સારું જીવન અને સન્માન કેન્દ્રિત લક્ષ્ય સાથે ગ્રુપના વિકાસને વેગ આપવાની હિમાયત મુન્દ્રામાં કેન્દ્રીય ક્લાઉડ કિચન મારફત દરરોજ એક લાખ લોકોને પૌષ્ટિક ભોજન પીરસાશે

**અમદાવાદ, તા.01**

અમદાવાદ, ૧લી મે ૨૦૨૬: અદાણી ગ્રુપના ચેરમેન શ્રી ગૌતમ અદાણીએ આજે કામદાર કલ્યાણ, સ્થાનિક રોજગાર અને ઉદ્યોગસાહસિકતા પર કેન્દ્રિત વૃદ્ધિદાયક વ્યૂહરચના પ્રસ્તુત કરી હતી. આ વ્યુહરચનાના ભાગરુપે અદાણી ગ્રુપ મજબૂત તરલતા દ્વારા મૂડી ખર્ચને વેગ આપે છે. આંતરરાષ્ટ્રીય મજૂર દિન પ્રસંગે પર અદાણી સમૂહના કર્મીઓને સંબોધતા શ્રી અદાણીએ જણાવ્યું હતું કે, ૨૪ રાજ્યોમાં ૭૦૦ થી વધુ અસ્ક્યામતોનું સંચાલન અને લગભગ ચાર લાખ કર્મચારીઓ, ભાગીદારો અને કોન્ટ્રાક્ટરોને જોડતા અને તેના કાર્યબળને રાષ્ટ્ર નિર્માણના કેન્દ્રમાં રાખતા અદાણી સમૂહની પ્રગતિને સંપત્તિઓ મારફત સર્જવામાં આવેલી આજીવિકાની તકો અને સમુદાયોને સક્ષમ અને તાકાતવાન બનાવવાના માપદંડથી તોલશે. શ્રી અદાણીએ કહ્યું હતું કે તમે ફક્ત કર્મચારીઓ નહી, પરંતુ રાષ્ટ્ર નિર્માતા છો. આપણે કોઈ પ્રકલ્પ પૂર્ણ કરીએ છીએ, ત્યારે આપણે ફક્ત કાર્ય પૂરું કરતા નથી, પરંતુ આપણે દેશના ભવિષ્યને કંડારીએ છીએ. તેમણે અદાણી સમૂહનો ઈરાદો સ્પષ્ટ કરતા કહ્યું હતું કે અદાણી સમૂહના પ્રકલ્પોના સ્થળે સ્થાનિક લોકોની ભરતીને પ્રાથમિકતા અપાશે, પહેલા સ્થળ નજીકના લોકોને, બાદના ક્રમે રાજ્યના ઉમેદવારોને અને જરૂર પડે ત્યાં બહારના ઉમેદવારોને તકો અપાશે. તેમણે કહ્યું હતું કે અદાણી સમૂહની વ્યૂહરચનાનો મુખ્ય આધારસ્તંભ કામદાર કલ્યાણ છે. તેમણે માહિતી આપતા કહ્યું હતું કે મોટા આંતર માળખાકીય કામકાજના સ્થળો મુન્દ્રા અને ખાવડામાં ૫૦,૦૦૦ કામદારો માટે અદાણી એર-કન્ડિશન્ડ રહેઠાણનું નિર્માણ કરવા સાથે દૂરના સ્થળોએ જીવનધોરણ સુધારવાના હેતુથી ગુજરાતના મુન્દ્રામાં એક કેન્દ્રીયકૃત ક્લાઉડ કિચન પણ બનાવી રહ્યું છે. આ કિચન દરરોજ ૧૦૦,૦૦૦ લોકોને પૌષ્ટિક ભોજન પીરસશે. શ્રી અદાણીએ કહ્યું હતું કે આ કોઈ વિશેષાધિકાર નહી પણ એક જરૂરિયાત છે. દરેક કર્મચારીને ગૌરવ સાથે જીવવાનો અને કામ કરવાનો અધિકાર છે. તેમણે અદાણી સમૂહના ઉદ્યોગોના સંચાલન સંબંધી કામકાજની વ્યૂહરચના વિષે કહ્યું હતું કે મજબૂત તરલતા અને મૂડીની પહોંચ દ્વારા સમર્થિત ત્રણ સ્તંભોમાં પથરાયેલી આ વ્યુહ રચનાના કારણે મૂડીખર્ચની ઝડપી વ્યવસ્થા અને પ્રકલ્પની ઝડપી અમલવારીને સક્ષમ બનાવે છે. તેમણે પ્રકલ્પોના અમલમાં વિલંબની સ્થિતિને નિવારી કાર્યક્ષમતામાં સુધારો કરવા માટે નિર્ણય લેવાની પ્રક્રિયાને ઝડપી બનાવવા, જવાબદારીને મજબૂત કરવા માટે ત્રિ-સ્તરીય સંગઠનાત્મક માળખું અમલમાં મૂકવામાં આવી રહ્યું હોવાની જાહેરાત કરતા ગૌતમ અદાણીએ કહ્યું હતું કે સાઈટ- સ્તરના નિર્ણયો દિવસોના બદલે કલાકોમાં લેવાય તે દીશામાં કામ થઈ રહયું છે. શ્રી અદાણીએ કહ્યું કે જેમ જેમ સંસ્થાઓનો વિસ્તાર થાય છે, તેના કારણે નિર્ણય લેવાની પ્રક્રિયા ઘણીવાર ધીમી અને વધુ સ્તરીય બને છે આ સ્થિતિના ઉકેલ માટે ત્રણ-સ્તરીય મોડેલ માળખાને સરળ તથા મંજૂરીના બહુવિધ સ્તર ઘટાડીને અને સાઈટ કક્ષાએ ઝડપ અને માલિકીમાં સુધાર લાવવાની બાબતોને આવરી લેવા આ મોડેલ રચાયેલ છે. એક મજબૂત ભાગીદારી મોડેલ અદાણી સમૂહના સંકલન અને અમલીકરણની ગતિ સુધારવા માટે ઓછી સંખ્યામાં મોટા કોન્ટ્રાક્ટરો સાથેનું કામકાજ જોશે, પરિણામે તેઓને મૂડીની ઍક્સેસ, ખાતરીપૂર્વક વળતર અને લાંબા ગાળાના જોડાણ માટે સક્ષમ બનાવશે. કોન્ટ્રાક્ટરો સાથે કામ કરવા માટે અદાણી સમૂહના વિકસતા અભિગમ અંગે શ્રી અદાણીએ કહ્યું હતું કે શરૂઆતથી અંત સુધી જવાબદારી સંભાળી શકે અને વધુ ઝડપ અને કાર્યક્ષમતા સાથે કામગીરી પૂર્ણ કરી શકે તેવો વિશ્વસનીય ભાગીદારોના પસંદગીના જૂથ સાથે કામ કરવાનો અમારો પ્રયાસ છે. તેમણે કહ્યું હતું કે અમે ફક્ત કરારો પર સહી કરવા ઈચ્છતા નથી, પરંતુ અમે લાંબા ગાળાની ભાગીદારી બનાવવા માંગીએ છીએ.

# ડીઆરએમ અમદાવાદ એ એનઆઈડીની મુલાકાત લીધી પાર્સલ ટ્રૉલી અને રેલવે ઉપકરણ ડિઝાઈનોનું કર્યું

**રેલવે, તા.01**

મંડળ રેલવે મેનેજર (DRM), અમદાવાદ, વેદ પ્રકાશ એ તારીખ 30 એપ્રિલ 2026 ના રોજ National Institute of Design (એનઆઈડી), અમદાવાદ સંકુલની મુલાકાત લીધી. આ દરમિયાન તેમણે સંસ્થાનના ફેકલ્ટી સભ્યો અને વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કર્યો તથા Indian Railways થી સંબંધિત વિવિધ ડિઝાઈન પ્રોજેક્ટ્સનું અવલોકન કર્યું. રેલવે બોર્ડ અને એનઆઈડી, અમદાવાદના સંયુક્ત સહયોગથી વર્ષ 2015 માં સ્થાપિત રેલવે ડિઝાઈન સેન્ટર (RDC) ભારતીય રેલવેમાં નવીનતાને પ્રોત્સાહન આપવા તથા વિદ્યાર્થીઓ દ્વારા વિકસિત ડિઝાઈન સમાધાનોને પ્રોત્સાહિત કરવા માટે કાર્યરત છે. આ સહયોગને વર્ષ 2025 માં પુનઃ વિસ્તારિત કરતાં વર્ષ 2035 સુધી ચાલુ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. મુલાકાત દરમિયાન ડીઆરએમ એ પાર્સલ વ્યવસ્થાપન, સ્ટેશન સંચાલન અને યાત્રીઓની સુવિધાથી જોડાયેલા વિવિધ ડિઝાઈન સમાધાનોનું નિરીક્ષણ કર્યું. વિશેષ રૂપે સ્થાનિક સ્તરે વિકસિત પાર્સલ ટ્રૉલી અને સંબંધિત ઉપકરણોના ડિઝાઈન રજૂ કરવામાં આવ્યા, જેમાં આધુનિક સ્વરૂપ, ઉપયોગમાં સરળતા તથા લોડિંગ-અનલોડિંગ પ્રક્રિયાને વધુ કુશળ બનાવવા પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે. આ ટ્રૉલી ડિઝાઈનોનો ઉદ્દેશ પાર્સલને પ્લેટફોર્મથી પાર્સલ વાન સુધી સુગમતાથી પહોંચાડવાનો તથા કોચમાં લોડિંગની પ્રક્રિયાને સરળ બનાવવાનો છે. આ અવસર પર ડીઆરએમ વેદ પ્રકાશ એ જણાવ્યું કે એનઆઈડી દ્વારા વિકસિત આ ડિઝાઈન રેલવે સ્ટેશનો પર કાર્યકુશળતા વધારવામાં, પાર્સલ વ્યવસ્થાપનને ઉત્તમ બનાવવામાં તથા પ્લેટફોર્મ પર ભીડભાડની સમસ્યાને ઘટાડવામાં સહાયક સિદ્ધ થઈ શકે છે. 01.05.2026 ના રોજ એનઆઈડી દ્વારા નિર્મિત પાર્સલ ટ્રૉલીનું અમદાવાદ સ્ટેશન પર રેલવે અધિકારીઓ દ્વારા પરીક્ષણ કરવામાં આવશે. આ પહેલ દર્શાવે છે કે ટેકનોલોજી અને ડિઝાઈન સંસ્થાન વાસ્તવિક સમસ્યાઓના સમાધાનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. આ મુલાકાત રેલવે બોર્ડ અને એનઆઈડી વચ્ચે સુદ્રઢ સહયોગ તથા ઉપયોગકર્તા-કેન્દ્રીત, ભવિષ્યલક્ષી સમાધાન વિકસિત કરવાની સહિયારી પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. રેલવે ડિઝાઈન સેન્ટર (RDC) મારફતે ભારતીય રેલવેમાં નવીનતાને નવી દિશા આપવા અને યાત્રીઓના અનુભવના ઉત્તમ બનાવવાના સતત પ્રયાસ કરવામાં આવી રહ્યા છે.

### રાજસ્થાનના મુખ્યમંત્રી શ્રી ભજનલાલ શર્માના અધ્યક્ષસ્થાને

# ગ્લોબલ રાજસ્થાન એગ્રીટેક મીટ' (GRAM 2026) પૂર્વે અમદાવાદમાં ઈન્વેસ્ટર મીટ યોજાઈ

## શિક્ષણ અને સામાજિક ન્યાય મંત્રી શ્રી પ્રદ્યુમન વાજાની પ્રોત્સાહક ઉપસ્થિતિ

**અમદાવાદ, તા.01**

રાજસ્થાન સરકાર અને ફિક્કી (FICCI) ના સંયુક્ત ઉપક્રમે અમદાવાદમાં 'ગ્લોબલ રાજસ્થાન એગ્રીટેક મીટ' (GRAM 2026)ના સંદર્ભમાં ઈન્વેસ્ટર મીટનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજસ્થાનના મુખ્યમંત્રી શ્રી ભજનલાલ શર્માના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય આગામી ૨૩ થી ૨૫ મે, ૨૦૨૬ દરમિયાન જયપુર ખાતે યોજાનાર મુખ્ય 'GRAM 2026' ઈવેન્ટ માટે ગુજરાતના રોકાણકારો અને ઉદ્યોગપતિઓને આમંત્રિત કરવાનો હતો. આ કાર્યક્રમમાં ગુજરાતના શિક્ષણ અને સામાજિક ન્યાય મંત્રી શ્રી પ્રદ્યુમન વાજા ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન રાજસ્થાનને ભારતના 'એગ્રી-હબ' તરીકે પ્રસ્થાપિત કરતા વિવિધ પાસાઓ જેવા કે મજબૂત કનેક્ટિવિટી, વ્યૂહાત્મક ભૌગોલિક સ્થાન અને રોકાણકારો માટેની અનુકૂળ નીતિઓ પર વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

મુખ્યમંત્રી શ્રી ભજનલાલ શર્માએ અમદાવાદ ખાતે આયોજિત ઈન્વેસ્ટર મીટમાં ઉદ્યોગસાહસિકોને સંબોધતા જણાવ્યું હતું કે ખેડૂતોની આર્થિક ઉન્નતિ માટે કૃષિની સાથે પશુપાલન, ડેરી અને સહકારિતા ક્ષેત્રનો સંકલિત વિકાસ અનિવાર્ય છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના 'વિકસિત ભારત 2047'ના સંકલ્પને સાકાર કરવા રાજસ્થાન સરકારે ગરીબ, યુવા, મહિલા અને ખેડૂતોને કેન્દ્રમાં રાખી અનેકવિધ કલ્યાણકારી યોજનાઓ અમલી બનાવી છે.

તેમણે ઉમેર્યું કે, રાજસ્થાન બાજરી, રાઈ, તેલીબિયાં અને જીરા જેવા પાકોના ઉત્પાદનમાં દેશમાં અગ્રેસર છે. જો ખેતીની સાથે પ્રોસેસિંગ યુનિટ્સ સ્થાપવામાં આવે તો ખેડૂતોની આવક બમણી થઈ શકે છે. આ હેતુથી રાજસ્થાનમાં એગ્રી-ટેક, ડ્રોન ટેકનોલોજી અને AI આધારિત ખેતીને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.

રાજસ્થાનના મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, રાજસ્થાન રોકાણકારો માટે આદર્શ સ્થળ બની રહ્યું છે, જ્યાં નીતિઓ સ્પષ્ટ છે અને પ્રક્રિયાઓ સરળ બનાવવામાં આવી છે. રાજ્યમાં કૃષિ ક્ષેત્રે વિવિધ વિભાગોમાં કરોડો રૂપિયાના MOU થયા છે, જેમાંથી ઘણાં રોકાણો ધરાતલ પર ઉતરી ચૂક્યા છે. સિંચાઈ માટે યમુના જળ કરાર જેવા ઐતિહાસિક નિર્ણયો ગેમ ચેન્જર સાબિત થશે. તેમણે ખાસ કરીને ગુજરાતમાં વસતા રાજસ્થાની નાગરિકોને પોતાની માતૃભૂમિ સાથે જોડાઈને કૃષિ, ફૂડ પ્રોસેસિંગ, કોલ્ડ સ્ટોરેજ અને સપ્લાય ચેઈન જેવા ક્ષેત્રોમાં રોકાણ કરવા આહ્વાન કર્યું હતું. જયપુર ખાતે 23 થી 25 મે, 2026 દરમિયાન યોજાનાર 'GRAM 2026' ઈવેન્ટ નવા રાજસ્થાનની પરિકલ્પનાને સાકાર કરવામાં સીમાચિહ્નરૂપ સાબિત થશે એમ તેમણે ઉમેર્યું હતું.

ગુજરાતના શિક્ષણ અને સામાજિક ન્યાય મંત્રી શ્રી પ્રદ્યુમન વાજાએ આ પ્રસંગે પોતાના ઉદબોધનમાં જણાવ્યું હતું કે, ખેતી એ આપણી અર્થવ્યવસ્થાની કરોડરજ્જુ છે અને ખેડૂતોની સમૃદ્ધિ સાથે જ ભારતની સમૃદ્ધિ જોડાયેલી છે. ગુજરાતનું કૃષિ મોડેલ વૈજ્ઞાનિક આયોજન, ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ અને સસ્ટેનેબલ ગ્રોથ પર આધારિત છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીના 'પર ડ્રોપ મોર ડ્રોપ'ના વિઝન અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાતે જળ સંરક્ષણ અને કૃષિ ઉત્પાદકતામાં જે સિદ્ધિઓ હાંસલ કરી છે, તે રાજસ્થાન જેવા રાજ્ય માટે ખૂબ જ પ્રસ્તુત છે જ્યાં જળ વ્યવસ્થાપન કૃષિના કેન્દ્રમાં છે.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, અમદાવાદમાં આયોજિત આ ઈન્વેસ્ટર મીટમાં ગુજરાતના ઉદ્યોગપતિઓ, કંપનીના પ્રતિનિધિઓ અને રોકાણકારો સહભાગી થયા છે, જે ગુજરાત અને રાજસ્થાન વચ્ચે કૃષિ ક્ષેત્રે સહયોગની મજબૂત કડી બનશે. રાજસ્થાનમાં એગ્રી-ટેકનોલોજી, ફૂડ પ્રોસેસિંગ, ડેરી ડેવલપમેન્ટ અને રિન્યુએબલ એનર્જી જેવા ક્ષેત્રોમાં રોકાણની વિપુલ સંભાવનાઓ છે. ૨૩ થી ૨૫ મે દરમિયાન જયપુરમાં યોજાનાર 'GRAM 2026' માત્ર ચર્ચા માટેનું પ્લેટફોર્મ નથી, પરંતુ તે ખેડૂતો માટે આધુનિક વિઝન, વૈજ્ઞાનિક અભિગમ અને મજબૂત માર્કેટ વ્યવસ્થા ઊભી કરવાનું એક મહત્વપૂર્ણ કદમ છે એમ તેમણે ઉમેર્યું હતું.

આ પ્રસંગે રાજસ્થાન ફાઉન્ડેશનના અમદાવાદ ચેપ્ટરનું વિધિવત ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું અને વિવિધ સંસ્થાઓ વચ્ચે પરસ્પર સહયોગ માટે MOU ની આપ-લે પણ કરવામાં આવી હતી. જેમાં વિવિધ સંસ્થાઓ દ્વારા ૧૫૦ કરોડના એમઓયુ કરવામાં આવ્યા હતા.

આ અવસરે આયોજિત પેનલ ડિસ્કશનમાં કૃષિ, પશુપાલન અને ડેરી ક્ષેત્રમાં રહેલી રોકાણની ક્ષમતાઓ અને તકો વિશે ઊંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી. રાજસ્થાન મસાલા, કઠોળ અને તેલીબિયાંના ઉત્પાદનમાં દેશમાં અગ્રેસર છે, ખાસ કરીને જીરું અને ધાણાના ઉત્પાદનમાં તેનો દબદબો છે.

આ ઉપરાંત, રાજસ્થાન એગ્રી-પ્રોસેસિંગ અને નિકાસ ક્ષમતા વધારવા માટે માન્ય એગ્રો ફૂડ પાર્ક્સ અને એગ્રી-એક્સપોર્ટ ઝોન જેવી માળખાગત સુવિધાઓ ધરાવે છે. રાજસ્થાન ઈન્વેસ્ટમેન્ટ પ્રમોશન સ્કીમ (RIPS) અંતર્ગત એગ્રો પ્રોસેસિંગ યુનિટ્સ માટે કેપિટલ સબસિડી, વીજ ડ્યુટીમાં મુક્તિ અને નિકાસ પ્રોત્સાહન જેવી આકર્ષક રાહતો પણ રોકાણકારો સમક્ષ રજૂ કરવામાં આવી હતી.

કાર્યક્રમ દરમિયાન મુખ્ય મહેમાન અને અન્ય મહાનુભાવો દ્વારા પ્રાસંગિક ઉદ્બોધન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં રાજસ્થાનના પશુપાલન અને ડેરી વિભાગના કેબિનેટ મંત્રી શ્રી જોરારામ કુમાવત, સહકાર વિભાગના રાજ્ય મંત્રી (સ્વતંત્ર હવાલો) શ્રી ગૌતમ કુમાર, પશુપાલન વિભાગના અગ્ર સચિવ શ્રી વિકાસ સીતારામ ભાલે, કૃષિ અને બાગાયત વિભાગના અગ્ર સચિવ શ્રીમતી મંજુ રાજપાલ, રાજસ્થાન કિસાન આયોગના અધ્યક્ષ શ્રી સી.આર. ચૌધરી, અમૂલના મેનેજિંગ ડિરેક્ટર શ્રી જયેન મહેતા, રાજસ્થાન ફાઉન્ડેશન અમદાવાદ ચેપ્ટરના પ્રમુખ શ્રી મહેન્દ્ર લોધા સહિતના મહાનુભાવો અને મોટી સંખ્યામાં રોકાણકારો ઉપસ્થિત રહ્યા હતા.

# IPLનું ગણિત- બેંગલુરુ ત્રીજી હાર છતાં નંબર-2 પર અડીખમ : ગુજરાત પાંચમા સ્થાને યથાવત; રાજસ્થાન પાસે નંબર-2 પર પહોંચવાની તક



**લખનઉ, તા.01**

રોયલ ચેલેન્જર્સ બેંગલુરુને IPLની વર્તમાન સિઝનમાં ત્રીજી હારનો સામનો કરવો પડ્યો. તેને ગુજરાત ટાઈટન્સે પોતાના હોમ ગ્રાઉન્ડ નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં 4 વિકેટે હરાવ્યું. ગુજરાતે 155 રનનો ટાર્ગેટ 15.5 ઓવરમાં ચેઝ કરી લીધો. ટોસ હારીને બેટિંગ કરી રહેલી બેંગલુરુ 19.2 ઓવરમાં 155 રન પર ઓલઆઉટ થઈ ગઈ હતી. કેરેબિયન ઓલરાઉન્ડર જેસન હોલ્ડર પ્લેયર ઓફ ધ મેચ બન્યો. તેણે 29 રન આપીને 2 વિકેટ ઝડપી. સાથે જ 10 બોલમાં 12 રન પણ કર્યા. એટલું જ નહીં, 3 કેચ પણ પકડ્યા.

બેંગલુરુ-ગુજરાત મેચના પરિણામ પછી પોઈન્ટ્સ ટેબલની સ્થિતિમાં કોઈ ફેરફાર થયો નથી. પંજાબ કિંગ્સ 13 પોઈન્ટ્સ સાથે પહેલા સ્થાને છે. લખનઉ સુપર જાયન્ટ્સ સૌથી નીચલા સ્થાને છે.

ગુજરાતે પણ બેંગલુરુ જેટલી જ 9 મેચ રમી છે. જેમાંથી ટીમને 5 માં જીત, જ્યારે 4 માં હારનો સામનો કરવો પડ્યો છે. આ રીતે ગુજરાત પાસે 10 પોઈન્ટ્સ છે અને ટીમ 5મા સ્થાને છે. રાજસ્થાનની ટીમ પોઈન્ટ્સ ટેબલમાં ચોથા સ્થાને છે. ટીમ પાસે 6 જીત સાથે 12 પોઈન્ટ્સ છે એટલે કે તેને પ્લેઓફમાં પહોંચવા માટે 3 જીતની જરૂર છે. રોયલ્સની ટીમે અત્યાર સુધીમાં 9 મેચ રમ્યા છે, જેમાંથી 3 મેચમાં હાર અને 6 માં જીત મળી છે. શેડ્યૂલ મુજબ રાજસ્થાનને 3 હોમ અને 3 અવે મેચ રમવાના છે. આવી સ્થિતિમાં રાજસ્થાનના પ્લેઓફની રાહ આસાન છે.

દિલ્હીને બધી 6 મેચ જીતવી પડશે

વર્તમાન સિઝનમાં દિલ્હીનું પરફોર્મન્સ એટલું સારું રહ્યું નથી. ટીમ 8માંથી માત્ર 3 મેચ જ જીતી શકી છે. આવા સંજોગોમાં કેપિટલ્સના ખાતામાં માત્ર 6 પોઈન્ટ્સ છે અને ટીમ 7મા નંબર પર છે. દિલ્હીને પ્લેઓફમાં પ્રવેશ કરવા માટે પોતાની બધી 6 મેચ જીતવી પડશે. એક કે બે મેચ હારવાની સ્થિતિમાં તેને અન્ય ટીમોના પ્રદર્શન પર નિર્ભર રહેવું પડશે.

ટુર્નામેન્ટના ટોચના ખેલાડીઓ

ટોપ સ્કોરરની યાદીમાં કોઈ ફેરફાર નથી ગુજરાત-બેંગલુરુ મેચ પછી ઓરેન્જ કેપ લીડરબોર્ડમાં કોઈ ફેરફાર થયો નથી. હૈદરાબાદના ઓપનર અભિષેક શર્મા 425 રન સાથે ટોપ સ્કોરરની યાદીમાં પ્રથમ સ્થાને છે. આજે રાજસ્થાનના વૈભવ સૂર્યવંશી પાસે તેને પાછળ છોડવાની તક છે.

ભુવનેશ્વર કુમાર ટોપ વિકેટ ટેકર્સ બન્યા

બેંગલુરુના ભુવનેશ્વર કુમારે મેચમાં 3 વિકેટ ઝડપી. તેણે સાઈ સુદર્શન, શુભમન ગિલ અને જોસ બટલરને પેવેલિયનનો રસ્તો બતાવ્યો. આ વિકેટોના સહારે ભુવનેશ્વરની સિઝનમાં 17 વિકેટ થઈ ગઈ છે.

# વૈભવ સૂર્યવંશી T20માં સૌથી ઝડપી 100 સિક્સર લગાવવાની ઉંબરે પહોંચ્યો ; સીઝનમાં પહેલીવાર ટક્કર



**નવી દિલ્હી, તા.01**

IPL 2026ની 43મી મેચ રાજસ્થાન રોયલ્સ (RR) અને દિલ્હી કેપિટલ્સ (DC) વચ્ચે રમાશે. આ મેચ જયપુરના સવાઈ માનસિંહ સ્ટેડિયમમાં સાંજે 7:30 વાગ્યે શરૂ થશે. બંને ટીમ વચ્ચે આ સીઝનની આ પહેલી ટક્કર હશે. રાજસ્થાનના વૈભવ સૂર્યવંશી T20માં સૌથી ઝડપી 100 સિક્સરની નજીક છે. તેણે 27 ઈનિંગ્સમાં 511 બોલ પર 99 સિક્સર ફટકારી છે. આ રેકોર્ડ વેસ્ટ ઈન્ડીઝના કાયરોન પોલાર્ડના નામે છે, જેણે 843 બોલમાં 100 સિક્સર પૂરી કરી હતી. આ સિવાય, સૂર્યવંશી IPL 2026માં 167 બોલમાં સૌથી ઝડપી 400 રનનો રેકોર્ડ બનાવી ચૂક્યો છે. રાજસ્થાન 9 મેચમાં 6 જીત અને 3 હાર સાથે પોઈન્ટ્સ ટેબલમાં ચોથા સ્થાને છે. જ્યારે દિલ્હી 8 મેચમાં 3 જીત અને 5 હાર સાથે 7માં સ્થાને છે.

રાજસ્થાને 15 મેચ જીતી

IPL માં બંને ટીમ વચ્ચે 30 મેચ રમાઈ છે. જેમાં રાજસ્થાને 15 મેચ જીતી, જ્યારે દિલ્હીને 14 જીત મળી છે. એક મેચ ટાઈ રહી હતી, જે સુપર ઓવરમાં દિલ્હીએ જીતી હતી.

વૈભવ 400 રન બનાવી ચૂક્યો છે

રાજસ્થાન માટે આ સીઝનમાં વૈભવ સૂર્યવંશીએ 9 મેચમાં 400 રન બનાવ્યા છે, જેમાં 1 સદી અને 2 ફિફ્ટી સામેલ છે. તેનો સ્ટ્રાઈક રેટ 238.09 ટીમમાં ઝડપી શરૂઆત અપાવી રહ્યો છે. બોલિંગમાં જોફ્રા આર્ચર મહત્વની ભૂમિકા ભજવી રહ્યો છે. તેણે 9 મેચમાં 14 વિકેટ લીધી છે, 3/20 તેનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન રહ્યું છે.

રાહુલ પર ટકી દિલ્હીની બેટિંગ

દિલ્હીની બેટિંગ ઘણી હદ સુધી કેએલ રાહુલ પર નિર્ભર છે. રાહુલે 8 મેચમાં 358 રન બનાવ્યા છે, જેમાં 1 સદી અને 2 ફિફ્ટી સામેલ છે. તેનો સ્ટ્રાઈક રેટ 185.49 છે. ઓલરાઉન્ડર અક્ષર પટેલ બોલિંગમાં મહત્વનો સાબિત થઈ રહ્યો છે. તેણે 8 મેચમાં 7 વિકેટ લીધી છે અને 8.33ની ઈકોનોમીથી રન આપ્યા છે.

લુંગી એન્ગિડી RR સામે બહાર

લુંગી એન્ગિડી રાજસ્થાન રોયલ્સ સામેની મેચમાં નહીં રમે. 25 એપ્રિલે પંજાબ કિંગ્સ સામેની મેચમાં તેને માથામાં ગંભીર ઈજા થઈ હતી, ત્યારબાદ હોસ્પિટલમાં દાખલ કરવો પડ્યો હતો. કંકશનને લીધે ડોક્ટરોએ તેને 7 દિવસ આરામની સલાહ આપી છે. આ જ કારણસર તે RCB બાદ RR સામે પણ બહાર રહેશે. તેની વાપસી 5 મેએ ચેન્નઈ સુપર કિંગ્સ સામેની મેચમાં શક્ય માનવામાં આવે છે.

જયપુરની પીચ બેટિંગ-ફ્રેન્ડલી

સવાઈ માનસિંહની પીચ પર નવા બોલથી ફાસ્ટ બોલરોને શરૂઆતમાં મૂવમેન્ટ મળે છે.

# બેંગલુરુ સીઝનમાં ત્રીજી મેચ હાર્યું : ગુજરાતે 4 વિકેટથી હરાવ્યું; મેચમાં કોઈ ફિફ્ટી નહીં; ગિલે 43 રન બનાવ્યા; અરશદે 3 વિકેટ લીધી



**નવી દિલ્હી, તા.01**

ગુજરાત ટાઈટન્સે IPLમાં ગુરુવારે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુને 4 વિકેટથી હરાવ્યું. ટીમને આ સીઝનમાં પાંચમી જીત મળી છે, જ્યારે RCB ત્રીજી મેચ હારી છે. બેંગલુરુ 12 પોઈન્ટ્સ સાથે બીજા સ્થાને છે, જ્યારે ગુજરાત 10 પોઈન્ટ્સ સાથે પાંચમા નંબર પર છે.

અમદાવાદમાં ગુજરાતે ટૉસ જીતીને બોલિંગ લીધી હતી. બેંગલુરુ 19.2 ઓવરમાં 155 રન પર ઓલઆઉટ થઈ ગયું. યજમાન ટીમે 156 રનનો ટાર્ગેટ 15.5 ઓવરમાં 6 વિકેટ ગુમાવીને ચેઝ કરી લીધો. રાશિદ ખાને સુયશ શર્માના બોલ પર ચોગ્ગો ફટકારીને ટીમને જીત અપાવી.

મેચમાં એક પણ ફિફ્ટી ના લાગી, ગિલ ટૉપ સ્કોરર રહ્યો

આ મેચમાં કોઈ પણ બેટર ફિફ્ટી ના ફટકારી શક્યું. ગુજરાતનો કેપ્ટન શુભમન ગિલ મેચમાં ટૉપ સ્કોરર રહ્યો. તેણે 43 રન બનાવ્યા. બીજી તરફ, બેંગલુરુના દેવદત્ત પડિકલે 40 રનની ઈનિંગ રમી.

અરશદ ખાને 3 વિકેટ ઝડપી

ગુજરાત તરફથી અરશદ ખાને 3 વિકેટ ઝડપી હતી. જેસન હોલ્ડર અને રાશિદ ખાનને 2-2 વિકેટ મળી હતી. સિરાજ-રબાડાને એક-એક વિકેટ મળી હતી. એક બેટર રનઆઉટ થયો હતો.

ભુવનેશ્વરે 3 વિકેટ ઝડપી, પર્પલ કેપ મળી

બેંગલુરુ તરફથી ભુવનેશ્વર કુમારે 3 વિકેટ ઝડપી હતી. તેણે જોસ બટલર (39 રન), કેપ્ટન શુભમન ગિલ (43 રન) અને સાઈ સુદર્શન (6 રન)ને પેવેલિયન મોકલ્યા હતા. આ સાથે જ તે સીઝનના ટૉપ વિકેટ ટેકર્સની લિસ્ટમાં ટૉપ પર આવી ગયો છે.

બન્ને ટીમની પ્લેઈંગ-11

ગુજરાત ટાઈટન્સ (GT): શુભમન ગિલ (કેપ્ટન), સાઈ સુદર્શન, જોસ બટલર (વિકેટકીપર), વૉશિંગ્ટન સુંદર, જેસન હોલ્ડર, શાહરૂખ ખાન, રાશિદ ખાન, અરશદ ખાન, કાગીસો રબાડા, મોહમ્મદ સિરાજ અને માનવ સુથાર.

# બોલને જમીન પર પછાડ્યો...સિંહની જેમ ગર્જના કરી : ગિલની વિકેટ લઈ ગુસ્સામાં તેને ઘુર્યો, પાટીદારના કેચ પર અમ્પાયર પર ભડક્યો; મેચમાં આક્રમક થયો કોહલી



**મુંબઈ, તા.01**

ગુજરાત ટાઈટન્સે IPL 2026માં ગુરુવારે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુને 4 વિકેટે હરાવ્યું. અમદાવાદમાં રમાયેલી આ મેચમાં ગુજરાતે 25 બોલ બાકી રહેતા 156 રનનો ટાર્ગેટ હાંસલ કર્યો.

આ IPLમાં ગુજરાતનો બીજો સૌથી ઝડપી રનચેઝ છે. ભુવનેશ્વર કુમાર T20માં 350 વિકેટ પૂરી કરનાર બીજા ભારતીય બોલર બન્યા. RCBની ઈનિંગ્સ દરમિયાન રજત પાટીદારના કેચને લઈને વિરાટ કોહલી અમ્પાયર સાથે દલીલ કરતા જોવા મળ્યા. વાંચો બેંગલુરુ-ગુજરાત મેચમાં બનેલા આવા જ કેટલાક રેકોર્ડ અને મોમેન્ટ્સ

ભુવનેશ્વર કુમારે T-20 ક્રિકેટમાં 350 વિકેટ પૂરી કરી

બેંગલુરુના બોલર ભુવનેશ્વર કુમારે પુરુષ T-20 ક્રિકેટમાં પોતાની 350 વિકેટ પૂરી કરી લીધી છે. તેઓ આવું કરનાર બીજા ભારતીય બોલર બની ગયા છે. ભુવી પહેલા યુઝવેન્દ્ર ચહલ આ કારનામું કરી ચૂક્યા છે. ચહલ 391 વિકેટ સાથે ટોપ પર છે. ભુવીએ બુમરાહ અને અશ્વિન જેવા દિગ્ગજોને પાછળ છોડીને આ સિદ્ધિ હાંસલ કરી.

ગુજરાતનો બીજો સૌથી ઝડપી રન ચેઝ

ગુજરાત ટાઈટન્સે ગુરુવારે RCB સામે 25 બોલ બાકી રાખીને જીત મેળવી. આ ગુજરાતના ઈતિહાસનો બીજો સૌથી ઝડપી રનચેઝ છે. સૌથી વધુ બોલ બાકી રાખીને તેમની સૌથી મોટી જીત 2023માં રાજસ્થાન રોયલ્સ સામે આવી હતી. ત્યારે ટીમે 37 બોલ બાકી રાખીને લક્ષ્ય હાંસલ કર્યું હતું.

ગિલની વિકેટ લેતાં જ બોલને જમીન પર પછાડ્યો, સિંહની જેમ ગર્જના કરી

વિરાટ કોહલી અને શુભમન ગિલે ગુજરાત ટાઈટન્સને વિસ્ફોટક શરૂઆત આપી હતી. 5મી ઓવરના છેલ્લા બોલ પર ગિલની વિકેટ પડી. ભુવનેશ્વર કુમારના બોલ પર ગિલે જોરદાર પ્રહાર કર્યો પરંતુ કવરમાં વિરાટે કેચ પકડી લીધો. આ પછી વિરાટ કોહલી ખૂબ જ આક્રમક થઈ ગયા. પહેલા તેમણે થોડી સેકન્ડ માટે શુભમન ગિલને ઘૂર્યા. તેમણે જોરદાર દહાડ લગાવી. આ પછી બોલને જોરથી જમીન પર પછાડ્યો.

કોહલીએ રબાડાની ઓવરમાં સતત 5 ચોગ્ગા ફટકાર્યા

વિરાટ કોહલીએ ગુજરાત સામે એક ઓવરમાં 5 ચોગ્ગા ફટકાર્યા. તેણે કાગીસો રબાડાની પહેલી જ બોલથી પ્રહાર કર્યો. તેણે પહેલી બોલને મિડવિકેટ, બીજીને મિડ ઓફ, ત્રીજીને ડીપ પોઈન્ટ પર ચોગ્ગો ફટકાર્યો. ચોથી બોલને થર્ડ મેન અને પાંચમી બોલને કવર પર ચાર રન માટે મોકલી.

પાટીદારના કેચ પર અમ્પાયરના નિર્ણયથી કોહલી નારાજ દેખાયા

બેંગલુરુની ઈનિંગ્સની 8મી ઓવરમાં હાઈ-વોલ્ટેજ ડ્રામા જોવા મળ્યો. અરશદ ખાનની ઓવરના ચોથા બોલ પર રજત પાટીદારે પુલ શોટ રમ્યો. બોલ ડીપ બેકવર્ડ સ્ક્વેર લેગ તરફ ગયો, જ્યાં જેસન હોલ્ડરે ડાઈવ લગાવીને શાનદાર કેચ પકડ્યો.



# પ્રિયંકાએ જાહેરમાં પહેલીવાર પર્સનો પટારો ખોલ્યો! : નજરથી બચવા માટે કાળો દોરો-હનુમાન ચાલીસા

**મુંબઈ, તા.01**

ફિલ્મ સ્ટાર્સ અને સેલિબ્રિટીઝ જ્યારે ટ્રાવેલ કરે છે અથવા સાથે મોંઘા બેગ લઈને ચાલે છે, ત્યારે તેમાં તેઓ શું રાખતા હશે? આ સવાલ અવારનવાર લોકોના મનમાં ચાલતો હોય છે. સામાન્ય રીતે લોકો વિચારતા હોય છે કે લાખો રૂપિયાના બેગમાં કઈ ખાસ વસ્તુઓ હશે. દરેક સેલિબ્રિટી પોતાની પસંદગી અને જરૂરિયાત મુજબ વસ્તુઓ રાખે છે, પરંતુ શું તમે જાણો છો કે ગ્લોબલ આઈકોન પ્રિયંકા ચોપરા પોતાના બેગમાં શું લઈને ચાલે છે? વર્ષ 2019માં પ્રિયંકાએ જણાવ્યું હતું કે તે બેગમાં 'અમેરિકન હોટ સોસ' રાખે છે, જે સાંભળી ફેન્સ હેરાન રહી ગયા હતા. હવે એક્ટ્રેસે કેટલીક નવી વસ્તુઓ વિશે જણાવ્યું છે, જેમાં હનુમાન ચાલીસાથી લઈને નજરિયાનો પણ સમાવેશ થાય છે.

'નજરિયું જે નકારાત્મક શક્તિઓથી બચાવે છે'

પ્રિયંકા ચોપરાએ તાજેતરમાં 'વોગ ઈન્ડિયા'ને આપેલા ઈન્ટરવ્યૂમાં જણાવ્યું કે ટ્રાવેલ કરતી વખતે તે પરફ્યુમ, હેર સ્પ્રે અને સનગ્લાસ સિવાય 'નજરિયું' પણ સાથે રાખે છે. તેણે કહ્યું- 'ભારતમાં આપણે કાળો દોરો પહેરીએ છીએ. આ નજરિયું છે, જે ખરાબ નજરથી બચાવતા બ્રેસલેટ (ડેવિલ આઈ) જેવું છે. ભારતમાં અમારું માનવું છે કે તે નકારાત્મક શક્તિઓને દૂર રાખે છે. મને આ બધી વસ્તુઓ સાથે રાખવી ગમે છે. સુરક્ષા માટે જેટલું થઈ શકે તેટલું સારું છે, તો કેમ ન કરવું?'

'હનુમાન ચાલીસા પર અતૂટ શ્રદ્ધા છે'

ઈન્ટરવ્યૂમાં પ્રિયંકાએ પોતાની પોકેટ હનુમાન ચાલીસા પણ બતાવી હતી. તેણે કહ્યું, 'હનુમાનજીની પ્રાર્થના માટે છે. હું તેને દરરોજ વાંચવાનો પ્રયત્ન કરું છું. મને લાગે છે કે આ ચાલીસા મારી દરેક મુસાફરીમાં રક્ષા કરે છે.' એક્ટ્રેસ વર્ષ 2017માં પણ કહી ચૂકી છે કે તે 'નજર'માં ખૂબ માને છે. જો તેની લાઈફમાં કંઈક સારું થતું હોય, તો તે જલ્દી કોઈને કહેતી નથી કારણ કે તે નજર લાગવાની બાબતે જૂની ભારતીય પરંપરાઓમાં વિશ્વાસ ધરાવે છે.

કપડાંના ડાઘ હટાવવા માટે રાખે છે ખાસ પેન

પ્રિયંકાએ પોતાના પર્સમાંથી પતિ નિક જોનસ સાથેની વર્ષ 2018ની સૌથી પહેલી તસવીર પણ બતાવી હતી, જે તે હંમેશા સાથે રાખે છે. આ સિવાય તે ડાઘ હટાવવા માટે 'ટાઈડ પેન' પણ રાખે છે. પ્રિયંકાએ હસતા હસતા કહ્યું, 'ડિઝાઈનર કપડાંની બાબતમાં મારો ભરોસો ન કરી શકાય. ગોલ્ડન ગ્લોબ્સ દરમિયાન પિઝા ખાતા સમયે મેં ડ્રેસ પર ડાઘ લગાવી દીધો હતો, ત્યારે આ પેનથી જ ડ્રેસ સાફ થયો હતો.'

# રાજા શિવાજી: સ્વરાજ્યની ભાવનાને ભવ્યતાથી દર્શાવતી ફિલ્મ : રિતેશ દેશમુખનું સચોટ ડિરેક્શન અને સ્ટારકાસ્ટની કાતિલ એક્ટિંગ




**મુંબઈ, તા.01**

મહારાષ્ટ્ર દિવસના અવસરે રિલીઝ થયેલી 'રાજા શિવાજી' માત્ર એક ઐતિહાસિક ફિલ્મ નથી, પરંતુ સ્વરાજ્ય અને મરાઠા અસ્મિતાનો અનુભવ કરાવતી વાર્તા છે. રિતેશ દેશમુખના નિર્દેશનમાં બનેલી આ ફિલ્મ નવી પેઢીને ઈતિહાસ સાથે જોડવાનો પ્રયાસ કરે છે અને ઘણી જગ્યાએ તેમાં ઈમાનદારી સ્પષ્ટ દેખાય છે.

ફિલ્મને જ્યોતિ દેશપાંડે અને જેનેલિયા દેશમુખે મુંબઈ ફિલ્મ કંપનીના બેનર હેઠળ પ્રોડ્યુસ કરી છે, અને તેને જિયો સ્ટુડિયોઝે પ્રસ્તુત કરી છે. આ ફિલ્મની લંબાઈ 3 કલાક 15 મિનિટ છે. આ ફિલ્મને દિવ્ય ભાસ્કરે 5માંથી 4 સ્ટારની રેટિંગ આપી છે.

ફિલ્મની વાર્તા શું છે?

ફિલ્મની વાર્તા અલગ-અલગ અધ્યાયોમાં આગળ વધે છે, જ્યાં છત્રપતિ શિવાજી મહારાજના જીવન, સંઘર્ષ અને સ્વરાજ્યના સપનાને દર્શાવવામાં આવ્યું છે. એમાં માત્ર મોટા યુદ્ધો જ નહીં, પરંતુ નાના-નાના પળો, સંસ્કાર, પરંપરા અને સંબંધોનું મહત્વ પણ દર્શાવવામાં આવ્યું છે, જે તેને વધુ વાસ્તવિક અને ભાવનાત્મક બનાવે છે.

# પ્રેગ્નન્સીમાં પણ દીપિકા પાદુકોણનું જોરદાર એક્શન! : સાઉથ આફ્રિકાની શેરીઓમાં ભરતડકામાં શાહરુખ સાથે શૂટિંગ કરતી દેખાઈ



**મુંબઈ, તા.01**

બોલિવૂડની 'લેડી સિંઘમ' અને ગ્લોબલ આઈકોન દીપિકા પાદુકોણ તેના ડેડિકેશન માટે જાણીતી છે. હાલમાં જ સોશિયલ મીડિયા પર કેટલીક તસવીરો વાઈરલ થઈ રહી છે, જેણે ઈન્ટરનેટ પર ખળભળાટ મચાવી દીધો છે. દીપિકા પ્રેગ્નન્ટ હોવા છતાં શાહરુખ ખાનની આગામી ફિલ્મ 'કિંગ' માટે સાઉથ આફ્રિકાના ધગધગતા તડકામાં એક્શન સીનનું શૂટિંગ કરતી જોવા મળી.

તડકામાં પણ દીપિકાનો અદભૂત જુસ્સો

સાઉથ આફ્રિકાના કેપ ટાઉનથી લીક થયેલી તસવીરોમાં જોઈ શકાય છે કે કિંગ ખાન અને દીપિકા એક ગીત અને હાઈ-વોલ્ટેજ એક્શન સિક્વન્સ માટે સખત મહેનત કરી રહ્યા છે. સેટ પર હાજર લોકોના મતે, દીપિકાએ તડકાની પરવા કર્યા વગર શૂટિંગ ચાલુ રાખ્યું હતું, જે જોઈને ખુદ શાહરુખ ખાન પણ પ્રભાવિત થયો હતો.

શાહરુખ ખાન સાથેના ફોટા વાઈરલ

લીક થયેલા વીડિયો અને ફોટામાં દીપિકા અને શાહરુખ એકબીજાનો હાથ પકડીને ઊભેલા જોવા મળે છે. એક ફોટામાં દીપિકા ઓરેન્જ અને બ્લેક કોમ્બિનેશનના આઉટફિટમાં અત્યંત ગ્લેમરસ દેખાઈ રહી છે, જ્યારે બીજા એક સીનમાં તે એક્શન ડિરેક્ટર સાથે ચર્ચા કરતી જોવા મળે છે. ફેન્સ દીપિકાના આ પ્રોફેશનલિઝમને જોઈને તેને 'સુપરવુમન' કહી રહ્યા છે. સોશિયલ મીડિયા યુઝર્સ માને છે કે આ ગીત અનિરુદ્ધ દ્વારા કમ્પોઝ કરવામાં આવ્યું છે, જેણે અગાઉ શાહરુખની ફિલ્મ 'જવાન' માટે સંગીત આપ્યું હતું.

# અનુષ્કાને બર્થ-ડે વિશ કરવા વિરાટ અમદાવાદથી મેચ પતાવીને ભાગ્યો

**મુંબઈ, તા.01**

વિરાટ કોહલી શુક્રવારે પત્ની અનુષ્કા શર્માનો 38મો જન્મદિવસ ઉજવવા માટે મુંબઈ આવ્યો. કોહલી અમદાવાદમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ અને ગુજરાત ટાઈટન્સ વચ્ચે IPL 2026નો મેચ રમ્યા બાદ મુંબઈ પહોંચ્યો. તે સવારે મુંબઈ એરપોર્ટ પર જોવા મળ્યો. એરપોર્ટ પર પાપારાઝીએ કોહલીને અનુષ્કાને જન્મદિવસની શુભેચ્છા આપવા કહ્યું.

વિરાટે બ્લેક સ્વેટશર્ટ, લાઈટ બ્લુ જીન્સ, બ્લુ કેપ અને ચશ્મા પહેર્યા હતા

વિરાટ અને અનુષ્કાના લગ્ન 11 ડિસેમ્બર 2017ના રોજ ઈટાલીમાં થયા હતા. તેમને બે બાળકો છે. પુત્રી વામિકાનો જન્મ 11 જાન્યુઆરી 2021 અને પુત્ર અકાયનો જન્મ 15 ફેબ્રુઆરી 2024ના રોજ થયો હતો.

વિરાટ-અનુષ્કા પ્રેમાનંદ મહારાજના આશ્રમે પહોંચ્યા હતા

વિરાટ-અનુષ્કા તાજેતરમાં વૃંદાવનમાં સંત પ્રેમાનંદ મહારાજના આશ્રમે પહોંચ્યા હતા. કપલે અક્ષય તૃતીયાના રોજ 19 એપ્રિલે વૃંદાવન પહોંચીને સંત પ્રેમાનંદ મહારાજના દર્શન કર્યા અને આશીર્વાદ લીધા. બંનેએ પ્રેમાનંદ મહારાજનો સત્સંગ પણ સાંભળ્યો. બંને સવારે લગભગ 10 વાગ્યે સંત પ્રેમાનંદ મહારાજના ગુરુ સંત હિત ગૌરાંગી શરણ મહારાજના વરાહ ઘાટ સ્થિત આશ્રમે પહોંચ્યા હતા. અહીં દર્શન કરીને પછી હોટેલ પાછા ફર્યા અને લગભગ 11 વાગ્યે રવાના થઈ ગયા હતા.

ક્રિકેટર વિરાટ કોહલી અને તેમની પત્ની એક્ટ્રેસ અનુષ્કા શર્માએ સોમવારે વૃંદાવનમાં સંત પ્રેમાનંદ સાથે મુલાકાત કરી.

વિરાટ-અનુષ્કાએ જમીન પર બેસીને સત્સંગ સાંભળ્યો

આશ્રમમાં વિરાટ અને અનુષ્કા અત્યંત સાધારણ આઉટફીટ અને સાદગીભર્યા અંદાજમાં જોવા મળ્યો. કોઈપણ VIP ઠાઠમાઠ વિના બંનેએ સામાન્ય શ્રદ્ધાળુઓની જેમ જમીન પર બેસીને ઘણી વાર સુધી સત્સંગ સાંભળ્યો. બંને શાંત રહ્યા અને કોઈ પ્રશ્ન પૂછ્યો નહીં.

આશ્રમમાં વિરાટ અને અનુષ્કા અત્યંત સાધારણ વેશભૂષામાં એકાગ્ર ચિત્ત થઈને મહારાજજીની વાતો સાંભળી.

આશ્રમમાં વિરાટ અને અનુષ્કા અત્યંત સાધારણ વેશભૂષામાં એકાગ્ર ચિત્ત થઈને મહારાજજીની વાતો સાંભળી.

છઠ્ઠી વાર પ્રેમાનંદને મળવા પહોંચ્યા વિરાટ-અનુષ્કા વિરાટ-અનુષ્કાએ હવે 6 વાર સંત પ્રેમાનંદ સાથે મુલાકાત કરી છે. પહેલી વાર 4 જાન્યુઆરી, 2023ના રોજ બંને સંત પ્રેમાનંદને મળ્યા હતા. છેલ્લા 16 મહિનામાં બંનેની આ 5મી મુલાકાત છે. 16 ફેબ્રુઆરીએ પુત્ર અકાયના જન્મદિવસ પછી પણ બંને અહીં આવ્યા હતા. વર્ષ 2025માં પણ આ કપલ ત્રણ વાર આશ્રમ પહોંચ્યું હતું, જાન્યુઆરીમાં બાળકો સાથે, મે મહિનામાં અને પછી ડિસેમ્બરમાં.

# એર ઈન્ડિયા હવે દરરોજ 100 ફ્લાઇટ્સ ઘટાડશે : કારણ-ઇંધણના વધતા ભાવ અને સ્પેરપાર્ટ્સની અછત; ઓસ્ટ્રેલિયા, યુરોપ અને અમેરિકાના રૂટને અસર થશે

**નવી દિલ્હી, તા.01**

એર ઈન્ડિયા તેની ઈન્ટરનેશનલ અને ડોમેસ્ટિક ફ્લાઈટ્સમાં લગભગ 10%નો ઘટાડો કરવા જઈ રહી છે. ટાટા ગ્રુપની આ એરલાઈન ઓક્ટોબરના અંતથી શરૂ થતા વિન્ટર શેડ્યૂલથી દરરોજ લગભગ 100 ફ્લાઈટ્સ બંધ કરશે. હાલમાં, એરલાઈન દરરોજ લગભગ 900 ફ્લાઈટ્સનું સંચાલન કરે છે.

ફ્યુઅલની વધતી કિંમતો અને સ્પેરપાર્ટ્સની અછતને કારણે નિર્ણય

એરલાઈને જેટ ફ્યુઅલ (ATF) ની વધતી કિંમતો અને તેના જૂના કાફલા માટે સ્પેરપાર્ટ્સની અછતને કારણે આ મોટું પગલું ભર્યું છે.

એર ઈન્ડિયા પાસે હાલમાં લગભગ 30 વાઈડ-બોડી વિમાનો




સ્પેરપાર્ટ્સ અને એન્જિનની અછતને કારણે ગ્રાઉન્ડેડ છે.

જોકે, એરલાઈને બોઈંગ અને એરબસને નવા વિમાનોના મોટા ઓર્ડર આપ્યા છે, પરંતુ તેમની ડિલિવરીમાં હજુ સમય લાગશે.

ત્યાં સુધી કંપની ઉપલબ્ધ વિમાનો સાથે જ તેનું શેડ્યૂલ મેનેજ કરવાનો પ્રયાસ કરી રહી છે.

આ આંતરરાષ્ટ્રીય રૂટ્સ પર સૌથી વધુ અસર થશે

સૂત્રો અનુસાર, એરલાઈને ભારતને ઉત્તર અમેરિકા, યુરોપ અને ઓસ્ટ્રેલિયા સાથે જોડતા કેટલાક મહત્વપૂર્ણ આંતરરાષ્ટ્રીય રૂટ્સ પર ફ્લાઈટ્સની ફ્રીક્વન્સી ઘટાડવાનો નિર્ણય લીધો છે.

સાન ફ્રાન્સિસ્કો, શિકાગો, લંડન અને સિડની: આ શહેરો માટે સાપ્તાહિક ફ્લાઈટ્સમાં ઘટાડો કરવામાં આવશે.

ઉદાહરણ: જ્યાં હાલમાં દૈનિક સેવા છે, ત્યાં હવે અઠવાડિયામાં ફક્ત ચાર કે પાંચ દિવસ જ ફ્લાઈટ્સ ચાલી શકે છે.

ડોમેસ્ટિક નેટવર્કમાં પણ થશે ફેરફાર

ઘરેલું રૂટ્સ પર પણ એર ઈન્ડિયા તેની ફ્રીક્વન્સી ઘટાડશે. કંપનીનો પ્લાન મેટ્રો-ટુ-મેટ્રો રૂટ્સ પર એવી ફ્લાઈટ્સ ઘટાડવાનો છે જ્યાં હાલમાં ઘણી દૈનિક સેવાઓ ચાલી રહી છે.

આનાથી એરલાઈનને તેના વિમાનોને વધુ નફાકારક રૂટ્સ પર લગાવવામાં અથવા તેમને સ્ટેન્ડબાય પર રાખવામાં મદદ મળશે, જેનાથી ઓન-ટાઈમ પર્ફોર્મન્સ (OTP) માં સુધારો થઈ શકે.

મેનેજમેન્ટ અને એક્સપર્ટ્સનો અભિપ્રાય

એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે ઓપરેશનલ કોસ્ટ અને વિમાનોની ઉપલબ્ધતાની સમીક્ષા કર્યા પછી આ નિર્ણય લેવામાં આવ્યો છે.

છેલ્લા કેટલાક મહિનામાં જેટ ફ્યુઅલના ભાવમાં નોંધપાત્ર વધારો થયો છે, જેના કારણે લાંબા અંતરના ઘણા રૂટ્સ વર્તમાન ફ્રીક્વન્સી પર નુકસાનકારક સાબિત થઈ રહ્યા છે.

એર ઈન્ડિયાએ જણાવ્યું કે અમે માર્કેટ ડિમાન્ડ અને ઓપરેશનલ મુશ્કેલીઓના આધારે અમારા ફ્લાઈટ શેડ્યૂલની સતત સમીક્ષા કરીએ છીએ જેથી કાર્યક્ષમતાથી કામ કરી શકીએ.

# દેશનું GST કલેક્શન રેકોર્ડ ₹2.42 લાખ કરોડ, ઓલટાઈમ હાઈ : ગુજરાત-મહારાષ્ટ્રનું યોગદાન વધુ, ગયા વર્ષે એપ્રિલમાં ₹2.23 લાખ કરોડ હતું

**નવી દિલ્હી તા.01**

ભારતના ગ્રોસ GST કલેક્શને એપ્રિલ મહિનામાં 2.42 લાખ કરોડનો નવો રેકોર્ડ બનાવ્યો. સરકારી ડેટા મુજબ, ગયા નાણાકીય વર્ષના આ જ મહિનાની સરખામણીમાં તેમાં 8.7% નો વધારો નોંધાયો છે. આ પહેલા સૌથી વધુ કલેક્શન એપ્રિલ 2025માં 2.23 લાખ કરોડ રહ્યું હતું. સામાન્ય રીતે દર વર્ષે એપ્રિલ મહિનામાં ટેક્સ કલેક્શન મજબૂત રહે છે. તેનું મુખ્ય કારણ એ છે કે માર્ચમાં નાણાકીય વર્ષ પૂરું થતી વખતે કંપનીઓ તેમના આખા વર્ષના ખાતાઓનું રિકન્સિલિએશન કરે છે. આના કારણે બાકી ટેક્સની ચુકવણી એપ્રિલમાં કરવામાં આવે છે.

નેટ GST કલેક્શન 2.11 લાખ કરોડ રહ્યું

એપ્રિલ 2026માં નેટ GST કલેક્શન 2.11 લાખ કરોડ નોંધાયું. તેમાં વાર્ષિક ધોરણે 7.3%નો ગ્રોથ જોવા મળ્યો છે.




કુલ રિફંડ ગયા વર્ષની સરખામણીમાં 19.3% વધીને 31,793 કરોડ પર પહોંચી ગયું છે. રિફંડ ઘટાડ્યા પછી સરકારની નેટ આવક 2,10,909 કરોડ રહી.

ઈમ્પોર્ટથી થતી કમાણીમાં 25.8%નો વધારો

આ વખતે GST વૃદ્ધિમાં વિદેશી વેપાર એટલે કે ઈમ્પોર્ટનો મોટો ફાળો રહ્યો છે. ગ્રોસ ઈમ્પોર્ટ આવક 25.8%ના ઉછાળા સાથે 57,580 કરોડ થઈ ગઈ છે. જ્યારે, ગ્રોસ ડોમેસ્ટિક આવક એટલે કે ઘરેલુ રાજસ્વમાં 4.3%ની સામાન્ય વધારો જોવા મળ્યો અને તે 1.85 લાખ કરોડ રહ્યું.

મહારાષ્ટ્ર, કર્ણાટક અને ગુજરાતનું યોગદાન સૌથી વધુ

રાજ્યોના પ્રદર્શનની વાત કરીએ તો, ટેક્સ સેટલમેન્ટ પછી સ્થિતિમાં સુધારો જોવા મળી રહ્યો છે. મહારાષ્ટ્ર, કર્ણાટક અને ગુજરાત જેવા મોટા રાજ્યોએ સરકારી તિજોરીમાં સૌથી વધુ યોગદાન આપ્યું છે. આ સાથે, ઉત્તર અને દક્ષિણ ભારતના ઘણા રાજ્યોમાં પણ ટેક્સ કલેક્શનના આંકડામાં તેજી જોવા મળી છે.

# આજથી ગેસના બાટલાના ભાવ વધ્યા : રેસ્ટોરાંમાં જમવાનું મોંઘુ થશે, ઓનલાઈન ગેમિંગ માટે નવા નિયમો પણ લાગુ

**દિલ્હી, તા.01**

કોમર્શિયલ સિલિન્ડર આજે એટલે કે 1 મેથી 993 રૂપિયા મોંઘો થઈ ગયો છે. દિલ્હીમાં તે 3071.50 રૂપિયામાં મળી રહ્યો છે. ન્યૂઝ એજન્સી ANIએ સૂત્રોના હવાલેથી આ જાણકારી આપી છે. આ ઉપરાંત 'ઓનલાઈન ગેમિંગ રૂલ્સ 2026' પ્રભાવી થઈ ગયા છે.

મે મહિનામાં થનારા 4 મોટા ફેરફારો

1. કોમર્શિયલ સિલિન્ડર 993 રૂપિયા સુધી મોંઘો

ફેરફાર: ઓઈલ કંપનીઓએ કોમર્શિયલ ગેસ સિલિન્ડર 993 મોંઘો કરી દીધો છે. દિલ્હીમાં તેની કિંમત 3071.50 થઈ ગઈ છે. પહેલા તે 2078.50 માં મળી રહ્યો હતો. જ્યારે અમદાવાદમાં તેનો ભાવ 3,091 રૂપિયા થઈ ગયો છે.

અસર: કોમર્શિયલ સિલિન્ડરના ભાવ વધવાથી રેસ્ટોરન્ટ માલિકોનો ખર્ચ વધશે. આવી સ્થિતિમાં તેઓ ચા, નાસ્તો અને થાળી મોંઘા કરી શકે છે. લગ્નોની કેટરિંગ પણ મોંઘી થઈ શકે છે.

ઘરેલુ સિલિન્ડરના ભાવમાં કોઈ ફેરફાર નહીં

2. ઓનલાઈન ગેમિંગ માટેના




નવા નિયમો આજથી લાગુ

ફેરફાર: દેશમાં આજે 'ઓનલાઈન ગેમિંગ રૂલ્સ 2026' અમલમાં આવી ગયા છે. આ અંતર્ગત 'ઓનલાઈન ગેમિંગ ઓથોરિટી ઓફ ઈન્ડિયા' (OGAI) ની રચના કરવામાં આવશે. આ સંસ્થા ઓનલાઈન ગેમ્સને રેગ્યુલેટ કરવા, તેમને અલગ-અલગ કેટેગરીમાં વિભાજીત કરવા અને તેમની મોનિટરિંગનું કામ કરશે.

આ અંતર્ગત ગેમ્સને ત્રણ કેટેગરીમાં વિભાજીત કરવામાં આવી છે. ઓનલાઈન મની ગેમ્સ, ઓનલાઈન સોશિયલ ગેમ્સ અને ઈ-સ્પોર્ટ્સ. મની ગેમ્સ પર પ્રતિબંધ છે જ્યારે અન્ય ગેમિંગ પ્લેટફોર્મ્સ માટે રજીસ્ટ્રેશન ફરજિયાત રહેશે.

હવે વિદેશી ગેમિંગ કંપનીઓ પણ ભારતીય કાયદાઓથી બચી શકશે નહીં. જો કોઈ કંપની ભારતમાં સેવા આપી રહી છે, તો તેનું મુખ્યાલય ગમે ત્યાં હોય, તેણે ભારતીય નિયમોનું પાલન કરવું જ પડશે.

યુઝર્સની સુરક્ષા માટે ઓનલાઈન ગેમ્સમાં ઉંમર મર્યાદા, પેરેંટલ કંટ્રોલ અને ટાઈમ લિમિટ જેવા ફીચર્સ હશે. ગેમિંગ દરમિયાન થતા નાણાકીય વ્યવહારો પર પણ નજર રાખવામાં આવશે.

અસર: કડક નિયમો અને ઉંમર મર્યાદા/પેરેંટલ કંટ્રોલ જેવા ફીચર્સથી ગેમિંગની લત અને છેતરપિંડીના કેસોમાં ઘટાડો થવાની અપેક્ષા છે, જેનાથી યુઝર્સ માટે સુરક્ષિત વાતાવરણ બનશે.

# ગૌતમ અદાણી લગ્નની 40મી વર્ષગાંઠે પત્ની સાથે પહોંચ્યા કેદારનાથ : કંપની અહીં બનાવશે 4 હજાર કરોડના ખર્ચે રોપ-વે

## 8-9 કલાકની આકરી યાત્રા માત્ર 36 મિનિટમાં જ પૂર્ણ થશે

**નવી દિલ્હી, તા.01**

ગૌતમ અદાણીએ આજે સવારે રુદ્રપ્રયાગ સ્થિત કેદારનાથ ધામના દર્શન કર્યા. અદાણીએ લગ્નની 40મી વર્ષગાંઠે પત્ની પ્રીતિ અદાણી સાથે મહાદેવનો જલાભિષેક કર્યો. આ દરમિયાન VIP કલ્ચર જોઈને ત્યાં હાજર પૂજારીઓ અને શ્રદ્ધાળુઓ ભડકી ઉઠ્યા અને સૂત્રોચ્ચાર કરવા લાગ્યા.

અદાણી સવારે દિલ્હીથી દેહરાદૂન પહોંચ્યા અને ત્યાંથી પ્રાઈવેટ હેલિકોપ્ટર દ્વારા ધામ પહોંચ્યા. દર્શન કર્યા પછી તેમણે પ્રસ્તાવિત સોનપ્રયાગ-કેદારનાથ રોપવે પરિયોજનાનું એરિયલ સર્વે કર્યું. આ પછી અદાણીએ ધામ સંબંધિત ફોટા શેર કર્યા. કેદારનાથના કપાટ 22 એપ્રિલે લોકો માટે ખોલવામાં આવ્યા હતા. જિલ્લા પ્રશાસન અનુસાર, અત્યાર સુધીમાં અહીં 2.5 લાખથી વધુ લોકો દર્શન કરી ચૂક્યા છે.

અદાણીની કંપની કેદારનાથમાં રોપવે બનાવી રહી છે

અદાણીની કંપની સોનપ્રયાગ-કેદારનાથ રોપવે પરિયોજના પર કામ



કરી રહી છે. લગભગ 13 કિલોમીટર લાંબી આ રોપવે પ્રણાલી દુનિયાના સૌથી ઊંચા અને પડકારજનક ભૌગોલિક ક્ષેત્રોમાંના એકમાં સ્થાપિત કરવામાં આવી રહી છે. હાલમાં શ્રદ્ધાળુઓને સોનપ્રયાગથી કેદારનાથ સુધી પહોંચવા માટે 16 કિલોમીટરની ઊભી અને થકવી દેનારી પગપાળા ચઢાઈ કરવી પડે છે, જેમાં સરેરાશ 8 થી 9 કલાકનો સમય લાગે છે. જોકે, આ રોપવે શરૂ થયા પછી આ કષ્ટદાયક યાત્રા માત્ર 36 મિનિટમાં પૂરી થઈ જશે.

આ પ્રોજેક્ટ દુનિયાની સૌથી સુરક્ષિત અને આધુનિક '3S' (થ્રી-કેબલ) ટેકનોલોજી પર આધારિત હશે, જેને ખરાબ હવામાન અને તેજ પવનો વચ્ચે પણ સરળતાથી સંચાલિત કરવા માટે ડિઝાઈન કરવામાં આવ્યો છે. લગભગ 4,081 કરોડ રૂપિયાના અંદાજિત ખર્ચવાળી આ પરિયોજનાનું નિર્માણ અદાણી સમૂહ દ્વારા 'પર્વતમાલા યોજના' હેઠળ કરવામાં આવી રહ્યું છે. તેની ક્ષમતા એટલી વ્યાપક હશે કે તે પ્રતિ કલાક લગભગ 1,800 યાત્રીઓને એક તરફથી લઈ જઈ શકશે, જેનાથી સીઝન દરમિયાન ઉમટતી ભીડનું વ્યવસ્થાપન કરવું ઘણું સરળ બની જશે.

સપ્ટેમ્બર 2025માં અદાણી એન્ટરપ્રાઈઝિસ લિમિટેડને પ્રોજેક્ટ મળ્યો

ગૌતમ અદાણીની કંપની અદાણી એન્ટરપ્રાઈઝિસ લિમિટેડ (AEL) એ જણાવ્યું કે તેમને સપ્ટેમ્બરમાં સોનપ્રયાગથી કેદારનાથને જોડતા લગભગ 13 કિલોમીટર લાંબા રોપવે પ્રોજેક્ટના નિર્માણનો કોન્ટ્રાક્ટ મળ્યો હતો. કેન્દ્રીય કેબિનેટે આ માર્ચ 2025માં આ રોપવે પ્રોજેક્ટને મંજૂરી આપી હતી. તેને પૂર્ણ થવામાં લગભગ 5 વર્ષનો સમય લાગશે.

કેન્દ્ર સરકારે કેદારનાથ ધામ અને હેમકુંડ સાહિબ માટે રોપ-વે પ્રોજેક્ટને આ માર્ચ 2025માં મંજૂરી આપી હતી. રાષ્ટ્રીય રોપવે વિકાસ કાર્યક્રમ હેઠળ ઉત્તરાખંડમાં સોનપ્રયાગથી કેદારનાથ સુધી નેશનલ હાઈવે લોજિસ્ટિક મેનેજમેન્ટ તેનું નિર્માણ કરશે.

કેદારનાથ મંદિર સમુદ્ર સપાટીથી 3,584 મીટરની ઊંચાઈ પર આવેલું છે. અહીં મંદાકિની નદી છે. કેદારનાથ ધામ ભગવાન શિવના 12 જ્યોતિર્લિંગોમાંનું એક છે.

પીએમ મોદીએ શિલાન્યાસ કર્યો હતો

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 21 ઓક્ટોબર, 2022ના રોજ કેદારનાથ પહોંચીને આ મહત્વાકાંક્ષી રોપવે પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો હતો. આ પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ શ્રદ્ધાળુઓની યાત્રા અત્યંત સરળ અને આરામદાયક બની જશે.

ગૌતમ અદાણીએ X પર ફોટો શેર કરતા લખ્યું- 'આજનો દિવસ મારા માટે ખાસ છે, એક તરફ વિશ્વ શ્રમિક દિવસ છે અને બીજી તરફ મારા લગ્નની 40મી વર્ષગાંઠ.

# ઓઈલ કંપનીઓએ 2025-26માં રોજ ₹116 કરોડ નફો કમાયો

**નવી દિલ્હી, તા.01**

ઈરાન-અમેરિકા યુદ્ધ વચ્ચે આંતરરાષ્ટ્રીય સ્તરે બ્રેન્ટ ક્રૂડ ગુરુવારે 126 ડોલર પ્રતિ બેરલ સુધી પહોંચી ગયું હતું, જે 4 વર્ષનો ઉચ્ચતમ સ્તર છે. જોકે, બાદમાં ભાવ 116 ડોલર સુધી આવી ગયા. આવી સ્થિતિમાં એજન્સીઓના હવાલાથી જણાવવામાં આવી રહ્યું છે કે ઈરાન યુદ્ધને કારણે મોંઘા ક્રૂડ ઓઈલથી દેશની ઓઈલ કંપનીઓને દરરોજ 2,400 કરોડનું નુકસાન થઈ રહ્યું છે.

પેટ્રોલ પર પ્રતિ લિટર 14 રૂપિયા અને ડીઝલ પર 18 રૂપિયાનું નુકસાન ભોગવવું પડી રહ્યું છે. આનાથી ઓઈલ કંપનીઓ પેટ્રોલના ભાવ વધારવા દબાણ કરી રહી છે.



જ્યારે, હકીકત એ છે કે નાણાકીય વર્ષ 2025-26માં ક્રૂડ ઓઈલના સરેરાશ ભાવ માત્ર 71 ડોલર પ્રતિ બેરલ રહ્યા, જે કોવિડ વર્ષ 2020-21 પછી સૌથી ઓછા છે.

યુદ્ધ 28 ફેબ્રુઆરી 2026 થી શરૂ થયું હતું અને 27 ફેબ્રુઆરી સુધી ભાવ 76 ડોલર પ્રતિ બેરલ હતા. આવી સ્થિતિમાં માત્ર 2 મહિનામાં જ ક્રૂડના ભાવ વધ્યા છે. જ્યારે, સરકારી આંકડાઓ અનુસાર, 2025-26ના શરૂઆતના 9 મહિનામાં દેશની ચાર અગ્રણી ઓઈલ કંપનીઓએ કુલ 1.37 લાખ કરોડ રૂ. એટલે કે દરરોજ 116 કરોડ રૂપિયાનો નફો કમાવ્યો.

આપણા માટે ક્રૂડનો ભાવ $50 ઘટી ચૂક્યો છે

1. ઈરાન યુદ્ધવિરામ પછી ક્રૂડના ભાવ?

ઈરાન-અમેરિકા યુદ્ધવિરામ પછી ક્રૂડ ઓઈલની કિંમતોમાં ઘટાડો થયો છે. ભારતીય બાસ્કેટમાં ક્રૂડ ઓઈલના ભાવ, જે $150 સુધી પહોંચી ગયા હતા, તે હવે $100 પ્રતિ બેરલની આસપાસ આવી ગયા છે.

2. સરકારે શું કર્યું?

સરકારે 27 માર્ચે પેટ્રોલ અને ડીઝલ પર લાગતી એક્સાઈઝ ડ્યુટીમાં રૂ. 10-10નો ઘટાડો કર્યો હતો. આનાથી દર મહિને લગભગ 12,000 કરોડના મહેસૂલી નુકસાનનો અંદાજ છે.

3. સરકાર ખોટની ભરપાઈ કેવી રીતે કરી રહી છે?

સરકારે ડીઝલની નિકાસ પર લાગતા 'વિન્ડફોલ ટેક્સ'નો સહારો લીધો છે. 11 એપ્રિલે સરકારે ડીઝલની નિકાસ પર લાગતા આ ટેક્સને 21.50 રૂ. પ્રતિ લિટરથી વધારીને સીધો 55.5 રૂપિયા પ્રતિ લિટર કરી દીધો.

4. વિન્ડફોલ ટેક્સથી કેટલી આવક થઈ રહી છે?

ભારતમાંથી દર મહિને સરેરાશ 191 કરોડ લિટર ડીઝલની નિકાસ થાય છે. વિન્ડફોલ ટેક્સ વધાર્યા પછી સરકારને ફક્ત ડીઝલની નિકાસથી જ લગભગ 10,500 કરોડ રૂ.ની માસિક આવક થઈ રહી છે, જે એક્સાઈઝ ડ્યુટીથી થયેલા નુકસાનની ઘણી હદ સુધી ભરપાઈ કરી દે છે.

# દર્શકોના મગજ વાંચીને ફિલ્મો બનશે! : વધુ સારી ફિલ્મો બનાવવા માટે સિનેમા લેબમાં અનોખું સંશોધન

**લંડન, તા.01**

કલ્પના કરો કે તમે એક વિશાળ હાઈ-એન્ડ સિનેમા હોલમાં બેઠા છો, જ્યાં 4K પ્રોજેક્ટર, સરાઉન્ડ સાઉન્ડ અને આરામદાયક સીટો છે. પડદા પર કોઈ ફિલ્મ ચાલી રહી છે. પરંતુ તમારા માથા પર દર્દીઓને પહેરાવવામાં આવતું હેડસેટ લાગેલું છે અને હાથો તથા હૃદયની ગતિવિધિઓને માપવા માટે સેન્સર અને મોનિટર લાગેલા છે. ઈન્ફ્રારેડ કેમેરા તમારી આંખ પટપટાવવાની ગતિવિધિને પણ રેકોર્ડ કરી રહ્યા છે.

ખરેખર, તમારા દ્વારા ફિલ્મ જોતી વખતે કરવામાં આવતી દરેક પ્રતિક્રિયા રેકોર્ડ થઈ રહી છે. આ બ્રિટનની બ્રિસ્ટલ યુનિવર્સિટીનો સિનેમા લેબ છે. અહીં દર્શકોની પ્રતિક્રિયા રેકોર્ડ કરીને તેના



આધારે ભવિષ્યમાં વધુ સાર્થક અને ઊંડાણવાળી ફિલ્મો બનાવવા માટે સંશોધન કરવામાં આવી રહ્યું છે.

સંશોધકો અભ્યાસ કરી રહ્યા છે કે લોકો સ્ક્રીન પર દેખાતી વસ્તુઓ પર કેવી પ્રતિક્રિયા આપે છે. દર્શકોની શારીરિક પ્રતિક્રિયાઓ અને ફિલ્મના તે ભાગો પર મૌખિક પ્રતિક્રિયાને જોડીને, જે તેમને સૌથી વધુ આકર્ષક લાગ્યા, ટીમ એ સમજવાની અપેક્ષા રાખે છે કે કઈ ક્ષણો ખરેખર ધ્યાન આકર્ષિત કરે છે, અને શું આ માહિતી ફિલ્મ નિર્માતાઓને વધુ સારી ફિલ્મો બનાવવામાં અને વધુ રચનાત્મક જોખમો લેવામાં મદદ કરી શકે છે.

સિનેમા ઈન્ડસ્ટ્રીમાં આવશે ડેટા આધારિત સર્જનાત્મકતા

આ પ્રોજેક્ટનું નેતૃત્વ કરી રહેલા બ્રિસ્ટલ યુનિવર્સિટીના ન્યુરોસાઈકોલોજિસ્ટ પ્રોફેસર ઈયાન ગિલક્રિસ્ટ કહે છે કે, આ ટેકનિક ફિલ્મ નિર્માણને ડેટા આધારિત સર્જનાત્મકતા તરફ લઈ જઈ શકે છે. આનાથી માત્ર વધુ ગહન અનુભવ ધરાવતી અને લોકોને જોડતી ફિલ્મો જ નહીં બને, પરંતુ દર્શકોના અનુભવને પણ સુધારી શકાશે. આવનારા સમયમાં આ સંશોધન OTT કન્ટેન્ટ, ગેમિંગ અને વર્ચ્યુઅલ રિયાલિટીમાં પણ મોટો બદલાવ લાવી શકે છે.

# ટેસ્લાની સૌથી લાંબી SUV 'મોડેલ YL' ભારતમાં લોન્ચ : 6 લક્ઝરી સીટ્સ અને સેલ્ફ-ડ્રાઈવિંગ મોડ

**નવી દિલ્હી, તા.01**

ઈલોન મસ્કની EV કંપની 'ટેસ્લા' ઈન્ડિયાએ ભારતીય બજારમાં તેની સૌથી લાંબી SUV 'મોડેલ Y L' લોન્ચ કરી છે. આ ભારતમાં ટેસ્લાની પ્રથમ કાર 'મોડેલ Y'નું વધુ જગ્યા ધરાવતું અને થ્રી-રો વર્ઝન છે. આ કારની સૌથી મોટી વિશેષતા તેની 681kmની રેન્જ અને 6-સીટર સીટિંગ લેઆઉટ છે. ટેસ્લા 'મોડેલ Y L'ની એક્સ-શોરૂમ શરૂઆતની કિંમત 61.99 લાખ રૂપિયા છે. આ સ્ટાન્ડર્ડ 'મોડેલ Y' (59.89 લાખ રૂપિયા) કરતાં લગભગ 2.10 લાખ રૂપિયા મોંઘી છે. કંપનીએ કારનું બુકિંગ શરૂ કરી દીધું છે અને ગ્રાહકોને તેની ડિલિવરી પણ જલ્દી આપવામાં આવશે.

એક્સટીરિયર ડિઝાઈન: 19-ઈંચ એરો વ્હીલ્સ અને સ્લીક લુક



ડિઝાઈનના મામલે 'મોડેલ વાય એલ' મોટાભાગે સ્ટાન્ડર્ડ વર્ઝન જેવી જ દેખાય છે, પરંતુ તેમાં કેટલાક ખાસ ફેરફારો કરવામાં આવ્યા છે:

વ્હીલ્સ અને સ્પોઈલર: તેમાં નવા 19-ઈંચના એરો ડિઝાઈનવાળા એલોય વ્હીલ્સ અને પાછળની તરફ બ્લેક સ્પોઈલર આપવામાં આવ્યું છે.

ફ્રન્ટ પ્રોફાઈલ: કારના આગળના ભાગમાં પહોળો એલઈડી લાઈટબાર મળે છે. ઈલેક્ટ્રિક હોવાને કારણે તેનો ફ્રન્ટ લુક ખૂબ જ ક્લીન અને મિનિમલ રાખવામાં આવ્યો છે.

સાઈડ અને રીઅર: સારી હવાના પ્રવાહ (એરોડાયનેમિક્સ) માટે ફ્લશ ડોર હેન્ડલ્સ આપવામાં આવ્યા છે. પાછળની તરફ રેગ્યુલર મોડેલની જેમ જ કનેક્ટેડ ટેલલેમ્પ્સ મળે છે.

સાઈઝ અને ડાયમેન્શન: 150mm વધુ મોટો વ્હીલબેઝ

'મોડેલ Y L'નું મુખ્ય આકર્ષણ તેની વધેલી સાઈઝ છે. આ કાર સ્ટાન્ડર્ડ મોડેલ કરતાં 179 મિલીમીટર વધુ લાંબી છે. તેના વ્હીલબેઝનું કદ પણ 150 મિલીમીટર વધારવામાં આવ્યું છે. કારની ઊંચાઈમાં પણ 44 મિલીમીટરનો વધારો થયો છે. મોટા 'ગ્લાસહાઉસ' (બારીઓવાળો ભાગ) ને કારણે તેને રસ્તા પર સરળતાથી ઓળખી શકાય છે.

# BMW F 450 GS એડવેન્ચર બાઈક ભારતમાં લોન્ચ : 420cc પેરેલલ-ટ્વીન એન્જિન સાથે ABS પ્રો અને ટ્રેક્શન કંટ્રોલ ફીચર્સ

**નવી દિલ્હી, તા.01**

BMW મોટોરાડ એ ભારતમાં તેની લોકપ્રિય એડવેન્ચર ટુરર બાઈક 'F 450 GS'ને લોન્ચ કરી છે. બાઈક 48hp પાવરવાળા 420ccના પેરેલલ-ટ્વીન એન્જિનથી સજ્જ છે. તેમાં સેફ્ટી માટે ABS (એન્ટી લોક બ્રેકિંગ સિસ્ટમ) પ્રો અને ટ્રેક્શન કંટ્રોલ જેવા ફીચર્સ આપવામાં આવ્યા છે.

કિંમત અને કલર ઓપ્શન

તેની શરૂઆતની એક્સ-શોરૂમ કિંમત 4.70 લાખ રૂપિયા છે, જે ટોપ વેરિઅન્ટ માટે 5.30 લાખ રૂપિયા સુધી જાય છે. આ નવી બાઈક કંપનીની જૂની 'G 310 GS'ની જગ્યા લેશે અને તેને TVSના હોસુર પ્લાન્ટમાં બનાવવામાં આવી રહી છે. બાઈકની બુકિંગ શરૂ થઈ ગઈ છે અને ગ્રાહકોને તેની ડિલિવરી જૂન 2026 થી મળવાનું શરૂ થશે.

'BMW F 450 GS'ને ત્રણ વેરિઅન્ટ્સ- બેઝ, એક્સક્લુઝિવ અને GS ટ્રોફીમાં રજૂ કરવામાં આવી છે. બેઝ અને એક્સક્લુઝિવ વેરિઅન્ટ ફક્ત કોસ્મિક બ્લેક કલરમાં મળશે, જ્યારે ટોપ-એન્ડ GS ટ્રોફી વેરિઅન્ટને BMWની ક્લાસિક ટ્રાઈકલર (રેસિંગ બ્લુ મેટાલિક) પેઈન્ટ સ્કીમમાં ઉતારવામાં આવ્યું છે.

420ccનું પાવરફુલ એન્જિન અને પર્ફોર્મન્સ

આ એડવેન્ચર બાઈકમાં 420ccનું લિક્વિડ-કૂલ્ડ, પેરેલલ-ટ્વીન એન્જિન આપવામાં આવ્યું છે. આ એન્જિન 8,750rpm પર 48hp (47.5PS)ની પાવર અને 6,750rpm પર 43Nm નો ટોર્ક જનરેટ કરે છે. તેને 6-સ્પીડ ગિયરબોક્સ સાથે જોડવામાં આવ્યું છે. તેમાં સ્લિપર ક્લચ અને બાય-ડાયરેક્શનલ ક્વિકશિફ્ટરની સુવિધા આપવામાં આવી છે. ખાસ વાત એ છે કે, તેના ટ્રોફી વેરિઅન્ટમાં 'ઈઝી રાઈડ ક્લચ' (ERC) મળે છે, જે ક્લચ ઓપરેશનને ઓટોમેટિક રીતે મેનેજ કરે છે.

ડિઝાઈન અને સેફ્ટી ફીચર્સ

'F 450 GS'ની ડિઝાઈન કંપનીની ફ્લેગશિપ બાઈક 'R 1300 GS'થી પ્રેરિત છે, જેમાં સિગ્નેચર ક્વાડ-LED ડે-ટાઈમ રનિંગ લેમ્પ્સ (DRLs) અને X-શેપ્ડ લુક આપવામાં આવ્યો છે. સેફ્ટી માટે તેમાં ABS પ્રો, ડાયનેમિક બ્રેક કંટ્રોલ (DBC) અને ટ્રેક્શન કંટ્રોલ જેવા ફીચર્સ આપવામાં આવ્યા છે. બાઈકનું વજન 178 કિલોગ્રામ છે અને તેમાં 14 લિટરની ફ્યુઅલ ટેન્ક મળે છે. તેની સીટની ઊંચાઈ 845mm છે.

સ્માર્ટ ફીચર્સ અને કનેક્ટિવિટી

બાઈકમાં 6.5-ઈંચનું TFT ડિસ્પ્લે આપવામાં આવ્યું છે, જે સ્માર્ટફોન કનેક્ટિવિટી, નેવિગેશન અને કૉલ/SMS એલર્ટને સપોર્ટ કરે છે. તેમાં રેઈન, રોડ અને એન્ડ્યુરો જેવા મલ્ટીપલ રાઈડિંગ મોડ્સ મળે છે. એક્સક્લુઝિવ અને GS ટ્રોફી વેરિઅન્ટમાં વધારાનો 'એન્ડ્યુરો પ્રો' મોડ પણ આપવામાં આવ્યો છે. આ ઉપરાંત, હીટેડ ગ્રિપ્સ, એડજસ્ટેબલ લિવર્સ અને એન્જિન ડ્રેગ ટોર્ક કંટ્રોલ જેવા ફીચર્સ તેને પ્રીમિયમ બનાવે છે.

વેરિઅન્ટ અનુસાર મુખ્ય તફાવત

બેઝ વેરિઅન્ટ: આમાં LED લાઈટિંગ, 6.5-ઈંચ TFT ડેશ, હીટેડ ગ્રિપ્સ અને હાઈટ-એડજસ્ટેબલ રીઅર બ્રેક લિવર મળે છે. એક્સક્લુઝિવ વેરિઅન્ટ: બેઝના ફીચર્સ ઉપરાંત આમાં ઓફ-રોડ ફૂટ પેગ્સ, હેન્ડ ગાર્ડ્સ, એન્જિન ગાર્ડ અને શિફ્ટ આસિસ્ટન્ટ પ્રો આપવામાં આવ્યું છે.

**પશ્ચિમ રેલવે**
**ભાવનગર ડિવિઝન**

**વધારાની લૂપ લાઈનો અને ડેડ એન્ડ ની જોગવાઈ સંબંધમાં ટીઆરડી કામ**

**ટેન્ડર નં. ૧૩-ટીઆરડીબીવીપી-૨૦૨૫-૨૬-R**

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડિવિઝનલ રેલવે મેનેજર (TRD) પશ્ચિમ રેલવે, ભાવનગર પરા નીચે જણાવેલ કામ માટે ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે. **કામનું નામ:** ચુડા, રાણપુર, ઉજલવાવ, આલમપુર ખાતે વધારાની લૂપ લાઈનો અને વઢવાણ સિટી અને સાવરકુંડલા ખાતે ડેડ એન્ડ ની જોગવાઈના સંબંધમાં ટીઆરડી કામ. **ટેન્ડર રકમ:** ₹ ૫,૬૧,૩૭,૨૭૯.૪૪/- **ટેન્ડર ફી:** શૂન્ય, **ઈએમડી રકમ:** ₹ ૧૧,૨૨,૮૦૦/- **સરનામું:** ડીઆરએમ (ટ્રેક્શન) બીવીપી, ડીઆરએમ ઓફીસ, ભાવનગર પરા-૩૬૪૦૦૩. બીડર્સે માત્ર ઓનલાઈન લીંક એટલે કે www.ireps.gov.in મારફતે અરજી કરવાની રહેશે. વધુ વિગતો માટે કૃપા કરી વેબસાઈટ www.ireps.gov.in જુઓ. ઉપરોક્ત દર્શાવેલા ટેન્ડરો માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ: **૨૫-૦૫-૨૦૨૬** ના ૧૫:૦૦ કલાક સુધી છે. BVP-018

અમને લાઈક કરો: facebook.com/WesternRly

# સાંસ્કૃતિક કાર્યક્રમોથી ગુંજી ઉઠ્યું સુરતનું આંગણું : રાજ્યપાલ-મુખ્યમંત્રીની હાજરીમાં પોલીસ પરેડ અને વિવિધ ટેબ્લોનું અદભૂત પ્રદર્શન, જનમેદની ઉમટી

**સુરત, તા.01**

ગુજરાત સ્થાપના દિવસના અવસરે સુરતની ઓરો યુનિવર્સિટી ખાતે 1 અને 2 મેના રોજ 'વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ' (VGRC) ની ત્રીજી આવૃત્તિનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ મેગા ઈવેન્ટમાં જાપાન, રવાન્ડા, યુક્રેન અને સિંગાપોર ભાગીદાર દેશો તરીકે જોડાઈને દક્ષિણ ગુજરાતના ઉદ્યોગોને વૈશ્વિક ફલક પર લઈ જશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સનું ઉદ્ઘાટન કર્યું હતું. કરોડોના MOU થયા છે. સુરત કટ ડાયમંડ-GI ટેગ પર એક ખાસ કવર પણ લોન્ચ કરાયું હતું. સાથે જ 8 નવી સ્માર્ટ GIDCની પણ જાહેરાત કરાઈ છે. આ મેગા ઈવેન્ટમાં આવેલા વિવિધ દેશના પ્રતિનિધિઓ પણ ગુજરાતના રંગે રંગાયેલા જોવા મળ્યા હતા. જાપાનના રાજદૂતે ગુજરાતીમાં તો સિંગાપોરના હાઈ કમિશનર સિમોન વોન્ગે 'જયશ્રી કૃષ્ણ' કહીને સંબોધનની શરૂઆત કરી હતી. તો યુક્રેનના રાજદૂતે જય જય ગરવી ગુજરાત કહી ગુજરાત દિવસની શુભકામનાઓ પાઠવી હતી.

**દક્ષિણ ગુજરાતના છ જિલ્લાઓ પર ફોકસ**

'વિકસિત ભારત@2047'ના મહત્વાકાંક્ષી દ્રષ્ટિકોણને સાકાર કરવાના હેતુથી આયોજિત આ કોન્ફરન્સમાં દક્ષિણ ગુજરાતના સુરત, ભરૂચ, ડાંગ, નવસારી, તાપી અને વલસાડ એમ 6 જિલ્લાઓની ઔદ્યોગિક ક્ષમતા પર વિશેષ પ્રકાશ પાડવામાં આવશે. કોન્ફરન્સની સમાંતર 1થી 5 મે સુધી વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ એક્ઝિબિશન (VGRE) નું પણ આયોજન કરવામાં આવ્યું છે. લગભગ 12,000 ચોરસ મીટરના વિશાળ વિસ્તારમાં પથરાયેલું આ એક્ઝિબિશન નવીનતા, ઉદ્યોગસાહસિકતા અને રોકાણની તકોનું એક જીવંત કેન્દ્ર બની રહેશે. તેમાં નાના અને મધ્યમ કક્ષાના ઉદ્યોગો (MSME) થી લઈને મલ્ટીનેશનલ કંપનીઓ પોતાની પ્રોડક્ટ્સ અને ટેક્નોલોજીનું પ્રદર્શન કરશે, જે પ્રાદેશિક અર્થતંત્રને એક નવી ઊંચાઈ પર લઈ જશે.

**સુરત ઈકોનોમિક માસ્ટર પ્લાન રજૂ**

દક્ષિણ ગુજરાતના વિવિધ અને સમૃદ્ધ ઉદ્યોગોની ઝલક આપતા એક પ્રેઝન્ટેશન વીડિયો દ્વારા વિદેશી પ્રતિનિધિઓને રાજ્યની આર્થિક શક્તિથી માહિતગાર કરવામાં આવ્યા હતા. આ પ્રદર્શનમાં સુરતના વિશ્વવિખ્યાત ડાયમંડ અને ટેક્સટાઈલ ઉદ્યોગથી લઈને વાપી-અંકલેશ્વરના કેમિકલ અને ફાર્માસ્યુટિકલ હબની વિસ્તૃત માહિતી રજૂ કરવામાં આવી હતી. આધુનિક ટેક્નોલોજી અને વિઝ્યુઅલ માધ્યમનો ઉપયોગ કરીને વિદેશી ડેલીગેટ્સ સમક્ષ દક્ષિણ ગુજરાતમાં રહેલી રોકાણની વિપુલ તકો, અત્યાધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને વ્યાપારિક સુવિધાઓનું સચોટ ચિત્ર સ્પષ્ટ કરવામાં આવ્યું હતું, જેનો મુખ્ય ઉદ્દેશ્ય આંતરરાષ્ટ્રીય સ્તરે સહભાગીદારી વધારવાનો અને સ્થાનિક ઉદ્યોગોને વૈશ્વિક મંચ પૂરું પાડવાનો હતો.

**8 સ્માર્ટ GIDCની જાહેરાત**

દક્ષિણ ગુજરાતના ઔદ્યોગિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નવી ઊંચાઈએ લઈ જવા માટે રાજ્ય સરકાર દ્વારા અત્યાધુનિક 8 સ્માર્ટ GIDC એસ્ટેટની મહત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી હતી.

**'સુરત કટ ડાયમંડ-GI ટેગ' પર એક ખાસ કવર પ્રકાશિત**

વિશ્વવિખ્યાત 'સુરત કટ ડાયમંડ-GI ટેગ' પર એક ખાસ કવર પ્રકાશિત કરવામાં આવ્યું હતું, જે સુરતના હીરા ઉદ્યોગ માટે ખરેખર ગૌરવની ક્ષણ બની રહી હતી.

**'દાણચોરી-આતંકવાદી પ્રવૃત્તિ માટે કુખ્યાત દરિયાને સમૃદ્ધિનું પ્રવેશદ્વાર બનાવ્યું'**

સીએમ ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે,વર્ષો પહેલા મધદરીયેથી મોટા જહાજોને પાઈલોટિંગ કરીને ભરૂચ બંદરે વેપાર માટે લાવવામાં આવતા હતા. જે દરિયો એક સમયે ડ્રગ્સ, દાણચોરી અને આતંકવાદી પ્રવૃત્તિઓ માટે કુખ્યાત હતો, તે દરિયા કિનારાને પોર્ટ-લેડ ડેવલપમેન્ટથી સમૃદ્ધિનું પ્રવેશદ્વાર બનાવ્યું.

**'દેશના કુલ કાર્ગોના 40% કાર્ગો હેન્ડલિંગ એકલું ગુજરાત કરે છે'**

આજે દેશના કુલ કાર્ગોના 40% કાર્ગો હેન્ડલિંગ એકલું ગુજરાત કરે છે. પીએમ મોદીએ જે લાંબાગાળા અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટનો એપ્રોચ અપનાવ્યો, તેનાથી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટથી ઉદ્યોગોની સાથે સામાજિક જીવનમાં પણ મોટો બદલાવ આવ્યો.

# પોષણ આપતી બહેનો શોષણ સામે મેદાને : ગુજરાત સ્થાપના દિને ગાંધીનગરમાં આંગણવાડી બહેનોની સભા મળી

**ગાંધીનગર, તા.01**

આજે ગુજરાત રાજ્યના સ્થાપના દિવસ અને શ્રમિક દિવસની રાજ્યભરમાં ઉજવણી થઈ રહી છે.ત્યારે બીજી તરફ રાજ્યની આંગણવાડી મહિલા કાર્યકરો અને તેડાઘરોએ પોતાના હક્ક માટે સરકાર સામે બાયો ચડાવી છે. અખિલ ગુજરાત આંગણવાડી કર્મચારી સંઘના નેજા હેઠળ આજે ગાંધીનગરના સેક્ટર-12 ખાતે સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં આંગણવાડી બહેનો ઉમટી પડી હતી અને સરકાર સમક્ષ પોતાની પડતર માંગણીઓનો પડઘો પાડ્યો હતો.

**સરકારે કરેલી ફરજિયાત ઓનલાઈન કામગીરીનો બહેનોએ સખત વિરોધ કર્યો**

છેલ્લા લાંબા સમયથી વેતન વધારાની માંગ કરી રહેલી આંગણવાડી બહેનોએ હવે આરપારની લડાઈ લડવાનો નિર્ધાર કર્યો છે. સંઘના પ્રમુખ કિરણ એચ. કવિએ જણાવ્યું હતું કે, છેલ્લા એક વર્ષથી સરકાર સમક્ષ લેખિત અને મૌખિક રજૂઆતો કરવા છતાં કોઈ નક્કર ઉકેલ આવ્યો નથી. ખાસ કરીને પોતાના અંગત મોબાઈલ ફોનમાં સરકાર દ્વારા ફરજિયાત કરાયેલી ઓનલાઈન કામગીરીનો બહેનોએ સખત વિરોધ કર્યો છે. ટેકનિકલ મુશ્કેલીઓ, અપૂરતું ઈન્ટરનેટ અને ડેટા ખર્ચના મુદ્દે બહેનોએ કહ્યું છે કે જ્યાં સુધી માંગણીઓ નહીં સંતોષાય ત્યાં સુધી ઓનલાઈન કામગીરી બંધ રહેશે અને માત્ર ઓફલાઈન સેવાઓ જ ચાલુ રાખવામાં આવશે.

**સિનિયોરિટીના ધોરણે બઢતી આપવાની પણ માંગ**

આ અંગે આંગણવાડી કાર્યકર અલકાબેન પટેલે જણાવ્યું હતું કે, સરકાર દ્વારા અપાતી ઈન્ટરનેટની સુવિધા ખૂબ જ અપૂરતી છે. એક જ પ્રકારની કામગીરીમાં ડેટા પૂરો થઈ જતો હોવાથી બહેનોને આર્થિક બોજ સહન કરવો પડે છે. આ ઉપરાંત હેલ્પર અને કાર્યકર બહેનોને શાળાઓની જેમ એકસાથે વેકેશન મળે તેવી પણ માંગ છે. મુખ્ય માંગણીઓમાં કાર્યકરોને 18,000 અને તેડાઘરોને 13,000નું વચગાળાનું વેતન આપવું તેમજ સિનિયોરિટીના ધોરણે બઢતી આપવાની પણ માંગ છે.

**આગામી દિવસોમાં રાજ્યમાં ઉગ્ર આંદોલન કરાશે**

જ્યારે સંઘના મહામંત્રી સીતાબેન ચૌહાણે ચીમકી ઉચ્ચારી છે કે, આ મહાસંમેલન માત્ર એક શરૂઆત છે. જો સરકાર દ્વારા તાત્કાલિક ધોરણે આ પ્રશ્નોનું નિરાકરણ લાવવામાં નહીં આવે તો આવનારા દિવસોમાં સમગ્ર રાજ્યમાં ઉગ્ર આંદોલન કરવામાં આવશે. ગાંધીનગરના બલરામ ભવન ખાતે મળેલી બેઠકમાં આગામી રણનીતિ પણ ઘડી કાઢવામાં આવી છે.

# પાલજ પાટીયા પાસે પુરપાટ દોડતી કારે બાઈક સવારને કચડ્યો : રાંધેજાના યુવકનું ટૂંકી સારવાર બાદ મોત

**ગાંધીનગર, તા.01**

ગાંધીનગર ચિલોડા હાઈવે પર પાલજ ગામના પાટીયા પાસે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં રાંધેજા ગામના યુવકનું અકાળે અવસાન થયું છે. પૂરપાટ ઝડપે કારના ચાલકે બાઈકને અડફેટે લેતા સર્જાયેલા આ અકસ્માત યુવકનું મોત નીપજતા લગ્ન પ્રસંગમાંથી પરત ફરી રહેલા પરિવારમાં માતમ છવાઈ ગયો છે. આ અંગે ચિલોડા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**પુરપાટ દોડતી કારે બાઈક સવારને કચડ્યો**

ગાંધીનગરના ચિલોડા પોલીસ મથકે નોંધાયેલી ફરિયાદ મુજબ, રાંધેજા ગામના ઠાકોર વાસમાં રહેતા અને મજૂરી કામ કરતા કરણજી બળદેવજી ઠાકોર બાઈક લઈને પાલજ પાટીયા પાસેથી પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન પાછળથી આવતી ફોર વ્હીલર ગાડી (નં.GJ-18BJ-3334) ના ચાલકે પોતાની ગાડી પૂરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી કરણજીની બાઈકને જોરદાર ટક્કર મારી હતી.

**રાંધેજાના યુવકનું ટૂંકી સારવાર બાદ મોત**

આ અકસ્માતમાં કરણજીને શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માતના પગલે આસપાસના લોકો દોડી ગયા હતા. જ્યાં હાજર લોકોએ ઈજાગ્રસ્ત યુવાનને 108 એમ્બ્યુલન્સ બોલાવી તાત્કાલિક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે મોકલી આપ્યો હતો. બનાવની જાણ થતા પોલીસ પણ સ્થળ પર દોડી ગઈ હતી.

જોકે સિવિલમાં ફરજ પરના ડોક્ટરે ટૂંકી સારવાર બાદ કરણજીને મૃત જાહેર કર્યો હતો. આ અકસ્માત સમયે મૃતકના પિતરાઈ ભાઈ દલપતજી રામાજી ઠાકોર એક લગ્ન પ્રસંગમાં હતા. જેમને ફોન દ્વારા જાણ થતા તેઓ તાત્કાલિક ઘટનાસ્થળે અને ત્યારબાદ હોસ્પિટલ પહોંચ્યા હતા.આ અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# પરિણીત મહિલા અને પ્રેમીએ આંબાના ઝાડે ગળાફાંસો ખાધો : પોલીસ તપાસનો ધમધમાટ; ગાંધીનગરમાં પ્રેમ પ્રકરણનો કરુણ અંત

**ગાંધીનગર, તા.01**

ગાંધીનગરના સીમાડે આવેલા ચિલોડા ગામમાં આજે વહેલી સવારે પ્રેમી પંખીડા એકસાથે ગળાફાંસો ખાધેલી હાલતમાં મળી આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. ચિલોડા ગામના સરકારી બોર કુવા પાસે આવેલા આંબાના ઝાડે સાડી વડે ગળેફાંસો ખાઈ પ્રેમી પંખીડાએ આત્મહત્યા કરી લેતા ચિલોડા પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી જઈ તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. પ્રાપ્ત વિગતો મુજબ, ચિલોડા ગામમાં રહેતા પુરુષ અને મહિલા વચ્ચે છેલ્લા કેટલાક સમયથી ગાઢ પ્રેમ સંબંધો હતા. પરિણીત મહિલાનું તેમના પતિ છૂટક મજૂરી કામ કરીને પરિવારનું ભરણપોષણ કરે છે. આ દંપતીની એક દીકરીના લગ્ન પણ થઈ ચૂક્યા છે. બીજી તરફ પુરુષના અગાઉ છૂટાછેડા થઈ ગયા હોવાનું જાણવા મળ્યું છે.



**આંબાના ઝાડે પ્રેમી પંખીડાએ ગળાફાંસો ખાધેલી હાલતમાં**

આજે સવારે જ્યારે ગ્રામજનો ખેતરો તરફ જઈ રહ્યા હતા, ત્યારે સરકારી બોર પાસેના આંબાના ઝાડે બે લાશ લટકતી જોતા જ ગામમાં ફફડાટ વ્યાપી ગયો હતો. સ્થાનિકોએ તાત્કાલિક આ અંગે પોલીસને જાણ કરતા ચિલોડા પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી છે. પોલીસે જોયું તો બંનેના મૃતદેહ એક જ ઝાડ પર લટકી રહ્યા હતા. પ્રાથમિક તપાસમાં આ પ્રેમ પ્રકરણના કારણે લેવાયેલું અંતિમ પગલું હોવાનું સામે આવ્યું છે. પોલીસે FSL અને મામલતદારને સ્થળ પર બોલાવી તપાસનો ધમધમાટ તેજ કર્યો છે.

**'સાથે ન રહી શકવાની મજબૂરીમાં બંનેએ આ પગલું ભર્યું હોઈ શકે'**

ચિલોડા પોલીસ મથકના સૂત્રોએ જણાવ્યું હતું કે, પ્રાથમિક દ્રષ્ટિએ આ પ્રેમ પ્રકરણના કારણે લેવાયેલું અંતિમ પગલું જણાય છે. અમે બંને પરિવારોના સભ્યોની પૂછપરછ કરી રહ્યા છીએ. FSLના રિપોર્ટ બાદ મૃત્યુનું ચોક્કસ કારણ અને સમય જાણી શકાશે. મહિલા અને પુરુષ વચ્ચે પ્રેમ સંબંધ હોવાનું સામે આવ્યું છે. કદાચ સામાજિક બદનામીના ડરે અથવા તો સાથે ન રહી શકવાની મજબૂરીમાં બંનેએ આ પગલું ભર્યું હોઈ શકે છે. આ મામલે મૃતકોના પરિવારજનો અને ગ્રામજનોના નિવેદનો નોંધવાની કાર્યવાહી ચાલુ છે. હાલ તો પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી ઘટના પાછળના અન્ય પાસાઓની તપાસ હાથ ધરી છે.

**ઝઘડિયામાં પરિણીત પ્રેમીપંખીડાએ ઝેરી દવા પી જીવન ટૂંકાવ્યું**

14 એપ્રિલ 2026ના ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકામાં પ્રેમ સંબંધના કારણે એક હૃદયદ્રાવક ઘટના સામે આવી હતી. પરિણીત પ્રેમી યુગલે ઝેરી દવા પી આત્મહત્યા કરી લેતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ હતી. મૃતક યુવક અને યુવતી બંને પરિણીત હતા અને બંનેને 2-2 સંતાનો હોવાનું જાણવા મળ્યું છે.

# અકસ્માત સમયે મદદ કરનારને તાત્કાલિક મુક્ત કરાશે : વિદ્યાર્થીઓને ફર્સ્ટ-એઈડ ને CPRની ટ્રેનિંગ અપાશે, રોડ એક્સિડન્ટમાં મૃત્યુદર ઘટાડવા નવી ગાઈડલાઈન



**અમદાવાદ, તા.01**

ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટી દ્વારા રાજ્યમાં માર્ગ અકસ્માત બાદ ઈજાગ્રસ્તોને સમયસર અને ગુણવત્તાયુક્ત સારવાર મળી રહે તે હેતુથી નવી ગાઈડલાઈન જાહેર કરવામાં આવી છે. આ નવી ગાઈડલાઈનનો મુખ્ય ઉદ્દેશ્ય પ્રત્યેક માર્ગને સુરક્ષિત બનાવી કિંમતી માનવ જીવન બચાવવાનો છે. માર્ગ અકસ્માત બાદના 'ગોલ્ડન અવર'માં અસરકારક કામગીરી કરી મૃત્યુનું પ્રમાણ ઘટાડવા માટે આરોગ્ય વિભાગને સર્વોચ્ચ અગ્રીમતા સાથે કામ કરવા સૂચના આપવામાં આવી છે.

આ સંદર્ભે ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટીના કમિશનર દ્વારા રાજ્યના તમામ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીઓ (CDHO) અને સિવિલ સર્જનને નેશનલ એમ્બ્યુલન્સ કોડ (AIS-125) નું કડક પાલન કરવા આદેશ આપવામાં આવ્યો છે.

**એમ્બ્યુલન્સનો સેન્ટ્રલાઈઝ્ડ ડેટાબેઝ તૈયાર કરાશે**

આ અંતર્ગત જિલ્લામાં કાર્યરત તમામ સરકારી (108 સહિત) અને ખાનગી એમ્બ્યુલન્સોમા National Ambulance Code મુજબની ડિઝાઈન, જરૂરી તબીબી સાધનો અને જીવનરક્ષક દવાઓ અને એમ્બ્યુલન્સના પેરામેડિકલ સ્ટાફ અને ડ્રાઈવર પાસે Basic Life Support (BLS) અથવા Advanced Life Support (ALS) ની યોગ્ય તાલીમ હોવી અનિવાર્ય કરવામાં આવી છે. આ માટે જિલ્લાની તમામ પ્રમાણિત એમ્બ્યુલન્સનો એક સેન્ટ્રલાઈઝ્ડ ડેટાબેઝ તૈયાર કરવામાં આવશે.

**મદદગારને તાત્કાલિક મુક્ત કરવાના રહેશે**

અકસ્માત સમયે મદદ કરનાર વ્યક્તિને કાયદાકીય ગૂંચવણોમાંથી બચાવવા માટે વિશેષ જોગવાઈઓ અમલી બનાવવામાં આવી છે. જેમાં મદદગારની સુરક્ષા માટે અકસ્માત પીડિતને લાવનાર વ્યક્તિ પાસે નાણાં કે અંગત વિગતોનો આગ્રહ રાખી શકાશે નહીં.

# રાજકોટ, અમદાવાદ, સુરત અને વડોદરાની હોસ્પિટલમાં 70થી વધુ બેડના સ્પેશિયલ વોર્ડ ઊભા કરાયા

## ગરમીથી આ રીતે બચો, હીટસ્ટ્રોકની અસર જણાય તો અહિંયા પહોંચજો

**અમદાવાદ, તા.01**

રાજ્યમાં તમામ હોસ્પિટલોમાં 'હીટ સ્ટ્રોક મેનેજમેન્ટ રૂમ' ઉભા કરવામાં આવ્યા છે.

ગુજરાતમાં વધતા જતા તાપમાન અને હીટવેવની ગંભીરતાને ધ્યાને લેતા આરોગ્ય તંત્ર સજ્જ બન્યું છે, જેના ભાગરૂપે રાજકોટ, અમદાવાદ, સુરત અને વડોદરાની સિવિલ હોસ્પિટલોમાં 70થી વધુ બેડના ખાસ હીટસ્ટ્રોક સ્પેશિયલ વોર્ડ કાર્યરત કરવામાં આવ્યા છે. ગરમીના કારણે લૂ લાગવા કે ડિહાઈડ્રેશન જેવી સમસ્યા થાય તો તાત્કાલિક સારવાર મળી રહે તે માટે આ વ્યવસ્થા ઊભી કરાઈ છે.

**48 કલાક સુધી અસહ્ય ગરમીનો પ્રકોપ યથાવત રહેશે**

રાજ્યમાં અસહ્ય ગરમીનો પ્રકોપ યથાવત જોવા મળી રહ્યો છે. છેલ્લા 24 કલાકમાં તાપમાનમાં કોઈપણ ફેરફાર જોવા મળ્યો નથી. જો કે આગામી 48 કલાક સુધી પણ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નહીં જોવા મળે. પરંતુ 48 કલાક બાદ પવનની દિશામાં ફેરફાર થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. જેથી પવનની દિશા બદલાતા તાપમાનમાં 2થી 3 ડિગ્રીનો ઘટાડો થઈ શકે છે. મે મહિનામાં ગરમી સામાન્ય કરતાં વધુ રહેવાની પણ શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.



**અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં 25થી વધુ બેડ સાથે સ્પેશિયલ વોર્ડ**

અમદાવાદ શહેરમાં બપોરના સમયે કર્ફ્યુ જેવી શાંતિ જોવા મળી રહી છે. રાજ્યભરમાં તીવ્ર ગરમીને કારણે જનજીવન પર અસર જોવા મળી રહી છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને રાજ્યના આરોગ્ય વિભાગે એડવાઈઝરી જાહેર કરી છે અને તમામ હોસ્પિટલોમાં 'હીટ સ્ટ્રોક મેનેજમેન્ટ રૂમ' ઉભા કરવામાં આવ્યા છે. હીટસ્ટ્રોકના કેસો પર સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. તબીબોની ટીમને સજ્જ રાખવામાં આવી છે જેથી તાત્કાલિક સારવાર મળી શકે. અમદાવાદની અસારવા સિવિલ હોસ્પિટલ ખાતે હિટ સ્ટ્રોકને ધ્યાનમાં રાખી ખાસ વોર્ડ તૈયાર કરવામાં આવ્યો છે. 25થી વધુ બેડ સાથે સ્પેશિયલ વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. જેમાં 15થી વધુ નર્સિંગ સ્ટાફ અને તબીબોને જવાબદારી સોંપવામાં આવી છે. હિટ સ્ટ્રોકના કેસ આવે તો દર્દીને તુરંત સારવાર મળશે. જરૂરી દવાઓ અને સાધનોની સંપૂર્ણ વ્યવસ્થા કરવામાં આવી છે. 24 કલાક મોનિટરિંગ માટે ટીમ સજ્જ છે.જરૂરી દવાઓ અને ઈક્વિપમેન્ટ તૈયાર રાખવામાં આવ્યા છે.

**વડોદરામાં 20 બેડની સુવિધા સાથેનો વોર્ડ તૈયાર**

ઉનાળાની શરૂઆત સાથે જ રાજ્યભરમાં ગરમીનો પારો સતત વધી રહ્યો છે. આ અસહ્ય ગરમીને કારણે હીટસ્ટ્રોકના કેસો વધવાની સંભાવનાને ધ્યાનમાં રાખીને આરોગ્ય વિભાગ દ્વારા આગોતરું આયોજન કરવામાં આવ્યું છે. સયાજી હોસ્પિટલના RMO ડો હિતેન્દ્ર ચૌહાણે જણાવ્યું હતું કે, ઉનાળાની ઋતુમાં હિટ સ્ટ્રોકની સંભાવનાઓ રહેતી હોય છે. ગરમીના કારણે દર્દીઓને ક્યારેક આવા બનાવો નો સામનો કરવો પડતો હોય છે. સરકારની સૂચના મુજબ, સરકારી હોસ્પિટલોમાં છેલ્લા 20 દિવસથી ખાસ હીટસ્ટ્રોક વોર્ડ શરૂ કરી દેવામાં આવ્યો છે. હાલમાં 20 બેડની સુવિધા સાથેનો આ વોર્ડ સંપૂર્ણપણે સજ્જ છે, જેમાં નિષ્ણાંત ડોક્ટરો, નર્સિંગ સ્ટાફ અને સર્વન્ટ સ્ટાફની નિમણૂક કરવામાં આવી છે. જો જરૂર પડશે તો બેડ અને સ્ટાફની સંખ્યામાં વધારો કરવાની પણ તૈયારી દર્શાવવામાં આવી છે.


**ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત**

**આપે છે તક...**

**બનો સોશિયલ જર્નાલિસ્ટ**

આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.

વોટ્સએપ નંબર - 8980070599



MAMTA SOLUTION

House Keeping નો કોન્ટ્રાક્ટ લેવામાં આવે છે,
House Keeping સપ્લાય કરીએ છીએ.



લેબર કોન્ટ્રાક્ટ કરીએ છીએ
લેબર જોતા હોય તો કોલ કરો
કોઈ પણ કંપનીને લેબરની જરૂરીયાત હોય તો કોલ કરો.

લેબર (લેડીઝ/જેન્ટસ) છોકરાઓને તમામ પ્રકારની સુવિધા આપવામાં આવે છે.

લેબરને તમામ પ્રકારની ફેસીલીટી આપવામાં આવે છે, જેવી કે મેડીકલ/ખાવા-પીવાનું/રહેવાનું આપવામાં આવે છે.

88 66 21 7393



જાનકી ટ્રેડર્સ

Finolex PIPES
NILKANTH STEEL



JK SUPER CEMENT BUILD SAFE
BUILD SAFE #YehPaccaHai

નેહલ મહેતા M :- 97261 06200 nehalmehta81.nm@gmail.com

સીમેન્ટ, ટીએમટી લોખંડ, એંગલ, પાઈપ્સ, પતરા વગેરે દરેક જાતનું બીલ્ડીંગ મટીરીયલ્સ અમારા ત્યા વ્યાજબી ભાવે મળશે... અવશ્ય મુલાકાત લો....

ગજા સિનેમા પાસે, પ્રતાપપુરા, ઉખરેલી રોડ, સંતરામપુર, જિલ્લા-મહિસાગર